# ગુજરાતી અછાંદસ કવિતા

(લયમુક્ત અને મુક્તલયની કવિતા)

સંપાદક

મણિલાલ હ. પટેલ

ગિરીશ દ. ચૌધરી

પાર્શ્વ પ્રકાશન

અમદાવાદ

**GUJARATI ACHHANDAS KAVITA**
(Blank verse and Free verse poems)
Edited : Manilal H. Patel / Dr. Girish D. Chaudhari

ISBN No. :

© સંપાદનના : સંપાદકોના
કવિતાના : કવિના

**પ્રથમ આવૃત્તિ :** ૨૦૨૪

**પ્રત :**

**મૂલ્ય :** રૂ.

**પ્રકાશક :**
**પાર્શ્વ પબ્લિકેશન્સ**
૧૦૧ : નંદન કોમ્પલેક્સ,
મીઠાખળી, રેલવે ફાટક સામે, અમદાવાદ - ૬

**આવરણ :** શ્રી કનુ પટેલ
લજ્જા કોમ્યુનિકેશન, વલ્લભવિદ્યાનગર

**રૂપસજ્જા :** મહેશ ચાવડા
દિયા અક્ષરાંકન, ચાવડા નિવાસ, વાસણા(બો), તા. બોરસદ, જિ. આણંદ
મો. ૯૧૦૬૬૩૫૩૩૭

**મુદ્રક :**

# અર્પણ

'એકત્ર ફાઉન્ડેશન'(U.S.A.)ના ધૂરાવાહકો –

આદરણીય સર્વશ્રી

સિતાંશુ યશશ્ચન્દ્ર : રાજેશ મશરૂવાળા

અતુલ રાવલ : અનંત રાઠોડ

–ને

સાદર

# ॥ નિવેદન ॥

ગુજરાતી અછાંદસ કવિતાનું આ સંપાદન અમે તૈયાર કરીને, ઓનલાઇન (ડિજિટલ) પ્રકાશન સારુ શ્રી અતુલ રાવલ અને એમની ટીમને, વિનંતી સાથે મોકલેલું. એમણે એ સ્વીકાર્યું અને ઓનલાઇન મૂક્યું એનો આનંદ છે. અમે ‘એકત્ર’-ના આભારી છીએ.

હવે આ પ્રકાશન પુસ્તક રૂપે પ્રગટ થઈ રહ્યું છે. સંચયના આરંભે, અછાંદસ કવિતા તથા એના બે તબક્કાઓ વિશે થોડીક પ્રાથમિક વાતો મૂકી છે. અહીં એથી વિશેષ કશું જ કહેવાનું નથી. પોતાનાં કાવ્યો પ્રગટ કરવા – (ડિજિટલ પ્રકાશન વખતે) – સહુ કવિઓએ (એમનાં સ્વજનોએ) સંમતિ આપેલી. અમે સહુ કવિઓનો આભાર માનીએ છીએ.

સંચયનું મુખપૃષ્ઠ સરસ રીતે તૈયાર કરી આપનાર ચિત્રકાર મિત્ર કનુ પટેલ (લજ્જા કોમ્યુનિકેશન)નો, રસપૂર્વક ગ્રાફિક્સ તથા લે-આઉટ કરી આપનાર યુવાન મિત્ર મહેશ ચાવડા (વાસણા, બોરસદ)નો અને સંચયનું પ્રકાશન ઉત્સાહપૂર્વક પાર પાડનાર પાર્શ્વ પબ્લિકેશનના શ્રી વિરલ બાબુલાલ વોરા(શાહ)નો આભાર માનીએ છીએ. ધન્યવાદ.

અષાઢી બીજ : રથયાત્રા — સંપાદકો

સંવત : ૨૦૮૦ — વલ્લભવિદ્યાનગર

# અછાંદસ કવિતા : (લયમુક્ત અને મુક્તલયની કવિતા) સ્વરૂપ ચર્ચા

નર્મદ-દલપતથી આપણી કવિતા સંસ્કૃત અક્ષરમેળ આદિ તથા માત્રામેળી છંદોમાં પ્રવેશે છે. છેક ૧૯૫૦ સુધી – ૧૯૬૦-૭૦ સુધી (અને છૂટકતૂટક આજલગી) એ છંદોના અને છંદોમાં પ્રયોગો થતા રહ્યા છે. એનાં ઉત્તમ પરિણામો ય સામે છે... ને કવિતાના માધ્યમ તરીકે એની સમસ્યાઓ પણ જાણીતી છે.

કવિતાની વ્યાખ્યામાં છંદને અનિવાર્ય ગણ્યો નથી, પણ એની ઉપકારકતા અજાણી નથી. છંદને માત્ર સ્થૂળ અર્થમાં ઘટાવવાને બદલે એ રચનાપ્રક્રિયાને નિયંત્રિત કરે છે? કાવ્યબંધને બાંધવામાં-આકારિત કરવામાં ઉપકારક છે? ભાવાલેખનને મોકળાશ આપે છે કે અવરોધે છે? ભાવાલેખન-ઊર્મિનિરૂપણ એનાથી સઘન, સૂક્ષ્મ બને છે? મુખરતા ઘટાડવામાં ને ભાવને ઘૂંટવામાં એ ઉપકારક છે? – આવી સૂક્ષ્મતાથી છંદનો વિચાર કરીને કાવ્યત્વમાં એની અનિવાર્યતાને પ્રમાણી શકાય. કાવ્યના સૌંદર્ય રૂપને નિખારવામાં છંદોલયની મદદને હું નકારવાના મતનો નથી. અલબત્ત, કોઈ બીજી જુક્તિથી પણ સૌંદર્ય નિર્માણ કરે – જેમકે પરંપરિત લય, અછાંદસ અને ગદ્યકાવ્યોમાં થાય છે.

છંદ-લય-પ્રાસાનુપ્રાસ-શબ્દાલંકારો ભલે બાહ્ય ઉપકરણો લાગે, પણ કવિતામાં એમની ઉપસ્થિતિથી ભાવાર્થ અને સૌંદર્યરૂપને ફાયદો થાય છે – જો પ્રતિભાશાળી કવિ એવી રીતે એને પ્રયોજે તો : દા.ત., કાન્ત વગેરે.

‘રેટરિક’ – વાગ્મિતાનો પક્ષ લેનારા છે તેમ તેનો વિરોધ કરનારા ય છે. નોર્થ્રોપ ફ્રાયે અલંકૃત વાણી, પ્રભાવક તથા આર્જવભરી વાણીનો સજાવટ અને સમજાવટના દૃષ્ટિકોણથી વિચાર કરેલો. વર્ડ્ઝવર્થ સ્વાભાવિક-સહજ હોય તે કાવ્યપદાવલિનો પક્ષ લે છે તો કોલરિજ સાધારણ ભાષાથી કાવ્યભાષાને ભિન્ન ગણાવે છે. કૃત્રિમ ભાષા જૂઠી એમ વર્ડ્ઝવર્થ કહે છે. જોકે સાહિત્ય/કળા માત્ર ગોઠવણ છે. પણ એ સહજ લાગે એમ થવું ઘટે. કોલરિજ ચિત્તની પ્રકૃતિ પ્રમાણે પદાવલિ યોજવાની છૂટ આપે છે. ન્હાનાલાલના અપદ્યાગદ્યને આવા પરિપ્રેક્ષ્યમાં જોવું ઘટે છે.

સંસ્કૃતમાં નિરૂપ્ય ભાવ અને કવિની પ્રકૃતિ પ્રમાણે સુકુમાર/વિચિત્રાદિ

માર્ગોની ચર્ચા છે. આ બધાનો સંદર્ભ છંદ-લય-ભાષા-વાગ્મિતા સાથે છે. કાવ્યમાં આ બધાં તત્ત્વો ઔચિત્યપૂર્વકનો મહિમા ધરાવે છે એટલું કહેવું બસ થશે.

ગુજરાતી કવિતામાં છંદોના અને છંદમુક્તિના, નવા અનુકૂળ છંદોની શોધના પ્રયોગો-પ્રયાસો સતત ચાલતા રહ્યા છે. નર્મદને પણ મહાકાવ્યાનુરૂપ છંદની જરૂર પડેલી. સંસ્કૃત વૃત્તો એ માટે અર્વાચીન કવિઓને દરેક યુગમાં વધારે ચુસ્ત કે બંધનરૂપ લાગ્યા છે. ખાસ તો વિષયવસ્તુ – એની પ્રકૃતિ, ચિંતન-દર્શન, ભાવોર્મિઓ-છટાઓ, ગહન-રહસ્યો કે ચિત્તક્ષોભ, ઘટનાઓની ગલીકૂચીઓ કે પ્રસંગોની ગતિ... કૈં કેટલુંય આલેખન મહાકાવ્ય, દીર્ઘકાવ્ય કે અન્ય કાવ્યમાં કવિને આણવું હોય છે. સંસ્કૃત છંદોમાં એની તાવણી થવા દઈને ય એ મથે છે. પણ ઉક્ત વિગતો રજૂ કરવા છંદો હંમેશાં મોકળાશ નથી આપતા.

છંદોનો પક્ષ લઈને હંમેશાં એવું નહીં કહી શકાય કે કવિશક્તિ જ ઊણી ઊતરે છે. આપણે છંદોની પ્રકૃતિને જાણીએ તો તરત ખ્યાલ આવશે કે એ જેમ ભાવોની અભિવ્યક્તિને ઉપકારક છે એમ અક્ષરગણના-માત્રા-તાલ ઇત્યાદિ સાચવવાના આગ્રહોમાં અવરોધક પણ બને છે. કવિએ છંદ સાચવવા શબ્દ – ઉત્તમ શબ્દ, ભાવાર્થ માટે યોગ્ય શબ્દ જવા દેવો પડે એવું બને, તો નબળો શબ્દ પ્રયોજવો પડે – એવું કાન્ત માટે ય બન્યું છે. (દા.ત., 'ધોળાં' અનેક ગમથી ઝરણાં દડે છે... વગેરે..)

કવિતામાં છંદોલયનું કાર્ય બતાવવા આપણે (બ.ક.ઠા.)/સુ.જો.ની જેમ) ઘણાં ઉદાહરણો લઈ શકીએ. વર્ણ, શબ્દ, યતિ સ્થાન, ખંડ વગેરે દ્વારા, એવા સ્વરભાર કે કાકૂ દ્વારા અર્થને થતો લાભ કે ભાવની ઉપસતી છટાઓ કે સ્પર્શ્ય અનુભૂતિ દર્શાવી શકીએ. એ દરેકમાં માત્ર છંદની જ કે માત્ર લયની જ કરામત નથી હોતી ત્યાં સૌ ઘટકોનો કવિપ્રતિભાએ સહજ રીતે સાધેલો યોગ પણ મહત્ત્વનો છે. (દા.ત., 'નજર ભરીને' – કરીને નહીં, 'ઊપાડેલા ડગ ઉપર' – પગ ઉપર નહીં... વગેરે.)

છંદ મુક્તિના ધ્યાનપાત્ર પ્રયોગો પંડિતયુગમાં વધારે થયા છે. સંસ્કૃત છંદોને ખંડ કે અભ્યસ્ત (શ્લોકો તોડો/ચરણ તોડો) કરવાના પ્રયોગો તો ઠીક છે પણ ન્હાનાલાલની ડોલનશૈલીનો પ્રયોગ અને બ. ક. ઠાકોરની અગેયતાની – પ્રવાહિતા – અર્થાનુસારી યતિની વિગતો મહત્ત્વ ધરાવે છે. સ્વરયોજના-કાલમાન-તાલ-યતિ ગેયતા માટે જરૂરી છે. એમાં તોડફોડ

કરવાથી અગેયતા આવે છે. ગેયતા માટે નિયત સૂરો ને નિયત ગોઠવણી પૂરતાં છે. બ. ક. ઠાકોરને વિચારઘન કવિતામાં આ બંધનરૂપ લાગતાં એમણે પ્રમાણમાં અગેય એવા (પ્રવાહી રૂપ કરીને) પૃથ્વીનો પ્રયોગ કરેલો.

બળવંતરાયના આવા પ્રયત્નોને લીધે આપણે કવિતાનો 'પાઠ' કરતા થયા. એમાં અંગ્રેજી કવિતાની રજૂઆતનો પણ પ્રભાવ છે. પછી તો કવિતા ગાવા/રાગડા તાણવા માટે નથી પણ ભાવાનુસારી-અર્થાનુસારી પઠન સારુ છે એમ માનતા થયા. (અછાંદસમાં આ વધુ પ્રભાવક લાગે છે.) (ગેયતા અને પાઠ્યતાના ભેદ માટે 'ભાવન-વિભાવન', ડૉ. ભાયાણી, પૃ. ૧૭૭ જોશો.)

છંદમુક્તિના પ્રયોગો તરફ આપણને અંગ્રેજી કવિતાએ, એનાં 'બ્લૅંકવર્સ' (છંદોલયરહિત) કાવ્યો-નાટકોએ વાળ્યા, એ પણ હકીકત છે. ન્હાનાલાલની રંગદર્શી પ્રતિભા તથા નિતાંત ભાવનાદર્શશિલતાને છંદો સાંકડા પડ્યા – બંધન ભાસ્યા... એમણે અનિયમિત લયના ડોલનવાળી શૈલી પ્રયોજી. એ ગદ્યની વધુ નજીક છે – પણ ચુસ્ત ગદ્ય નથી. એમાં છંદો નથી, એની પરંપરિત લઢણો ય નથી, એમાં છૂટકતૂટક આરોહ-અવરોહ હોવા છતાં એમાં તારવી શકાય એવો નિયમિત આવર્તનનો લય નથી – માટે એ 'પદ્ય' નથી. આમ અપદ્ય-અગદ્ય એટલે અપદ્યાગદ્ય = ડોલનશૈલી! ભાવાવેગ, ભાવના પ્રધાનતા અને વાગ્મિતાના પ્રાગટ્ય માટે આ શૈલી વધુ માફક આવી. પદ્ય અને ગદ્યની વચ્ચે અનેક કોટિઓ છે – ગદ્યની, એમાંની એક તે ડોલનશૈલી. એને કાવ્યવસ્તુને ઉપકારકતાની ભૂમિકાએ જ મૂલવી શકાય. બાકી એનો ઘણો ભાગ ગદ્યની નજીક છે... (જયંત પાઠકના મતને આધારે) મહત્ત્વનું એ છે કે ન્હાનાલાલની એ છંદશોધ છંદમુક્તિની દિશામાં ભરાયેલું મૂલ્યવાન પગલું બની રહે છે.

બ. ક. ઠાકોર અને ન્હાનાલાલના સમયમાં જે થયું તે દબાવો વચ્ચે, કૈંક ટીકાઓને ભયે અરધું-પરધું બીતાંબીતાં થયાનું નોંધાયું છે.

છંદમુક્તિના કે શિથિલ છંદના આ પ્રયોગો નવી પેઢીઓને માર્ગ સૂઝાડે છે.

(૧) શ્લોક/ચરણ તોડવાં, અગેયતા આણવી, – ના પ્રયોગોએ આપણને પરંપરિત છંદો તરફ વાળ્યા... ને પરંપરિત છંદોએ આપણને આધુનિક મિજાજ છટાઓ ઝીલવા તરફ પ્રેર્યા... ને એમાંથી અછાંદસ તરફ સરવાનું સરળ બન્યું એમ મને લાગે છે.

(૨) ન્હાનાલાલની છંદમુક્તિની દિશા નવા કવિઓને (છેક ૧૯૫૫માં) અછાંદસ માટે પ્રેરક બની એવું જોખમી વિધાન હું નહીં કરું પણ, કવિઓના મનોનેપથ્યમાં 'અપદ્યાગદ્ય'નો પ્રયોગ પડેલો હતો – એ દિશામાં જવાનું સાહસ એને એટલું નવું નહીં લાગ્યું હોય તો એ ન્હાનાલાલને લીધે.

(૩) ઠાકોર-ન્હાનાલાલ અને એમના અનુગામીઓના છંદમુક્તિના, અગેયતાને, પરંપરિત છંદોને અનુસરવાના, નવાં-ઓછીવધતી માત્રાનાં લયાવર્તનો (ચતુષ્કલ-પંચકલ-ષટ્કલ...વગેરે)થી કાવ્ય કરવાના પ્રયોગો આપણને આધુનિક ભાવસંવેદનને અનુરૂપ અછાંદસની દિશામાં પ્રેરનારાં મહત્ત્વનાં પરિબળો છે.

(૪) ૧૯૪૦ પછી અંગ્રેજી તથા અન્ય ભાષાના કાવ્યાનુવાદો ગુજરાતીમાં થવા માંડેલા. અનુવાદો સમશ્લોકી ન હતા. બલકે એ માટે ગદ્યનો, વિશિષ્ટ લઢણોવાળા ગદ્યનો, સર્જનાત્મકતા ઝીલી શકે એવા ગદ્યનો પ્રયોગ થયો. આનાથી અછાંદસના ઉદ્ભવની દિશા મોકળી થઈ ગઈ હતી.

(૫) સંસ્કૃત ભાષાને અક્ષરમેળ છંદોની ચુસ્તી નડતી નથી – કેમકે એની રૂપરચના વિશિષ્ટ ભાષા છે. આપણું વિભક્તિ પ્રત્યયો ને વાક્યનું અલગ તંત્ર મળેલું છે. વળી સંસ્કૃત તત્સમ શબ્દપ્રધાન ભાષા છે – છંદોલય સાચવવાનું એને સરળ છે. જોકે સંસ્કૃતવૃત્તોનાં નિયંત્રણો એટલાં દૃઢ હતાં કે એમણે કવિઓ માટે 'અમરકોશ' જેવો પર્યાયકોશ કરવો પડ્યો... આ સગવડે કવિ યાંત્રિક રીતે છંદ અનુરૂપ શબ્દ પસંદગી કરવા લાગ્યો – આથી કૃતકતા આવી. વળી એમાં કસબ, કરામત દેખાવા લાગેલાં.. જાણે તૈયાર છંદોલય માટે તૈયાર શબ્દોનો માલ!

(૬) છંદ અને કાવ્યભાષા-નો મેળ બેસાડવા જતાં આપણને લાગ્યું કે નિયત માત્રા કે વર્ણ (લઘુગુરુ)વાળા શબ્દોની પસંદગી કરવી અનિવાર્ય બને ત્યાં ઘણીવાર કવિએ ઉચિત શબ્દને જવા દેવો પડે છે... શબ્દગુચ્છોનું કાર્યક્ષેત્ર અને અર્થજગત પણ આથી મર્યાદિત લાગે છે. સંસ્કૃતવૃત્તોવાળી આપણી કેટલીય કાવ્યપદાવલિ કૃતક પણ લાગે છે. એની બદ્ધ ભાત પણ નવા રચનાકારને પજવે છે – વગેરે. આમ છંદો જાણે કે અઘરા લાગતાં મુક્તિનો પડકાર રચાતો આવે છે.

(૭) આઝાદી પછી આપણા જીવનમાં, જીવનવિચારમાં પરિવર્તનો તારસ્વરે સંભળાય છે. વિજ્ઞાન-ટેક્નોલોજી-યંત્રીકરણ-મૂલ્યહ્રાસ ઇત્યાદિએ આધુનિકતાવાદી વિચારધારા પ્રવર્તાવી. આપણો સર્જક એનાથી અળગો નથી રહ્યો. છિન્નભિન્ન જીવન માટે નિશ્ચિત આકાર જાણે અસામાન્ય બને છે. એટલે છિન્ન જીવન માટે છિન્ન છંદ-વાળો ઘાટ રચાયો. વિષાદ, હતાશા, શૂન્યતા, એકલતા, એકવિધતા, વિડંબના, ઉપહાસ, બર્બરતા, આદિમતા, અરાજકતા, વિ-રૂપતા, અ-માનુષતા ઇત્યાદિ ભાવો-સ્થિતિઓ માટે છંદો કે પરંપરિત લયોનાં ચોકઠાં સાવ જ અપ્રસ્તુત બની જાય છે ને એ ભાવોની આક્રમકતા જાતે જ પોતાને અનુરૂપ એવા અછાંદસનો આધાર લઈને પ્રગટી ઊઠે છે.

**અછાંદસની કેટલીક લાક્ષણિકતાઓ :**

* 'અછાંદસ' એટલે છંદોહીન, છંદો વગરનું, નિશ્છંદ. રૂઢ થયેલી સંજ્ઞા 'અછાંદસ'. 'છાંદસ' એટલે 'પદ્યબદ્ધ' અને 'અછાંદસ' એટલે 'ગદ્યબદ્ધ' – એવાં સમીકરણો બંધાયાં છે. છાંદસ એટલે પદ્યબદ્ધ તો સાચું પણ 'અછાંદસ' એટલે 'ગદ્યબદ્ધ' એવું નહીં કહેવાય.

* સર્જનાત્મક ગદ્યની પણ અનેક કોટિઓ છે – જેમકે નવલિકાનું ગદ્ય ('ચામડીને બાળીને ચામડું કરે એવો તાપ હતો.') નવલકથાનું ગદ્ય (ભળેલા જીવ + છિન્નપત્ર) નાટક કે લલિત નિબંધનું ગદ્ય. સર્જનાત્મક ગદ્યમાં સંઘટના, સંગતિ, સાતત્યપૂર્વકતા, શૃંખલાબદ્ધતા હોવાથી એ બોલાતી ભાષાથી-વાણીથી જુદું પડે છે. 'અછાંદસ'નું ભાષારૂપ પણ એની વિશેષતાઓને લઈને કથાસાહિત્યના કે સર્જક નિબંધના ગદ્યથી જુદું છે. અરે, 'ગદ્યકાવ્ય'થી પણ એ નોખું છે.

* જેમ દરેક 'પદ્ય' કાવ્ય નથી એમ દરેક ગદ્ય કોટિનું લેખન પણ કાવ્ય નથી. કાવ્યત્વને એની જે જે શરતો છે તે બધી જ અછાંદસને પણ લાગુ પડે છે. વિલક્ષણ કથન, વ્યંજનાપૂર્ણતા કે લાક્ષણિક વર્ણન, સંકેત, વક્રોક્તિ, રમ્યતા – રસાર્દ્રતા વગેરે.

* 'અછાંદસ'માં ઘણીવાર વ્યાકરણચુસ્ત વાક્યરચનાઓ મળે પણ ખરી, છતાં એ 'ગદ્યકાવ્ય'થી જુદું છે – કેમકે એ વાક્યના રચનાતંત્રને વશવર્તતું નથી, એ એમાં મૂડ-મિજાજ-ભાવ-વિભાવ પ્રમાણે પરિવર્તનો આણી નવી ભાત રચે છે. (દા.ત., 'જેસલમેર' કાવ્યો) 'ગદ્યકાવ્ય'માં વ્યાકરણીય દૃષ્ટિએ વાક્યો સંપૂર્ણ હોય – એમાં કાવ્યત્ત્વ – એની

શરતોમાંથી પ્રગટે – એ સમાન મુદ્દો છે... મણિલાલ દેસાઈનું 'અમદાવાદ' ગદ્યકાવ્યનો નમૂનો છે.

* 'અછાંદસ'ને એના પોતીકા લય-મરોડ હોય છે. (આ 'લય'નું તત્ત્વ અનેક રૂપે-કોટિએ ગદ્ય-પદ્ય-વાણી બધાંમાં છે. અરે ચિત્ર-સંગીત-સ્થાપત્યમાં પણ – શિલ્પાદિમાં પણ 'લયાત્મકતા' કે 'લય' છટાઓની વાત આવે જ છે.)
* 'લય'-મરોડ ઉપરાંત ભાષારચનાગત કાકૂ/સ્વરભાર, આરોહ-અવરોહ, ઉદ્‌બોધન, સ્વગતોક્તિની લઢણો, કથન-નિરૂપણ-સંકેત કરતી ભાતઃ ઇત્યાદિ 'અછાંદસ'ને એની આગવી ઓળખ આપે છે. – આ બધું પ્રાસ-વર્ણપ્રાસ-વર્ણપ્રયોગોની ભાતથી લઈને વાક્યો/પંક્તિઓની યોજનાઓમાંથી કવિ પ્રગટાવે છે ને એમ કાવ્યસિદ્ધ કરે છે. દા.ત. રોમેન્ટિક કવિનું દુઃસ્વપ્ન/ કવિનું વસિયતનામું (સુ.જો.) કે પ્રિયકાન્ત મણિયારનું 'એ લોકો' કાવ્ય જુઓ.
* 'અછાંદસ' લઘુકાવ્ય-ઊર્મિકાવ્યથી માંડીને સુદીર્ઘ કાવ્યો સુધી ભાવાર્થ-નિરૂપણ માટે ગુંજાશ ધરાવે છે. એમાં ક્યારેક બોલચાલની ભાષા લય-લહેકા-મરોડો આવે છે; તો ક્યારેક વળી પરંપરિત લયના ટુકડા પણ આવી જાય છે. આપણાં દીર્ઘકાવ્યો (૧૯૫૦ પછીનાં) આને લીધે શુદ્ધ 'અછાંદસ' નથી પણ મુક્તલયનાં કાવ્યો કહેવાયાં છે.
* વિસંગત, આધુનિક, છિન્ન જીવનની લાગણીઓ કે ભાવો માટે 'અછાંદસ'નો પ્રયોગ આપણે ત્યાં સફળ રીતે થયો છે. લોકબોલીમાં 'અછાંદસ' રચનાઓ કરવાના પ્રયોગો સુધી આપણો કવિ ગયો છે. આમ ક્યાંક અનિયમિત લયાભાસી ટુકડાઓથી લઈને અર્થયુક્ત ગદ્ય સુધીની સીમાઓ વચ્ચે અછાંદસ રહ્યું છે.
* છંદમાં જે શબ્દચયનમાં અવરોધો હતા, તે અછાંદસમાં નથી, એનાથી વધુ પડતી સ્વૈરતા આવી જવાનો ભય પણ છે. અહીં કાવ્યકેન્દ્રી ભાવસંવેદનને ઉપકારક હોય એટલું જ આગળ વધી શકાય. કોઈ એ કેન્દ્ર છોડી દે તો અરાજકતા આવે – જોકે આ મુદ્દો કોઈ પણ સર્જક કૃતિ માટે કહી શકાય એવો છે.

[આપણા અનેક વિદ્વાનોનાં મંતવ્યોનો અભ્યાસ કરીને લેખ તૈયાર કર્યો છે... એ સૌનો આભાર. સંપા૦]

## ગુજરાતી અછાંદસ (લયમુક્ત અને મુક્તલયની) કવિતા : વિકાસરેખા

* અહીં અછાંદસ કવિતાનું કોઈ અંતિમ મૂલ્યાંકન આપવાનો આશય નથી. અહીં આપણાં નવાં સવાં અધ્યાપકભાઈબેનોને ધ્યાનમાં રાખીને – વર્ગમાં અછાંદસ શીખવવા જનારે ઓછામાં ઓછું શું જાણવું ને વર્ગમાં શું શું કહેવું અનિવાર્ય ગણાય તેની – વાતો કરવા ધાર્યું છે.
* માનવનો એ સ્વભાવ રહ્યો છે કે એ જે ઘડીએ 'બંધન' – 'નિયમન' સ્વીકારે છે એ જ ઘડીથી એ નિયમનને હળવું કરવા કે બંધનમુક્ત થવા ચાહે છે. આ માનવચિત્તનું સૂક્ષ્મ વલણ કળાઓમાં પ્રયોગશીલતાને આણે છે.

અર્વાચીન કાળને આરંભે ગુજરાતી કવિતાએ છંદો-સંસ્કૃત છંદો તથા માત્રામેળ વૃત્તોનો સ્વીકાર કરેલો... એની સાથે સાથે જ મોકળાશવાળી અભિવ્યક્તિ માટે વધુ સરળ/સહજ છંદ-લય-વૃત્તની શોધ પણ શરૂ થયેલી. નર્મદ-ન્હાનાલાલ-બ.ક.ઠા.માં એવા વલણો છે ને અન્યોએ પણ છંદોમાં પ્રયોગો કર્યા છે... એ ઇતિહાસ અહીં ચર્ચાનો વિષય નથી.

* પણ છંદોથી છૂટવાના કે એની સીમામાં રહીને મુક્ત અભિવ્યક્તિના પ્રયોગો કરવાનાં વલણો ખાસ્સાં રહ્યાં છે. અછાંદસને પ્રેરનારાં બળો તારવી શકાય.

  ૧. અન્ય (દેશી-વિદેશી) ભાષાના કાવ્યાનુવાદો (૧૯૪૦ પછી વધુ) છંદમુક્ત રીતે થાય છે.

  ૨. અંગ્રેજી ફ્રીવર્સ કવિતા (નાટકો પણ – બ્લૅંકવર્સવાળાં)નો પ્રભાવ

  ૩. પરંપરિત છંદોલયના પ્રયોગોએ પણ અછાંદસની દિશામાં ભૂમિકા બાંધી. (દા.ત., ઉ.જો. 'છિન્નભિન્ન છું'/ 'શોધ'-માં પરંપરિત લય સાથે અછાંદસના ટુકડાઓ છે.)

* ૧૯૪૦–૪૫ પછીની નિરંજન/પ્રિયકાન્તની પરંપરિત લયની રચનાઓ વિદ્યાર્થીઓ સામે વર્ગમાં વાંચવી જોઈએ. એમાં પંક્તિ રચના – બાહ્ય સાદશની રીતે – છંદોબદ્ધ રચનાથી જુદી છે – પરંપરા તૂટે છે... દા.ત., નક્કી અહીં આ હું રહું છું?/ કો' શબ્દના અક્ષર સમા અથવા નિરંજનનાં પાત્રોનો પરંપરિત લય... વગેરે.)

૪. આધુનિક યંત્રચેતનાના પ્રસાર સાથે જીવનચેતના ય મરોડાય છે. બદ્ધ

ઘરેડો તરડાય છે. છિન્ન જીવનસંવેદના માટે છિન્નલયની કવિતા. નૂતન સંવેદનાની અભિવ્યક્તિ માટે અછાંદસની નવી ભાત – જેમાં રચનાભાતો (આરોહ-અવરોહ, ઉદ્‌બોધન, કથન... વગેરે.) પણ ઘણી પ્રગટે છે. દા.ત., કવિનું વસિયનામું.../ જેસલમેર/ તથા અન્ય.

* ગુજરાતી કવિતામાં અછાંદસ આધુનિક સંવેદનાનું વાહક બને છે. જાણે કે આધુનિકતા પ્રગટવા માટે અછાંદસને પોતાનું માધ્યમ બનાવે છે.
* અછાંદસ કવિતાના તબક્કામાં કવિતારચનામાં જે પરિવર્તનો આવ્યાં તે સંવેદનલક્ષી, સંરચનાલક્ષી તથા ભાષાલક્ષી રહ્યાં છે. આમ, અછાંદસમાં કવિતાની સમગ્ર ઈબારત (આંતર્‌બહિર)માં પરિવર્તનો આવ્યાં છે.
* કવિતાને, વાક્યોની જેમ સીધા પદવિન્યાસથી વાંચીને અર્થો પામી લેવાતા હતા; અછાંદસ એવા વાક્યવિન્યાસોને ફગાવી દે છે ને તદ્દન અપરિચિત, તથા ભાષાની શક્તિને તાગતા, નૂતન ભાષા રચી આપતા નવા જ પદવિન્યાસો યોજે છે. દા.ત.,

૧. ‘ભાંગેલા રોટલા જેવા કિલ્લા પર/ કાચા મૂળાના સ્વાદ જેવો તડકો’

– શેખ.

૨. એને જાણે કે ખાસ/ લીલું ભાવે છે ઘાસ. ઘાસ તો મળે ક્યાંથી?/ તેથી આ શહેર/ ખાતું નથી. આ શહેર પીતું નથી/ આ શહેર પવનોની પાળે. આ શહેર મરણોની ડાળે/ મરી ગયેલા સસલાવાળો ચાંદો ઊગ્યો છે એના ચોકમાં જી લોલ/ તેથી ગંધ તો મારે જ ને મારા ભાઈયું!/

(ઑ. પૃ. ૯૦) – સિતાંશુ

૩. ‘અવાજને ખોદી શકાતો નથી’/ ‘ને ઊંચકી શકાતું નથી મૌન’

– લા. ઠા.

૪. થિયેટરોની નિયોન લાઇટનો કામુક ઘોંઘાટ
ગંદી અફવાની જેમ પ્રસરતો પવન
વારાંગનાના મેલા દર્પણ જેવી નદી
જાહેરખબરના પોસ્ટર જેવું ચોંટાડેલું આકાશ
સાત લંગડા ઘોડાને શોધતો સૂરજ
ભૂવાની ડાકલીના ફિક્કા પડઘા જેવો ચન્દ્ર

– સુ. જો.

* સામગ્રીને, બહુધા રોજની વ્યવહાર ભાષામાં – હૉરીઝેન્ટલ – સમાન્તર ભાષામાં મૂકી સીધાં અર્થઘટનો આપી દેતી પરંપરાગત કવિતાથી આધુનિક કવિતાની ભાષા જુદી પડીને (પાઝને ટાંકીને ઘણાંએ – The poem is the langauge standing errect – કહ્યું છે તેમ) vertical બને છે.
* નિશ્ચિત અર્થ આપતાં પ્રતીકો-પ્રતિરૂપો ત્યજીને અર્થઘટનોના એકાધિક વિકલ્પોમાં તરત નહીં પકડાતી અછાંદસ કવિતા; ડૉ. ટોપીવાળા નોંધે છે તેમ ભાવવિકાસ/ તર્કવિકાસની અનુક્રમિકતાને અતિક્રમીને અનેક અર્થચ્છાયાઓ રેલાવતી કોઈ એક મિજાજ-મૂડને છતી કરે છે – ને કાલગત પરિમાણમાંથી સ્થલગત પરિમાણો રચવા તરફ ધસે છે. શેખ, સુ.જો. વગેરેમાં એનાં ભરપૂર ઉદાહરણો છે.
* કવિતાનાં પ્રતિરૂપોને કાર્યકારણની પરંપરાગત શૃંખલાથી છોડાવીને અછાંદસના કવિઓ એને અણધાર્યાં સાહચર્યો તરફ લઈ જાય છે – સિતાંશુ યશશ્ચન્દ્ર, પ્રબોધ પરીખ, મનહર મોદી, રાવજી વગેરેમાં ભાષામાં બધું સમાવી, ભાષાની અનેકવિધ નૂતન શક્યતાઓ તાગવાના પ્રયોગો વધારે બળવાન છે. વળી આ કવિઓ ફ્રોઇડના અચેતન મનને કવિતામાં વધુ મહત્ત્વ આપતા થાય છે.
* વિષય/ સંવેદના તથા અભિવ્યક્તિની રીતિને ધ્યાનમાં રાખીને અછાંદસનો ઇતિહાસ તપાસનારને એમાં ઓછામાંઓછા બે તબક્કાઓ તો દેખાશે. ૧૯૬૦ની આસપાસથી (શેખ એના પ્રથમ વૈતાલિક) આરંભાયેલો અછાંદસનો પ્રથમ તબક્કો વધારે પ્રયોગશીલતાનો છે. નખશિખ આધુનિક વલણો શેખમાં છે. આધુનિકતાવાદી અનેક કળા આંદોલનોનો પ્રભાવ ઝીલતી આ કવિતા દુર્બોધની આરાધક છે. શેખ/ પ્રબોધ/ લા.ઠા./ સિતાંશુ એના પ્રમુખ કવિઓ. મુક્ત દીર્ઘકવિતા – આ ગાળાનું મહત્ત્વનું અર્પણ છે. એની અલગ તપાસ કરવી પડે. બીજો તબક્કો ૧૯૭૫ પછી કમલ/ નીતિન/ જયદેવ/ હરીશ – પક્ષીતીર્થના 'ટોપીવાળા' વગેરેનો. જેમાં નિજી/ વ્યક્તિચેતનાની સંકુલ છતાં ગમ્ય અભિવ્યક્તિની રીતિ મળશે. યજ્ઞેશ વગેરેના સમકાલીનો પણ અહીં છે. આ બંને તબક્કાઓ દરમ્યાન આધુનિક સંવેદનાને ભાષાદૃષ્ટિએ 'સમાન્તર' રાખી વધુ સરળ રીતે અર્થ સંપ્રેષિત કરતા કવિઓ વિપિન પરીખ, સુરેશ દલાલ, જયંત પાઠક વગેરે મળે છે.

વિપિન પરીખ, જયંત પાઠક, શિવ પંડ્યા, હરીન્દ્ર દવે, પન્ના નાયક, જગદીશ જોષી, સુરેશ દલાલ, જયા મહેતા, મેઘનાદ, અનિરુદ્ધ – જેવા અનેકોનું અછાંદસ પરંપરાગત કવિતાની જેમ ઘણીવાર સીધું અર્થઘટન આપે છે... એમાં વિધાનાત્મકતા વધારે છે. વક્રતા/વ્યંજકતા જયંત પાઠક વગેરેમાં છે ખરી... પણ આ જાણે કે ત્રીજી રીતેભાતે લખાતું અછાંદસ લાગે છે.

પહેલા ને બીજા તબક્કામાં કેટલાક અછાંદસકારો બીજા તબક્કામાં પણ ભળતા દેખાશે. દા.ત., 'ઓડિસ્યૂસ.'ના સિતાંશુ અને 'સરસ્વતીને સિંહ પર ચઢ' કહેનાર સિતાંશુની કાવ્યરચનારીતિમાં બદલાવ આવેલો છે. 'કાન્ત તારી રાણી'ના ચન્દ્રકાન્ત ટોપીવાળા અને 'પક્ષીતીર્થ'ના ટોપીવાળા પણ પ્રથમ અને બીજા બંને તબક્કાઓમાં દેખાશે.

આ બંને તબક્કાઓમાં બે, ત્રણ કે તેથી વધુ જૂથો વડે (રચનાસંદર્ભે વિભાજિત કરી જોતાં –) સર્જાતી અછાંદસ કવિતાના કવિઓની યાદી કરીએ તો ૧૦૦થી ય વધુ થાય. જેમાં તમારે પચીસથી વધુ કવિઓની ધ્યાનપાત્ર રચનાઓ ઉલ્લેખવી જ પડે.

□

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. ઉમાશંકર જોશી | ૧. છિન્નભિન્ન છું | ૨૧ |
| | ૨. માઈલોના માઈલો મારી અંદર | ૨૫ |
| ૨. નિરંજન ભગત | ૧. તમે ક્યાં વસો છો? | ૨૬ |
| ૩. રાજેન્દ્ર શાહ | ૧. ધૂલિ | ૨૭ |
| ૪. ઉશનસ્ | ૧. તને મેં અહીં ન જોઈ હોત તો | ૨૮ |
| | ૨. ગ્રેહાઉન્ડ બસમાં એક રાતે | ૨૯ |
| ૫. જયંત પાઠક | ૧. એક વારનું ઘર | ૩૦ |
| | ૨. કવિતા ન કરવા વિશે કવિતા | ૩૧ |
| ૬. ભૂપેન ખખ્ખર | ૧. એક | ૩૨ |
| ૭. ગુલામમોહમ્મદ શેખ | ૧. જેસલમેર | ૩૪ |
| | ૨. શહેર | ૩૮ |
| ૮. સુરેશ જોષી | ૧. કવિનું વસિયતનામું | ૪૦ |
| | ૨. મૃણાલ | ૪૧ |
| ૯. લાભશંકર ઠાકર | ૧. એક કાવ્ય | ૪૬ |
| | ૨. અવાજને ખોદી શકાતો નથી | ૪૮ |
| ૧૦. સિતાંશુ યશશ્ચંદ્ર | ૧. સમુદ્ર | ૪૯ |
| | ૨. પ્રજાસત્તાક | ૫૦ |
| ૧૧. ચિનુ મોદી | ૧. પુનઃ પુનઃ | ૫૨ |
| ૧૨. મનહર મોદી | ૧. લાત કાવ્ય | ૫૩ |
| ૧૩. રાવજી પટેલ | ૧. હું જીવતો છું | ૫૫ |
| | ૨. માખી | ૫૭ |
| | ૩. શંકર પ્રજાપતિને મળ્યા પછી | ૫૮ |
| ૧૪. મણિલાલ દેસાઈ | ૧. અમદાવાદ | ૬૧ |
| ૧૫. રઘુવીર ચૌધરી | ૧. ફૂટપાથ અને શેઢો | ૬૨ |
| ૧૬. વિનોદ અધ્વર્યુ | ૧. મુસાફરો | ૬૩ |

| | | |
|---|---|---|
| ૧૭. ચંદ્રકાન્ત શેઠ | ૧. કક્કાજીની અ-કવિતા | ૬૪ |
| | ૨. મારું અમદાવાદ | ૬૬ |
| ૧૮. રમેશ પારેખ | ૧. ભગવાનનો ભાગ | ૬૮ |
| ૧૯. અનિલ જોશી | ૧. શબ્દપાત | ૭૦ |
| ૨૦. રાજેન્દ્ર શુક્લ | ૧. વાત એટલેથી જ... | ૭૨ |
| | ૨. સ્વવાચકની શોધ | ૭૩ |
| ૨૧. મંગળ રાઠોડ | ૧. બાગમાં | ૭૪ |
| ૨૨. કાન્તિ પટેલ | ૧. અહીં | ૭૫ |
| ૨૩. પન્ના નાયક | ૧. એકરાર | ૭૬ |
| ૨૪. મહેન્દ્ર અમીન | ૧. વિરતિ | ૭૭ |
| ૨૫. રાધેશ્યામ શર્મા | ૧. નૂતન ૨૦૨૭ વર્ષ | ૭૮ |
| ૨૬. પ્રબોધ પરીખ | ૧. અહીં | ૭૯ |
| ૨૭. વિપીન પરીખ | ૧. પરિપક્વતા | ૮૦ |
| | ૨. જોઈએ છે | ૮૧ |
| ૨૮. નલિન રાવળ | ૧. કોઈક ક્યાંક ઊભું છે. | ૮૨ |
| ૨૯. મનોજ ખંડેરિયા | ૧. ગ્લાસ-રચના | ૮૩ |
| ૩૦. ચંદ્રકાન્ત ટોપીવાળા | ૧. એક ટેલિફોન ટૉક | ૮૫ |
| | ૨. પક્ષીતીર્થ | ૮૬ |
| ૩૧. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ | ૧. ચાલો | ૮૭ |
| ૩૨. પ્રિયકાન્ત મણિયાર | ૧. અશ્વ | ૮૮ |
| | ૨. એ લોકો | ૮૯ |
| ૩૩. સુરેશ દલાલ | ૧. અવાજ ક્યાં છે? | ૯૦ |
| ૩૪. હરીન્દ્ર દવે | ૧. સૂર્યોપનિષદ ૧–૨ | ૯૧ |
| ૩૫. હસમુખ પાઠક | ૧. સાંજ | ૯૩ |
| ૩૬. ઇન્દુ પુવાર | ૧. અઠ્ઠાવીસ વર્ષની નિષ્ફળતાઓ | ૯૪ |
| ૩૭. પવનકુમાર જૈન | ૧. ઘરડા ભીંડા | ૯૬ |
| | ૨. કવિ-બકાલને | ૯૭ |

| | | |
|---|---|---|
| ૩૮. શ્યામ સાધુ | ૧. કંકુના થાપા જેવા દિવસો | ૯૮ |
| ૩૯. હરિકૃષ્ણ પાઠક | ૧. ટેકરી | ૯૯ |
| ૪૦. કમલ વોરા | ૧. ડોસી કહેતી... | ૧૦૦ |
| | ૨. બજારમાં | ૧૦૧ |
| ૪૧. નીરવ પટેલ | ૧. હું નં ડોશી | ૧૦૨ |
| ૪૨. સૌમ્ય જોશી | ૧. ભગવાન મહાવીર અને જેઠો ભરવાડ | ૧૦૪ |
| ૪૩. નીતિન મહેતા | ૧. મને માણસ માટે ખરેખર માન છે | ૧૦૬ |
| | ૨. એક પત્ર | ૧૦૭ |
| ૪૪. પ્રવીણ દરજી | ૧. નર્યો એંઠવાડ | ૧૦૯ |
| ૪૫. હરીશ મીનાશ્રુ | ૧. પાછોતરા વરસાદમાં | ૧૧૦ |
| | ૨. બનારસ ડાયરી-૬ | ૧૧૨ |
| ૪૬. દલપત પઢિયાર | ૧. મને લાગે છે | ૧૧૪ |
| | ૨. સરગવો | ૧૧૫ |
| ૪૭. ભરત નાયક | ૧. સર આઈઝેક ન્યુટન | ૧૧૬ |
| ૪૮. દક્ષા વ્યાસ | ૧. શોધ્યા કરું છું | ૧૧૭ |
| ૪૯. મણિલાલ પટેલ | ૧. શું હોય છે પિતાજી...? | ૧૧૯ |
| | ૨. કાશીરામકાકાની વાત | ૧૨૧ |
| ૫૦. કિશોરસિંહ સોલંકી | ૧. અંદર | ૧૨૪ |
| ૫૧. યોગેશ જોશી | ૧. સંબંધ | ૧૨૫ |
| ૫૨. પુરુરાજ જોષી | ૧. કાળું પતંગિયું | ૧૨૮ |
| ૫૩. ઉદયન ઠક્કર | ૧. જીવી | ૧૩૦ |
| ૫૪. જયદેવ શુક્લ | ૧. પૃથ્વી કાવ્યો | ૧૩૨ |
| | ૨. સ્તનસૂક્ત | ૧૩૩ |
| ૫૫. બાબુ સુથાર | ૧. ગદ્યકાવ્ય | ૧૩૭ |
| | ૨. ઘરઝુરાપો | ૧૩૯ |
| ૫૬. અજય સરવૈયા | ૧. લાઈબ્રેરી | ૧૪૧ |
| ૫૭. મૂકેશ વૈદ્ય | ૧. ગતિસ્થિતિ | ૧૪૨ |
| ૫૮. યજ્ઞેશ દવે | ૧. માચુપિચુનાં ખંડેરોમાં | ૧૪૩ |

| | | |
|---|---|---|
| ૫૯. દિલીપ ઝવેરી | ૧. હરણનો શિકાર | ૧૪૭ |
| | ૨. પાણી વિના | ૧૪૮ |
| ૬૦. રામચંદ્ર પટેલ | ૧. કાળા પથ્થરોના વચમાંથી | ૧૫૦ |
| | ૨. દુકાળ | ૧૫૧ |
| ૬૧. રમેશ આચાર્ય | ૧. વૃક્ષ | ૧૫૨ |
| ૬૨. દલપત ચૌહાણ | ૧. એકલવ્ય | ૧૫૩ |
| ૬૩. હરીશ મંગલમ્ | ૧. માણસ હોવું | ૧૫૪ |
| ૬૪. રવીન્દ્ર પારેખ | ૧. વાસણ | ૧૫૬ |
| ૬૫. મનોહર ત્રિવેદી | ૧. યાદ | ૧૫૮ |
| ૬૬. અજિત ઠાકોર | ૧. મૃત્યુઃ મધરાતે | ૧૫૯ |
| ૬૭. કાનજી પટેલ | ૧. લોઢી રાતીચોળ છે | ૧૬૦ |
| | ૨. એક ન ઓગળે | ૧૬૧ |
| ૬૮. રમણીક સોમેશ્વર | ૧. શાહીનું ટીપું | ૧૬૨ |
| ૬૯. રમણીક અગ્રાવત | ૧. રાવણહથ્થો | ૧૬૩ |
| ૭૦. નિખિલ ખારોડ | ૧. ખારાઘોડા –૧ અગરિયા | ૧૬૪ |
| | ૨ ઉડાન | ૧૬૪ |
| | ૩. ખારાઘોડા | ૧૬૫ |
| ૭૧. રાજેન્દ્ર પટેલ | ૧. વાઘ વિશે | ૧૬૬ |
| ૭૨. પ્રબોધ જોશી | ૧. સગપણ ક્યાં છે? | ૧૬૭ |
| ૭૩. બકુલ ટેલર | ૧. સાણસી | ૧૬૮ |
| ૭૪. સંજુ વાળા | ૧. રાત્રિ | ૧૭૦ |
| ૭૫. સંસ્કૃતિરાણી દેસાઈ | ૧. એક કવિતા પૂરી કરું છું કે | ૧૭૨ |
| ૭૬. ઉષા ઉપાધ્યાય | ૧. મેશ | ૧૭૩ |
| ૭૭. મનીષા જોષી | ૧. એક ગોઝારી વાવ | ૧૭૪ |
| ૭૮. પારુલ કંદર્પ દેસાઈ | ૧. સોયદોરો | ૧૭૫ |
| ૭૯. પ્રવીણ ગઢવી | ૧. આ હવા | ૧૭૮ |
| ૮૦. જગદીપ સ્માર્ત | ૧. બનારસ | ૧૭૯ |

| | | |
|---|---|---|
| ૮૧. રાજેશ પંડ્યા | ૧. ઝાડ | ૧૮૦ |
| | ૨. બધું જ બધા માટે | ૧૮૧ |
| ૮૨. મહેન્દ્ર જોષી | ૧. ખીંટીઓ | ૧૮૩ |
| ૮૩. વસંત જોશી | ૧. જંગલની રાત | ૧૮૫ |
| ૮૪. નીલેશ કાથડ | ૧. આભડછેટ એટલે શું? | ૧૮૭ |
| ૮૫. હર્ષદ દવે | ૧. નિર્વાહ | ૧૮૮ |
| ૮૬. યોગેશ વૈદ્ય | ૧. કીલકમ્કંડિકા | ૧૮૯ |
| ૮૭. પીયૂષ ઠક્કર | ૧. એક કલાકારનું વ્યાકુળ રૂપક | ૧૯૨ |
| ૮૮. રાજેશ વણકર | ૧. વગડો | ૧૯૪ |
| ૮૯. એષા દાદાવાળા | ૧. કવિતા : બ્રેસ્ટ કેન્સરની | ૧૯૬ |
| ૯૦. પ્રતિષ્ઠા પંડ્યા | ૧. ત્રિશંકુ | ૧૯૭ |
| ૯૧. દક્ષા પટેલ | ૧. સાડી | ૧૯૮ |
| ૯૨. જયેશ ભોગાયતા | ૧. એક કાવ્ય | ૧૯૯ |
| ૯૩. હર્ષદ ત્રિવેદી | ૧. મારી કામના | ૨૦૦ |
| ૯૪. પન્ના ત્રિવેદી | ૧. ઉત્તરાયણ | ૨૦૧ |
| ૯૫. કિરીટ દૂધાત | ૧. મા | ૨૦૨ |
| ૯૬. સુસ્મિતા જોશી | ૧. એક કાવ્ય | ૨૦૪ |
| ૯૭. ઇન્દુ જોશી | ૧. ભૂરા પટ્ટાવાળું મારું ઘર | ૨૦૫ |
| ૯૮. ઇલિયાસ શેખ | ૧. બાપુજી | ૨૦૭ |
| ૯૯. લતા હિરાણી | ૧. કોરો કાગળ | ૨૧૦ |
| ૧૦૦. રાધિકા પટેલ | ૧. રિયાસત | ૨૧૧ |

●

| | | |
|---|---|---|
| ૧. દિનેશ કાનાણી | ૧. વરસાદ | ૬૫ |
| ૨. પ્રવીણ ગઢવી | ૧. પડછાયો | ૬૭ |
| ૩. ભૂપેશ અધ્વર્યુ | ૧. એક નવી ઓલાદ | ૧૦૮ |
| ૪. જયેન્દ્ર શેખડીવાળા | ૧. સરહદ | ૧૮૬ |
| ૫. સિલાસ પટેલિયા | ૧. પંખી | ૨૦૬ |
| ૬. વજેસિંહ પારગી | ૧. અંધારું શાહીનું | ૨૦૯ |

## છિન્નભિન્ન છું
**ઉમાશંકર જોશી**

છિન્નભિન્ન છું.
નિશ્છંદ કવિતામાં ધબકવા કરતા લય સમો,
માનવજાતિના જીવનપટ પર ઊપસવા મથતી કોઈ ભાત જેવો,
ઘેરઘેર પડેલ હજી નવ-હાથ-લાગ્યા ભિક્ષુકના ટુક જેમ,
વિચ્છિન્ન છું.

કોણ બોલી? કોકિલા કે?
જાણે સ્વીચ્ ઑફ કરી દઉં.
તરુઘટામાં ગાજતો આ બુલબુલાટ —
કુદરતના શું રેડિયોનો
સાંસ્કૃતિક કો કાર્યક્રમ!
ચાંપ બંધ કરી દઉં? શું કરું એને હું?
     વસંતપંચમી કેમ આવી ને કેમ ગઈ,
     મને ખબર સરખી ના રહી!

પ્રકૃતિ, તું શું કરે?
મારી પ્રકૃતિની જ જ્યાં રામાયણ છે.
માની લીધેલી એકતા વ્યક્તિત્વની
શતખંડ ત્રુટિત મેં નજરોનજર દેખી લીધી છે.

રાગમૂર્તિ, દ્વેષમૂર્તિ, ભયમૂર્તિ —
ત્રિમૂર્તિએ ઘાટ દેવા બહુ કીધું,

     તમારે સ્મરણે રૂધિર નાચી ઊઠ્યું,
     તમારે દર્શે હૃદય રાચી ઊઠ્યું,
     ને વિરહમાં બસ મરણ યાચી ઊઠ્યું,
તમે મારી ઝંખનાનું મધુર પ્રેયોરૂપ —
                              રાગમૂર્તિ, નમોનમો!

તમે મારી વાસનાનું કાલકૂટ વિરૂપ,
આંખની પ્યાલી મહીં ઊછળેલ અગ્નિકૂપ,
ઊડેલ શ્વાસોચ્છ્વાસ સાથે દગ્ધ હૈયાધૂપ,
તમારા સ્પર્શે નયન-પક્ષ્મો વિખૂટાં —
દ્વેષમૂર્તિ, નમોનમો!

તમારા શવ-આશ્લેષથી શીત છૂટ્યાં,
હીર હૈયા તણાં છેક સુકાઈ ખૂટ્યાં,
ચેતનાસ્પન્દનો મંદ આક્રંદ-ડૂબ્યાં,
તમે મારી કામનાના નગ્ન નિશ્છલ છંદ —
ભયમૂર્તિ, નમોનમો!

એક-કેન્દ્ર વ્યક્તિત્વ કરવા મથ્યાં તમે મારે માટે
અને દીક્ષા આપી પ્રેમધર્મની,
જેના કખગઘનેયે પામવાનું કેમે કરી
ફાવતું નથી હજીય.
ને છતાંય ગાડું આ ગબડે છે,
કિચૂડ – ખટ – ચૂં કિચૂડ – ચૂં – ખટ.

જુઓ પેલા મારા પ્રિયતમ શ્રીમાનને :
પ્રેમ દ્વારા ચાહતાં નથી આવડતું એમને,
ધિક્કાર દ્વારા જ ચાહતાં ફાવે છે ભલા જીવને.
ભલે એમ તો એમ, ઝઘડવાનો સમય ક્યાં છે?
તમારી શરતે ચાહીશ તમને.

અને આ રહ્યા મારા દ્વિતીય-હૃદય :
પોતાની પામરતાથી ખરડે છે બહુને.
પોતાની વંકાઈ થકી મરડે છે સહુને.
અરે એથી સારી રીતે વર્તવું એને શક્ય હોત,
તો આ રીતે કોઈ કદી વર્તતુંય હશે ખરૂં કે?
ને ઓ પેલા ભૂતપૂર્વ... મારા.

અપૂર્વ અનુભવ થયો એમના નિમિત્તે
વારંવાર રટ્યાં કર્યું મારા મને :
    તમને ધિક્કારવાની મને ફરજ નહિ પાડી શકો.
    કદીય ધિક્કારી શકાય, એક વાર ચાહ્યું જેને?
અરે, તું તો દુનિયાને કાંઈ જ સમજતો નથી!
— કહે છે અનેક મને.
    બીજા કહે : દુનિયાનો છેક જ છે જીવ તું.
હા, દુનિયાનો શિષ્ય છું હું.
દુનિયા તો દુનિયાદારીમાં માનતી નથી જ નથી.
નથી એણે યાદ રાખ્યા કોટિપતિ,
સફળતાના શહીદોને નથી તે સંભારતી.
મોટા મોટા થઈને જેઓ ફર્યા'તા તેનેય
વિસ્મૃતિની રાખ નીચે ઢબૂરી દીધા છે એણે.
દુનિયા દુનિયાદારીમાં માનતી જો હોત તો તો
કવિઓને, પાગલ પેલા પ્રેમીઓને, સંતોને
સંભારત ક્ષણેય શા માટે?

સંભારે ન સંભારે કોઈ એની તથા શાને?
સ્મૃતિ? હા, સ્મૃતિ એ જ તો જીવન છે.
આ પૃથ્વીનાં પડ તે ચિરંતન ટકશે, ને આ ઉષ્મા
હૃદયતણી તે વિફળ વિખરશે?
ના, ના, ના! સૂર્યને ગરમ રાખવામાં એ જરી જરીક –
                                        શો સહારો દેશે,
હૃદયહૃદયના ધબકારે તે પુનર્જીવતી ત્રિભુવન દિગ્વિજયી
                                                    સંચરશે.
કોણ જાણે?
અટાણે તો ધબકો આ એક પછી એક ઓછી
થતી જાય.
અનંતીકરણ એનું શક્ય હશે? જાય —
વૈશાખી ખાખી લૂ-લીલા વરસે આકાશથી ત્યાં
પુલ પર થઈ જાય – સરી જાય બસ.
ગૉગલ્સ-આંખો ચિંતનમાંય ડૂબેલીય તે હોય તોયે

નીચેથી, સાબર, તારું પાતળુંક ઝરણું
— આનન્ત્ય-મૃગજળ પ્રતિ દાટ દેતું ભોળકડું હરણું —
એ ક્ષીણ પ્રવાહ પટીની ટાઢકની ધાર
પુલ વીંધી વૈશાખી દોજખ મહીં આરપાર
મારા ચૈતન્યને અડે તે ઠારે અર્ધક્ષણ
દોટ દઈ રહેલી બસ ફરી થાય આહુતિ
ગ્રીષ્મના લૂ-યજ્ઞની જ્વાળાઓ મહીં તે પહેલાં.

મારા લઘુ હૈયાની આ અજાણી ધબક
એટલું જો કરી શકે? એટલું ના કરી શકે?
કદાચને ના કરી શકે તો...
    દિનરાત રાતદિન ખિન્ન છું.
    એક-કેન્દ્ર થવા મથી રહેલ ક્લિન્ન છું,
    ધબકધબકમાં ઊડી રહેલ છિન્નભિન્ન છું.

◘

# માઈલોના માઈલો મારી અંદર—

## ઉમાશંકર જોશી

માઈલોના માઈલો મારી અંદર પસાર થાય છે.
દોડતી ગાડીમાં હું સ્થિર, અચલ,
પેલા દૂર ડુંગર સરી જાય અંદર, –ડૂબી જાય
મજ્જારસમાં, સરિતાઓ નસોમાં શોણિતના
વહેણમાં વહેવા માંડે, સરોવરો
પહોળી આંખોની પાછળ આખાં ને આખાં
ડબક ડબક્યાં કરે. લહેરાતાં
ખેતરોનો કંપ અંગઅંગે ફરકી રહે.
જાણે હથેલીમાં રમે પેલાં ઘરો,
ઝૂંપડીઓ, – આંગણાં ઓકળી-લીંપેલાં,
છાપરે ચઢતો વેલો... ત્યાં પાસે કન્યાના ઝભલા પર
વેલબુટ્ટો થઈ બેઠેલું પતંગિયું...
સ્મૃતિને તાંતણે એટલુંક ટીંગાઈ રહે.
માઈલોના માઈલો મારી આરપાર પસાર થયાં કરે.

વિશ્વોનાં વિશ્વો મારી આરપાર પસાર થાય છે.
ઘૂમતી પૃથ્વી ઉપર હું માટીની શૃંખલાથી બદ્ધ.
એકમેકની આસપાસ ચકરાતા ક્વાસાર, નિહારિકાઓ,
આકાશગંગાઓ, નક્ષત્રોનાં ધણ,–ચાલ્યાં આવે.
હરણ્ય મારી ભીતર કૂદી. પૂંઠે વ્યાધ, લાંબોક વીંછુડો...
અવકાશ બધો પીધાં કરું, તરસ્યો હું. ઝંઝાનાં તાંડવ,
ઘુર્રાતાં વાદળ, વીંઝાતી વિદ્યુત, ઉનાળુ લૂ,
વસંતલ પરિમલ – અંદર રહ્યું કોઈ એ બધુંય ગટગટાવે.
અનંતની કરુણાનો અશ્રુકણ? – કોઈ ખરતો તારો;
ધરતીની દ્યુતિ-અભીપ્સા? – કોઈક ઝબૂકતો આગિયો;–
સ્મૃતિના સંપુટમાં આટલીક આશા સચવાઈ રહે.
વિશ્વોનાં વિશ્વો મારી આરપાર પસાર થયાં કરે.

□

# તમે ક્યાં વસો છો?

## નિરંજન ભગત

જાણું નહિ કે તમે રડો છો કે હસો છો!
તમે આંસુ સારો,
મને ભીંજવી ન શકે;
તમે સ્મિત ધારો,
મને રીઝવી ન શકે;
અમે તમે નિત દૂર ને દૂર ખસો છો!
તમે ક્યાં વસો છો?
પાસે નહિ આવો?
પાછું નહિ વળવાનું?
કશું નહિ કહાવો?
મૃત્યુમાં જ મળવાનું?
જાણું નહિ તમે કયા લોકમાં શ્વસો છો!
તમે ક્યાં વસો છો?

□

# ધૂલિ

રાજેન્દ્ર શાહ

ગતિમાન છે રથચક્ર.
પથરાઈને પડી રહે છે માર્ગની ધૂલિ અચલા.
ચક્રને કિંચિત્ સ્પર્શ
સહસા ઊઠીને જાગી
પડે છે પાછળ.

અક્ષુણ્ણ છે રથનું ભ્રમણ.
કોઈ ને ય કાજ નહીં રોકાય બે ક્ષણ.
ધૂલિ રહી જાય સંગહીન.
આકાશમાં ઊછળેલી, નિરાધાર
નિઃસત્ત્વની જેમ લથડતી
પથરાઈને પડે છે પાછી ભોંય પર...દીન.
યદિ અંતરીક્ષ થકી ઝરી ઝરી જાય કદી કંઈ ઝરમર,
અણુઅણુ આલિંગને બને રજબિંદુ,
સીમે સીમ હેલે ચડે રે આનંદ,
વહે વાસનાને પૂર પરિમલ.
અષાઢની આવે જલબાઢ.
પરિપ્લાવને ચિક્લિદ
એકમય ને અગાધ.
કણકણની અંતરતમ ઈહા ધરી રહે મોહિની સ્વરૂપ.
જરી જરી વિનયને ઝૂકી મંદ
મલકંત નીલિમ સુષમા,
રંગનો ઊડી રે' કલરવ,
કંઈનહીંનો ધરાઅંબર મહીં
અનુપમ વિલસે વિભવ.
ફરી ફરી જાય રથચક્ર.
□

# તને મેં અહીં ન જોઈ હોત તો

ઉશનસ્

તને મેં અહીં આટલે દૂર આવીને ન જોઈ હોત તો—
–તો મારો તો જન્મારાનો ફેરો જ એળે જાત હોં પૃથ્વી!
અને આવતા ચોર્યાશી લાખ જન્મોમાં ય
આ ખોટ કેમેય ના પુરાત, મારી માડી!
તને એક ખાનગી વાત કહું?
તું મને ત્યાં હતી તેથીય વધુ ને વધુ વ્હાલી લાગે છે;
આ આખી યાત્રા જ તારા
વ્હાલસોયા મુખની રેખાએ રેખાએ ચાલી છે જાણે!
તારા ચ્હેરાની રેખાના ઉઘાડ ઉપર જ
જાણે આ પ્રેમયાત્રાની પગલીઓ ઊઘડી છે, પ્રતિક્ષણે સ્પંદમાન;
તને કહું?
એક ધાવણા ડિમ્ભની માફક
તારા પ્હાડોને ધાવ્યો છું, બચબચાવ્યા છે અધીરા વાછરડાની જેમ જ;
અને મને જોઈને તારા પ્હાનો ચઢેલો પ્હાડીસ્તનોને
જાણે દૂધની શેઢ જેવી નદીઓ ફૂટી છે, તેનીય મને ખબર છે,
ધાવતાંધાવતાં મેં તો તારી આંખો સામે જ તાક્યા કર્યું છે;
હું અહીં આવ્યો તે સારું થયું :
નહીં તો તારા આવા વિશાળ ખાનગી પ્હાડી
પ્રેમના પ્હાનાનું શું થાત, મારી માડી?

૨૯-૧૦-૭૬. બાલ્ટિમોર, મેરીલૅન્ડ, યુ.એસ.એ.

□

# ગ્રેહાઉન્ડ બસમાં એક રાતે

**ઉશનસ્**

ઊંઘેટ્ટી તે સહપ્રવાસિની છેવટે ઢળી પડી
મારા સ્કંધ ઉપર, ઊંઘમાં અવશ,
મેં એને ઝીલી લીધી મારા ખભે સહજ
કોઈ એક મોટા ખીલેલા ચંદ્રમુખી ફૂલ જેમ;
કદાચ એને સ્વજનને ખભે
ઢળી પડી આમ ઊંઘવાની ટેવે હોય;
હું એને ચૂમી શક્યો હોત
એટલી તે નજીક, એનું ઉત્તમાંગ એટલડું
મારા શ્વાસોની નિકટ, અને વળી રાત...
પણ એવા સૌભાગ્ય માટે
મારે હજી કેટલીય વાર મરી જવું પડે.
હું એને સોહાગ રાત્રે આમ...
પણ તે માટે મારે હજી લેવા પડે કેટલાય જન્મ...
એ મને ચાહતી નથી જ;
એ મને ચાહે માટે તો હજી લેવા પડે મારે કેટલાય જન્મ...
અત્યારે તો આટલુંય ઘણું;
ભલે થોડીક ક્ષણો ધન્ય થાય મારું પુરુષપણું,
આ સુંદર નાજુક ભાર મારે તો બાજુબંધ
ધારી રહે ભલે થોડી વાર મારો પુરુષનો સ્કંધ.

◻

# એક વારનું ઘર

**જયન્ત પાઠક**

આ આપણું એક વારનું ઘર :
દિવાળીનાં કોડિયાં મૂકતા હતા
તે આ કાળા કાળા ગોખલા;
આપણાં એક વારનાં ચળકતાં ગીતો
ચુપચાપ કટાય છે આ હીંચકાનાં કડાંમાં;
આપણી પગલીઓ અહીંતહીં રઝળે છે
ઓટલાની ઊખડેલી ઓકળીઓમાં;
ઊભી ઊભી મૂગી મૂગી સળે છે
ઓસરીની ગાતી થાંભલીઓ
—આપણી હથેળીઓથી રાતી થાંભલીઓ—
બારણાને ટોલ્લે ચોંટાડેલી
હનુમાનજીની મળી
હવે ઘરમાં પેસતાં ભૂતને રોકી શકતી નથી,
બારસાખે બેસાડેલી પૂતળીઓ
આવ-જા કરતા વાયરાને ટોકી શકતી નથી;
કોઢના ખીલા
ઢીલા ઢીલા મૂગા મૂગા
સુક્કું ઘાસ વાગોળે છે;
—લીલારો ચરવા આપણી ગાય
આઘેના વગડામાં નીકળી ગઈ છે,
બા એને અંધારામાં ખોળે છે—
દીવાલોમાં દટાઈ ગયેલી દાદાની વાતો.
પોપડે પોપડે ઊખડે છે;
અને આપણે?... આપણે પણ...

□

# કવિતા ન કરવા વિશે કવિતા

**જયન્ત પાઠક**

કવિતા કરવાનું બંધ કરીએ તો શું થાય?
સરોવરો સુકાઈ જાય?
નદીઓ વહેતી થંભી જાય?
ડુંગરા ડોલી ઊઠે?
ઘાસ ઊગતું બંધ થઈ જાય?
પૃથ્વી પાતાળમાં ચંપાઈ જાય?
ના, ના, એવું એવું તો ના થાય—
પણ....પછી
જલપરીઓ છાનીમાની
ઝીણાં પવનવસ્ત્રો ઉતારી
જલક્રીડા કરવા ના આવે;
ડુંગરા વાદળની પાંખો પહેરીને
ઊડી ના શકે;
ઘાસને આંસુનાં ફૂલ ના ફૂટે,
પૃથ્વી ગોળ ગોળ ફરે
પણ ઠેરની ઠેર રહે
અવકાશમાં;
આકાશ ભણી ઊંચે ના જાય.
કવિતા કરવાનુ બંધ કરીએ તો
આમ તો કશું ના થાય
—એટલે કે કશું થાય જ નહીં!

□

# એક

ભૂપેન ખખ્ખર

રંભા....રંભા...
તું મનોજની કંપની છોડી દે.
મંજરીની જિંદગી એણે જ બગાડી,
ગોધરાથી એ જ નાસી છૂટેલો.
એ સ્માર્ટ દેખાય છે ચોકડીવાળા બુશશર્ટમાં
દેવાનંદ જ લાગે.
એ ભ્રમર છે.
સ્ત્રી સંભોગમાં જ એને રસ છે.
પણ
એને ખબર નથી
સરુનાં વન
બનારસના ઘાટમાં ધક્કેલાતાં શબો,
અવિરત રિક્ષાની ઘંટડીનો અવાજ
જેસલમેરની પીળી ધરતીનો પ્રકાશ
શિશિરના તડકાની હૂંફ
અને તારા સ્પર્શની ભીનાશ,
તું જોમેસ્ત્રી વાપરે છે ખરી?
ખરું શોધ્યું છે વિજ્ઞાને
સાબુ લગાવો કે વાળ સફાચટ
વાત સાચી કે મીનાકુમારી એ જ સાબુ વાપરે છે?
પણ
તારા વિષાદે મારો ચહેરો તરડાય છે
તારા સ્નેહે હું ભીંજાઉં છું.
પણ
તું મનોજની કંપની છોડી શકતી નથી
હતોત્સાહ થઈ હું ક્રીમ કૉફી પીઉં છું
કારણ
આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરવાનો સમય પાકી ગયો છે.

કિન્નરોનાં ગાન, દેવદૂતની પાંખોના ફફડાટ સંભળાય છે
ધીમે ધીમે વિમાન તારા માથા પર ચકરાવો લે છે
તું સ્માર્ટ દેખાય છે.
તારા મોં પર અવિરત કોલિનસ હાસ્ય
એના પડઘા સંભળાય છે ફતેહપુરસિક્રીમાં
લાલ પથ્થરની ઇમારતમાં સંભળાય છે સવારની નમાજ
તારા વાળમાં મરુભૂમિની બળતરા
તારી આંખોમાં મહાબલીપુરનાં ઘેઘૂર પાણી
તું ટી ટેબલે ટૉક કરી શકે છે?
તને હું સાચ્ચે ગમું છું?
મને યાદ આવે છે દિલ્હીના કિલ્લાનો વૈભવ
સંગેમરમરના રસ્તા, આરસની દીવાલે, એમાં
નાજુક વેલ, પાંદડે પાંદડે ખચિત મોતી જવાહર,
નીલમ, માણેક
અને
ગુલાબી શાલમાં બળતું શબ,
પણ તું મનોજને છોડી શકતી નથી.

□

## જેસલમેર

### ગુલામમોહમ્મદ શેખ

૧

મરૂથલે મોતીમઢ્યું આ નગર,
એને ટોડલે મોર અને ભીંતે ફરે હાથી,
ઝરુખે ઝરુખે પથ્થરનું હીરભરત.
બારીએ બારીએ બુટ્ટી તરવારોનાં તોરણ.
સાંજના અજવાળે ભીંતો નારંગી ચુંદડીની જેમ ફરફરે,
બારણે લોઢાના કડે
આઠ પેઢીના હાથનો ઘસરકો.
ફળિયે ફરે બે ચાર બકરાં શ્યામ
ડેલી બા'ર ડ્હેકાર દે કામઢું ઊંટ.
વચલી વંડીએ સુકાય રાતાં ચીર
અંદરને ઓરડે ફુગાઈ ગયેલા અંધારે
ફરફરે ઢીલી વાટ.
લાલચટક ચૂલાની ઝાળ અને ચુંદડીના અજવાળે
રોટલા ટીપતી સોનેરી કન્યા.

૨

કઠણ પથરા કાપી ચણી ઢાલ જેવી ધીંગી ભીંતો,
ઊંટની ડોક જેવા ઘડ્યા ઝરુખા,
આંગણાં લીંપ્યાં પૂર્વજોના લોહીથી.
વારસામાં મળેલ
સૂરજનો સોનેરી કટકો વાટી
ઘૂંટ્યો કેસરિયો રંગ,
પટારેથી ફંફોસ્યું કસુંબીનું પાત્ર,
પછી સંભારણાં ગટગટાવતા
વૃદ્ધ પડછાયા ઢળી પડ્યા.

૩

કોટના કાંગરામાંથી માથું કાઢી નગરી નીચે જોતી’તી.
નમણાં દેખાય બે બાજુનાં ઘર
અને એથીય નમણી અર્ધીપર્ધી હવેલીઓ વચ્ચેની ગલી.
જાજરમાન નગરી નીચે તાકી રહી હતી.
ત્યારે
ઉત્તરથી ડમરીના ડંકા સાથે ચડી આવ્યાં ઊંટ
ભૂખરા, કથ્થાઈ, તેજીલા ઊંટ
વાવાઝોડાની જેમ હવેલીઓને ઘેરી વળ્યાં
અને જતાં જતાં કિલ્લાને પોઠ પર નાખી નાઠાં.
અવાચક, નગ્ન
નગરી
બે ઘડી હેબતાઈ, ઊભી
પછી નફ્ફટ થઈને ડમરીની પૂંઠે ચાલી નીકળી.

૪

તપ્યો તપ્યો સૂરજ બારે મુખે
અને ઢળ્યો તો ઠારી ગયો બારેય લોકને
રેતી સૂઈ રહી અનાથ
વાદળાં નાસી ગયાં લાગ જોઈ
નપુંસક તારા હસી રહ્યા
ત્યારે
રણને છેડે બેઠેલાં બધાં ઘર
મરેલાં ઊંટોને કાંધે નાખી ચાલી નીકળ્યાં.
પોઠો પડી વેરાઈ રેતીમાં,
પાઘડાં અસવારોનાં
ચિરાઈ
ઊડ્યાં, ખવાયેલ પક્ષીનાં પીંછાં જેવાં
અને
અધખુલ્લા આદમી
ખુલ્લા મોઢે

ગળચી રહ્યા
રણની કાંટાળી હવાને.

૫

પથરા વચ્ચે ભીંસાયેલા સફેદ ચૂનાના વાટાઓને પૂછ્યું,
ગેરુ રંગની દીવાલોને પૂછ્યું,
પૂછ્યું ઝેરી લીલાશ પકડતી તોતીંગ બારણાંની ભોગળોને,
પૂછ્યું હમણાં ફેંકેલા પૂર્વજના જર્જરિત સાફાને.
પાંપણોની છત્રીવાળા ઝરુખાની કોતરણીમાં
ઢળેલી ઘાટીલી હવાને પૂછ્યું.
કિલ્લાની રાંગે લટકતા ચણિયાનાં ચીંથરાંને,
સૂતેલા મહેલને દરવાજે નિર્લજ્જ નખરા કરતી ગલીઓને પૂછ્યું.
ગોળગોળ આંખોની બાજુમાં
સુકાતી જતી રેખાઓને,
બાવળને વેંઢારી વસૂકી ગયેલી ધરતીને,
ભાંગેલા ઘુમ્મટના ભુક્કા વચ્ચે સંભોગરત કપોતયુગલને પૂછ્યું.

બધા પ્રશ્નો બપોર ભાંગતાં સુધીમાં ભુક્કો થઈ ગયા.
સાંજની સાથે શાન્તિ પૂરની જેમ ધસી આવી
અને જોતજોતાંમાં મારા નાક લગી છલકાઈ ગઈ.
મેં આકાશમાં હમણાં ફૂટેલા તારાઓ તરફ
દયામણી નજર નાખી
કે તરત બન્ને કબૂતર મારી પાંપણોમાં પુરાઈ ગયાં.

૬

રાતાં રાતાં
લોહીથી ઘેરાં
રણ.
પીળાં પીળાં
આવળથી પીળાં
ઘર.

ધોળો ધોળો હોલા જેવો ગભરુ સૂરજ.
કાળા કાળા
નિસાસાથી ઊંડા બુરજના પથ્થર.
ઝાંખી ઝાંખી
પગના તળિયાથી લીસી પગથી
ધીમી ધીમી
આછી આછી
ભૂરી ભૂરી
બધી
ગઈ ગુજરી.

◘

## શહેર
### ગુલામમોહમ્મદ શેખ

**૧**

ભૂંડાભખ્ખુ ધાન જેવું
કોળિયાની સાથે આંતરડામાં ઊતરી જાય છે.
કડવું, કઢંગું
શિરાઓમાં પ્રસરે,
પાંસળાંમાં ખૂણા કાઢે,
હાથપગજીભે પરસેવો, લાળ થઈ લટકે.
શ્વાસમાં ગંધાય સંડાસ જેવું,
આંખો અને ગુદામાં
બારીઓ જેવું ઊઘડે, બંધ થાય.

રઝળતો રઝળતો થૂંકી નાખું શહેરને,
ઓકું ફૂટપાથ પર,
મૂતરી કાઢું,
બકું,
લવું એની કવિતા.

**૨**

મમરા, શીંગ, લાળ
મોંમાં,
આંખ દીવાલ પર બેફાટ પડેલ સુન્દરીના સાથળ પર.
હાથ,
પાળેલ પશુને ખેલવતા,
લેંઘામાં શિશ્ન પર.
રસ્તા પર શ્વાનાવતારે
રતિક્રીડારત દેવ.
બેકગ્રાઉન્ડમાં
બસમોટરરિક્ષા ધમધમે.

તડકાની ધારે ધારે રમે, મૂતરે નિશાળિયા.
રોજ રોજ
નવી નવી ઇમારતે આકાશને અકળાવતું
સહસ્રલિંગ શહેર.

૩
શહેર
અજાણ્યો ગણી મને ધક્કા મારે છે,
લૂંટી લેવાની ધમકી દે છે,
રોજ રોજ ધરાર મને સ્ટેશને ધકેલી મૂકે છે.
સ્ટેશને
મારી જેમ
શહેરની – બહારની ઉચ્છિષ્ટ પ્રજા.
મોટરોના મડગાર્ડને ચાટતા ભિખારીઓ,
દિવસે ડામર રેડી રાતના બોગદામાં વાળુ રાંધતા
ધુમાડે, પરસેવે ફૂદાંની જેમ ઊડતા, ઓગળતા આદિવાસીઓ,
ચંપીને બહાને ગુહ્યાંગ ફંફોસતા ભડવાઓ
કસાઈની જેમ બરાડતા ફેરિયા
બસોબકરાંકૂતરાંગાયકારકુનોગંદવાડ
લચલચતાં ગલોફાંવાળાં,
લહ્રાથી લાલઘૂમ આંખોવાળા,
રક્તપીતિયા (મથુરાના ખંડિત બુદ્ધની આબેહૂબ પ્રતિકૃતિ!)
લોક.

કીડીઓની જેમ ધારે ખડકેલી સાઇકલોમાંથી
મારી સાઇકલ છૂટી પાડીને નાસું
ત્યારે
શહેર પાંજરે પૂરેલા સિંહ જેવું
દૂર દૂરથી ત્રાડો નાખે છે.

□

## કવિનું વસિયતનામું
### સુરેશ જોષી

કદાચ હું કાલે નહીં હોઉં–
કાલે જો સૂરજ ઊગે તો કહેજો કે
મારી બિડાયેલી આંખમાં
એક આંસુ સૂકવવું બાકી છે;

કાલે જો પવન વાય તો કહેજો કે
કિશોર વયમાં એક કન્યાના
ચોરી લીધેલા સ્મિતનું પક્વ ફળ
હજી મારી ડાળ પરથી ખેરવવું બાકી છે;

કાલે સાગર છલકે તો કહેજો કે,
મારા હૃદયમાં ખડક થઈ ગયેલા
કાળમીંઢ ઈશ્વરના ચૂરેચૂરા કરવા બાકી છે;

કાલે જો ચન્દ્ર ઊગે તો કહેજો કે
એને આંકડે ભેરવાઈને બહાર ભાગી છૂટવા
એક મત્સ્ય હજી મારામાં તરફડે છે;

કાલે જો અગ્નિ પ્રકટે તો કહેજો કે
મારા વિરહી પડછાયાની ચિતા
હજી પ્રગટાવવી બાકી છે

કદાચ હું કાલે નહીં હોઉં.

□

## મૃણાલ
### સુરેશ જોષી

મૃણાલ, મૃણાલ
તું શી રીતે સાંભળશે મારો અવાજ?
મૃણાલ, તું કોણ, હું કોણ?
મારા જખમને ટેકે ઊભી છે રાત
તારા શ્વાસે ખીલે છે સ્વર્ગનાં પારિજાત
હું દેશવટો ભોગવું છું આંસુના બિલોરી મહેલમાં
તારા સ્મિતનું પાનેતર લહેરાય છે હવામાં.
ઉર્વશીના નૃત્યભંગનો લય બહેકાવી મૂકે છે તારાં ચરણ,
કરોળિયાની જાળમાં ઝિલાયેલા ઝાકળની આંખે
તાકી રહ્યું છે મારું મરણ.
મૃણાલ, પૂછું એક વાત?
તારી આંખોના અંધારિયા ભોંયરામાં
કોણ લટકે છે ઊંધે મસ્તકે?
તારી શિરાઓની ભુલભુલામણીમાં
કોણ સળગે છે જામગરીની જેમ? તારા સ્પર્શનાં અડાબીડવનમાં
કેટલા તેં સંતાડ્યા છે મણિધર નાગ?
તારી કાયાના આ સાગરમાં
કોના ડૂબાડ્યા તેં કાફલા સાતેસાત?
તારા શ્વાસના ખરલમાં
કોણ ઘૂંટી રહ્યું છે ગરલ?
મૃણાલ, મૃણાલ
સાંભળે છે તું?
તને મેં જોઈ હતી એક વાર
લીલીછમ તળાવડી
ને લીલો લીલો ચાંદો
લીલી તારી કાયા
ને લીલો એનો ડંખ
લાલ ચટ્ટક ઘા મારો

ને ભર્યું એમાં લાલ ચટ્ટક મધ
એને ચાખે લાલ લાલ કીડીઓની હાર
એની સંખ્યા ગણતી બેઠી ભૂવાની જમાત
મારી આંખે લીલો પડદો
ઢળે લીલો ચારે કોર અન્ધાર.
મૃણાલ, જો ને–
ચારે બાજુ ઊડી રહ્યા પવનના લીરા
કૂવાના ચોર-ખિસ્સામાં થોડા સૂરજના ટુકડા
શહેરના બાગમાં ફૂલોની શિસ્તબદ્ધ કવાયત
પાનની દુકાનના અરીસાઓની ચાલે મસલત
પૂલ નીચે સૂકી નદી વાગોળે મરણ
રસ્તે રસ્તે તગતગે આસ્ફાલ્ટનાં રણ
ચૂંથાયેલા રેશનકાર્ડ જેવા બધે ચહેરા
ફરીશું શું અહીં કહે સપ્તપદી ફેરા?
મૃણાલ,
હું જાણું છું;
ઢીંગલીઓનો પહેરો ગોઠવીને
તું સાચવી રહી છે તારું શમણું
ચન્દન તળાવડીને કાંઠે છે એક મહેલ
રૂમઝુમ એમાં નાચે પરીઓ
પવન વગાડે પાવો
એ મહેલમાં એક ઝૂલો
એના પર તું કદી એકલી એકલી ઝૂલે
કદીક તારી આંખો ઊડી જાય દૂર દૂર
તારા કાન સરવા થઈ ને સાંભળે
રજનીગન્ધાની સુગન્ધ જાણે હમણાં લાવશે સંદેશો
હમણાં પૂરપાટ દોડ્યો આવશે રાજકુમાર
ઊંચા ઊંચા મહેલની ઊંચી અટારીએ
તું મીટ માંડીને જોઈ રહે
એક રાત જાય, બીજી રાત જાય
કોઈ આવે નહિ
પરીઓ થાકીને બની જાય ઝાકળ

સૂરજ કરી જાય એમનું હરણ
ઢીંગલીઓના ચીંથરા તાણી જાય ઉંદર
ચન્દન તળાવડીનાં નીર સૂકાય
મહેલના બને ખંડેર
અસવાર વગરનો અશ્વ દોડ્યા કરે દશે દિશા
તારા શ્વાસમાં ગાજે એના પડછંદા
એ સાંભળતી તું બેસી રહે
કહે તો મૃણાલ, આમ કેટલા વીત્યા યુગ?
સોનાવાટકડીમાં શેઢકઢાં દૂધ પડી રહે
રૂપલાવાટકડીમાં ચન્દન સૂકાય
સૂરજ થાકે ને થાકે ચાંદો
તારી આંખો ના તો યે પલકાય
પણ મૃણાલ
મહેલને મિનારે બેઠું છે એક પંખી
કાળું કાળું ને મોટુંમસ
લાલ એની ચાંચ
આંખો એની જાણે અગ્નિની આંચ
ઊડી જશે એ લઈને તને
ભાગી આવ, ભાગી આવ.
મૃણાલ, ભાગી આવ.
મૃણાલ, શું કરીશ તું?
રોજ સવારે અખબારના અક્ષરો ઘૂંટેલી ચા પીશે
પછી નાના બાબલાનું બાળમંદિર
મોટી બેબીની સ્કૂલ-બસ
પછી પતિદેવના શર્ટની કફલિન્કની શોધાશોધ
ઝરૂખામાં ઊભા રહી 'આવજો, આવજો!'
ભોજન, આરામ, રેડિયો પર દાદરા-ઠુમરી
ટેલિફોનની રણકે ઘંટડી
'વારુ જરૂર, બરાબર છ વાગે'
વાળ હોળતાં નજરે ચઢશે બે ધોળા વાળ
તરત તોડીને ફેંકી દેશે
એમ્બેસેડોર કાર

દોડે પૂરપાટ
ચારે બાજુ ઝળાહળાં
'કેમ છો?'' 'હાઉં સ્વીટ યુ આર'
બોદું હાસ્ય શરાબભીના અવાજ
બજારના ભાવતાલ, સાડી ને ઝવેરાત
ધીમે ધીમે થાય મધરાત
પછી વફાદાર પત્નીનો પાઠ
થોડાં સ્વપ્નાંનો ભંગાર
વળી પાછી સવાર
ક્યારેક વળી આવી ચઢે તાર
બિઝનેસનો મામલો, ડિયર, સમજી જાને–
કદીક તો કહેવું પડે બેચાર દિવસ બહાર.
મૃણાલ, મૃણાલ મારી સોનાની મૂરત
આ તે શા તુજ હાલ!
મૃણાલ, તું તો જાણે છે બધું
તો પછી મન્ત્ર મારીને મને કરી દે પથ્થર
અથવા ફૂંક મારીને કરી દેને અલોપ
અથવા ચાંપી દેને કોઈ પાતાળમાં
લાળ ઝરતે મોઢે ઘરડું મરણ
ભટકે છે બારણે બારણે
પૂછે છે મારું નામ.
મૃણાલ, હું છું અહીં
શહેરના ટોળામાં ભૂંસતો ફરું છું મારો ચહેરો
દવાની દુકાને વાંચું છું દવાનાં નામ
કે પછી મ્યુઝિયમમાં વાંચું છું જૂનાં તામ્રપત્ર
પ્રાણીબાગમાં અજગરને જોયા કરું છું કલાકના કલાક
બસમાં બેસી શહેરના ગણું છું મકાન
હૉસ્પિટલમાં મરનાર દર્દી પાસે બોલું છું રામનામ
સરઘસમાં જોડાઈ ને ગજાવું છું નારો
કોઈક વાર ભાષણ આપવાનો મારો ય આવે છે વારો
આંધળી શેરીને વાંચી આપું સૂરજ
કોઈક વાર ફુટપાથ પર બેસીને જોઈ આપું નસીબ

જાદુગરના ખેલમાં કદીક લઉં છું નાનો પાઠ
સ્ટેશને બેસીને જોઉં દુનિયાનો ઠાઠ
કોઈક વાર આવે તાવ તો એની નથી કરતો રાવ
આમ તો છું મારા જેવો જ
પણ કોઈક વાર લાગે જુદું
શ્વાસની અમરાઇઓમાં ટહુકી ઊઠે કોકિલ
મસ્તકમાં ઠલવાય હજાર અરેબિયન નાઈટ્સ
હાથ લંબાઈ ને પહોંચે ત્રેતાયુગમાં
ચરણ બની જાય બેદુઈન આરબ
તેથી તો કહું છું મૃણાલ,
ઘેરી લેને મને તું બનીને ક્ષિતિજ
મૃણાલ, નિંદરથી બીડેલાં તારાં પોપચાંમાં
ઢળી જાઉં બની હું ય નિંદરનું એક બિન્દુ.

◘

# એક કાવ્ય

લાભશંકર ઠાકર

મેં ઇચ્છ્યું હોત
તો
મારાં પડતર ખેતરેમાં
પચીસ ભાષાઓનાં ડૂંડાં
હવામાં લહેરાતાં હોત
મેં ઇછ્યું હોત
તો
પત્નીની નિર્દોષ આંખોને
નંબરવાળી બનાવી શક્યો હોત
અને તેમ છતાં પ્રબોધ,
ટીપુને આ વર્ષે બાલમંદિરમાં મૂકવાનો છે–
મેં પાડેલા ચીલાઓ ભૂંસી શકાતા નથી.
કેમ કે હવે ચીલા પાડવાની ક્રિયાથી
હું ઓચાઈ ગયો છું.
આ નિષ્ક્રિયતાથી પણ છળી મરાય છે.
આંખની બહાર તને ઊભેલો જોઉં છું
ખેતરની વાડ પાસે.
રાયપુરની હોટલમાં હું ગરમાગરમ ગાંઠિયા ખાઉં છું.
અને તું જર્મન શબ્દોનાં બચૂકડાં બિલ્લીબચ્ચાંઓને
ખોળામાં લઈને
નેપોલીના પગથિયા પર
નાગો થઈને બેઠો છે.
પ્રબોધ મોં પર તું લાંબી મૂછો રખાવ
એક મહિના સુધી માત્ર મૂળા ખા
સરકસની કંપની ખોલ
કે બોટ-ક્લબ રોડ પર
સત્તર વરસ સુધી સાઇકલ ચલાવ્યા કર

હું તને મળી શકીશ નહીં.
કેમ કે આપણે ભિન્ન નથી.
અને તેમ છતાં પ્રબોધ
ટીપુને આ વર્ષે બાલમંદિરમાં મૂકવાનો છે.
કેમ કે હવે ચીલા પાડવાની ક્રિયાથી હું ઓચાઈ ગયો છું.
અને
આંખની અંદર તને ઊભેલો જોઉં છું.
◘

# અવાજને ખોદી શકાતો નથી.

**લાભશંકર ઠાકર**

અવાજને ખોદી શકાતો નથી!
ને ઊંચકી શકાતું નથી મૌન.
હે વિપ્લવખોર મિત્રો!
આપણી રઝળતી ખોપરીઓને
આપણે દાટી શકતા નથી.
અને આપણી ભૂખરી ચિંતાઓને
આપણે સાંધી શકતા નથી.
તો
સફેદ હંસ જેવાં આપણાં સપનાંઓને
તરતાં મૂકવા માટે
ક્યાં સુધી કાલાવાલા કરીશું
આ ઊષર ભૂમિની કાંટાળી વાડને?
આપણી આંખોની ઝાંખાશનો લાભ લઈ
વૃક્ષોએ ઊડવા માંડ્યું છે તે ખરું
પણ એ ય શું સાચું નથી
કે આંખો આપીને આપણને છેતરવામાં આવ્યા છે?
વાગીશ્વરીના નેત્રસરોવરમાંથી
ખોબોક પાણી પી
ફરી કામે વળગતા
થાકી ગયેલા મિત્રો!
સાચે જ
અવાજને ખોદી શકાતો નથી
ને ઊંચકી શકાતું નથી મૌન

□

## સમુદ્ર

**સિતાંશુ યશશ્ચંદ્ર**

દેવો અને દાનવોએ સરળ કરી
નાખ્યો
તે પહેલાંનો સમુદ્ર મેં જોયો છે.
મેં વડવાનળના પ્રકાશમાં પાણી
જોયાં છે.
આગ અને ભીનાશ છૂટાં પાડી
ન શકાય.
ભીંજાવું અને દાઝવું એ એક જ
છે.

સાગરને તળિયેથી જ્યારે હું
બહાર આવું
ત્યારે મારા હાથમાં મોતીના મૂઠા
ન હોય.

હું મરજીવો નથી.
હું કવિ છું.
જે છે તે છે કેવળ મારી
આંખોમાં.
◘

## પ્રજાસત્તાક
**સિતાંશુ યશશ્ચન્દ્ર**

અડધી સદી સુધી
મારા પર કઠોર-મધુર આધિપત્ય ભોગવનાર
રાજા કામદેવ
હાલ તો
પોતાના કઠોરતર (કદાચ મધુરતર) અનુગામી શાસક
યમદેવને બોલાવી લાવવા
અહીંથી નીકળ્યા છે.

એમનો રસ્તો કેટલો લાંબો છે (કે ટૂંકો)
એની તો મને જાણ નથી.
નવા રાજા પણ કહેણ આવતાં તુર્તોતુર્ત નીકળી પડશે
કે પાડાને નાહીધોઈ થોડો ચારો ચરી તૈયાર થવા
થોડો ટાઇમ આપશે,
એની યે મને જાણ નથી.

પણ હાલ મને જાણકારીની પડી નથી.

જૂના રાજવી પ્રવાસે છે અને નવા શાસક પધાર્યા નથી
એટલે
મારા આ પ્રદેશમાં જાણે પ્રજાસત્તાક છે.

મારી આંખો કાન નાક ત્વચા જીભ,
મારી બુદ્ધિ કલ્પના બધું,
આખી યે ચેતના
એક અનોખા એનાર્કિઝમનો અનુભવ કરે છે.

ઝાડની ડાળે ફળ જોઈ

હાલ જે તરત ઊંચકાય છે,
તે મારો હાથ નથી, મારી આંખો છે,
જરાક ભીની.

દૂર કોઈ ફૂલની સુગંધ આવે
તો મારું નાક મારા પગને એ તરફ ચાલવાનું નથી કહેતું;
મારે હવે પેલા શોખીન રાજવીની સેવામાં
જાતજાતનાં પુષ્પો રજૂ કરવાનાં નથી.

હવે તો
મારા પોતાના ઘરના ઘરની પરસાળમાં
આરામખુરશી નાખી
જે હું ચાહું તેવું મ્યુઝિક લૅપટૉપમાં સાંભળતો,
મેં જાતે જ બનાવેલું ખસનું લીલું શરબત ક્રિસ્ટલ ગ્લાસમાં
આસ્તે આસ્તે પીતો,

સાવ એકલો બેઠો છું.
– જાણે ગઈ કાલ અને આવતી કાલ હોય જ નહીં,
મારી આ આજની અજોડ આજમાં માત્ર આજ જ હોય,
એમ.

□

## પુનઃ પુનઃ
### ચિનુ મોદી

થાકી જવાય છે સાંજના પોલા પડછાયાઓને
                    કાંધ આપી આપીને.
ભૂખરા લાગતા અંધકારની આંખોમાં
ઝાઝું તાકી પણ શકાતું નથી.
અર્થ વગરના અક્ષરોની હાર જેવાં
આ મકાનોમાંથી, આવો, આપણે બહાર કૂદી પડીએ
થોડું પણ કૂદતા વાગે તો લાંબા રાગે
                              લયબદ્ધ રડીએ.
અને એક ખોટા આંસુને પુનઃ જન્માવીએ.
આ શું છે બધું?
રાતા પીળા રંગો
કાળા ધોળા જંગો
લમણે હાથ દઈ હવે કશું વિચારી પણ શકાતું નથી.
છેલ્લી ખેપ કરીને પાછા આવેલા ચહેરા પરની
ઉદાસી
ક્યાં સુધી મને ઘેરી રહેશે?
પુખ્ત ઉંમરનાં મારાં સંતાનો,
પૃથ્વીની વય નહિ શોધીએ તો ચાલશે
અશ્વત્થના વૃક્ષ પરનાં પાંદડાં જેટલાં
ઉપદેશવચનોથી
જગતને નહિ બોધીએ તો ચાલશે
પણ, નહિ ચાલે
એક ખોટ્ટા આંસુને પુનઃ પુનઃ જન્માવ્યા વગર.

□

## લાત કાવ્ય
### મનહર મોદી

લાત મારીને એણે મને કહ્યું :
તું પથ્થર છે.
પથ્થર તો ઉંધા “ઈ” જેવા હોય છે...
અને ઉધાઈનો તો કોણ સંગ્રહ કરે?
લાત મારીને એણે મને કહ્યું :
તું દીવાલ છે.
દીવાલ તો સપાટ હોય છે.
સપાટ દીવાલનું માથું
ગોળ તો હોઈ જ ના શકે.
લાત મારીને એણે મને કહ્યું :
તું ગધેડો છે.
ગધેડો એટલો ઘોડો.
અને ઘોડાની ખરીઓ તો
એની આંખો હોય છે.
લાત મારીને એણે મને કહ્યું :
કાલે રાત્રે મારી એક આંખમાં
મીણબત્તી સળગતી હતી;
અને બીજી આંખ તો મને છે જ નહીં..
*
લાત તો લાત જ હોય છે.
સમયની દીવાલ પર
માથું ટેકવ્યા પછી મને એકદમ
આંચકો આવ્યો હતો એનું સ્મરણ થયું.
અને મને ખબર પડી કે
કબૂતરની આંખમાં ઘૂવડનો
માળો ઊગ્યો છે. કોયલના
કાળા ગળામાંથી બે રાતાં
પાંદડાંવાળું વૃક્ષ પડી ગયું છે.

સ્મશાનભૂમિમાં જાણીબૂઝીને
દટાઈ ગયેલા જીવતા
માણસોના શ્વાસોશ્વાસના
સોગંદ ખાઈને કહું છું કે વેરણ
છેરણ પડી રહેલા રેતીના
એક એક ટુકડાને ભેગો કરો;
અને ક્યારેય ન દેખાતી
પણ ડગલે ને પગલે
અનુભવમાં આવતી ખોપરીઓને
ઊંધી પાડો તો
તેમાંથી
રમતમાં ને રમતમાં ચોરાઈ ગયેલી
વાદળની ચાંચ મળશે :
અને ઈશ્વરની ફૂટી ગયેલી આંખ પણ—

◘

# હું જીવતો છું
## રાવજી પટેલ

ખુરશીમાં ઝૂલતી ડાળીઓ જોઈ શકાય છે.
અને
ઘોડાની નીચે એક બણબણતી બગાઈ સાલી
પ્રત્યેક ક્ષણે
મને વિતાડે છે
હોય. બગાઈ છે બાપડી. ભલે.
પણ હું જીવતો છું એ કંઈ ઓછું છે!
હું મારા Boss-જીનો Personal telephone
તમાકુના છોડને ઉછેરીએ એવી કાળજીથી
નોકરીને પાલવું છું.
હોય. બોસ છે બિચારો. ભલે.
પણ હું જીવતો છું એ કંઈ ઓછું છે!
ઘરમાં મોટેથી તો હસાય જ નહીં
લેંઘામાં ખણજ આવે ને તોય માળું
વલુરાય જ નહીં
હોય ત્યારે ઘર છે બચારું. ભલે.
પણ હું જીવતો છું એ કંઈ ઓછું છે!
'યદા યદા હિ ધર્મસ્ય'
'મુકં કરોતિ'વાળો શ્લોક સ્મરતો હોઉં છું ત્યારે
કોકશાસ્ત્રની ગંદી આવૃત્તિ જેવી બાયડી
મને રોજ ઠૂંસા મારીને રાત બગાડે છે
હોય સાલી એ છે તે ભલે
પણ હું જીવતો છું એ કંઈ ઓછું છે!
રસ્તા પર ગુલમ્હોર છે ને?
બાવળીઓ કહેવું હોય તો જાવ—પણ છે ને?
નં. ૪. ત્રીજો માળ. લીલીછમ બારી. એ પા તો
જોવાય જ નહીં
ક કરવતનો ક બોલાય

ને ન ખાવું હોય તોય બિસ્કીટ લેવાય
ને પાનના ગલ્લા આગળ—ક્ષણીક ઓસરીમાં
રહ્યો રહ્યો મૃત દાદીમાના ઉછંગમાં કૂદાકૂદ
કરી લેવાય. પણ ઘોડીનું લીલી પા
                                        જોવાય જ નહીં. ભલે
પણ હું જીવતો છું એ કંઈ ઓછું છે!
ને ખુરશીમાં ડાળીઓ ઝૂલતી જોઉં છું પાછી.

□

## માખી

રાવજી પટેલ

ઢીંચણ પર માખી બેઠી ને
મને રડવું આવ્યું;
હે...તું કેટલાં બધાં વર્ષો પછી
પાછી આવી?
મારા ઢીંચણ કૂવાના ટોડલા જેવા સૂકાભઠ
એની પર
કોઈનોય સ્પર્શ થતો ન’તો.
ચરામાં દર્ભ ઊગતો, સૂકઈ જતો, તૃણ તૃણ થઈ
ઊડી જતો.
ઝાડ પર બાચકો પોપટ બેસતા
અને ખરી જતા
પણ મારા ઢીંચણ તો સાવ ઊંડી વાવ જેવા ખાલી ખાલી
આજે ઢીંચણ પર દિવાળી બેઠી છે!
મને થાય છે :
ચોકની માટીમાં રગડપગડ આળોટું
પણ
હે....તું કેટલાં બધાં વર્ષો પછી
પાછી આવી?
આજે કામ બામ નથી કરવું,
માખી ઊડી જશે તે પછી હું
મારા ઢીંચણને ચબ્બક ચબ્બક ધાવીશ.
બગીચામાંથી સૂર્યમુખીનું ફૂલ ચૂંટીને
એના પર મૂકીશ.
આ પૃથ્વી પરની
એક માખીને પણ
મારો ઢીંચણ મીઠો લાગે
પછી મને કેમ રડવું ન આવે?

◻

## શંકર પ્રજાપતિને મળ્યા પછી (એક અંગત કાવ્ય)

**રાવજી પટેલ**

મારી પાસે કશું નથી.
હું તો માત્ર ઇન્દ્રવર્ણ કવિતાનો પૂંજ.
લયમાં લપેટી મને
નીસર્યો છું યોનિબ્હાર.

પણ ભાઈ,
મારી પાસે માટી પણ નથી.
મારા બાપ પાસે માટી પણ નથી.
શંકર, તને ઘર જેવો નજીક હું લાગું
પણ હું તો માત્ર સ્ટેજકર્ણ,
મારે મન હૃદય તો ચીતરેલું ફળ
હું તો રિક્ત વાવ,
મારા તારા નામને વટાવી જાણું.
હું તો ચુડેલની પીઠ જેવો પોલો,
છોગાં મૂકી ખીલ્યો કવિતામાં,
પણ રામરામ
ધોળુંફગ હણહણું કુશકીનો ઘોડો
સદીઓનાં ગદેલાંમાં પડ્યો ખંખેરતો
પેઢીઓનો કાટ.
મારે માથે અટકનો તાજ,
મેં ખોઈ નાખી દ્વારિકા,
હું ઊછળતા દરિયાનો સ્વામી આજ કોકાકોલા
ખરીદું છું.
હું કૃષ્ણ હવે ડાઘુ,
મારી પાસે માટી પણ નથી.
મારા બાપ પાસે માટી પણ નથી.
વૉય વૉય કવિતાને પંપાળું.

કવિતામાં હીરોશીમા દીઠું ત્યારે
બીજાં શ્હેર ડબા જેવું ખખડીને કોરે ખસ્યાં.
બુદ્ધ જેવો બુદ્ધ પણ નયન ઢાળીને સાલો ઢોંગ કરે...
એવે વખતે હું ક્યાં?
મનુષ્યનું કુળ પાયમાલીની પાછળ પૈસા વેરે,
મારા લબાડ દાદે
ગંજીપામાં ઘસી પીધો જનમારો.
જીવન ચૂંગીના ધુમાડા જેવું પ્હોળું,
પરચૂરણ ગણવામાં વર્ષો વીતે,
મેં કાવ્ય લખ્યાં,
મેં જન્મ્યા પ્હેલાં અંધારામાં
લસરી પ્રસરી લખી કવિતા.
વૃક્ષ બનીને ખેતર ખાધું,
ગાય-ભેંસની ખરીઓમાં મારગ થઈ પેઠો ખેતરમાં,
કાલામાંથી રૂ નીસરે છે એવો
કાવ્ય સરીખો પ્રસરું.
જન્મ્યા પ્હેલાં
પ્રસર્યો'તો  હું રાજ્ય બનીને,
ઢેફાંની શૈયામાં લ્હેર્યો સૂર્ય બનીને,
પોચી પોચી ગરમીને મેં
પાંદડીઓથી પીધી.
વર્ષોનાં વર્ષો, સદીઓ સદીઓ, યુગો અવિરત
વિચારવેગી વીર્ય થઈને ઢેફે ઢેફે લસર્યો.
ચાંદો, માણસ, પ્હાડ, નદી ને રસ્તાઓ મેં ચાખ્યા.
મારી ત્વચા નીચે ખેતર, વ્હેળા ને ઘાસ,
માછલાં, હલમલતો અંધાર અને
કાવ્ય લખ્યાંની પળો મને સાંભળતી,
ઇજિપ્તના કોઈ પિરામિડમાં વૈભવ વચ્ચે
લયભંગ થયો તે સાંભરતું,
નાળિયેરની ટોચેથી મેં દીઠી વસ્તી,
અણજાણ કબરની ભીતરમાં ગંધાઉં.

કાવ્ય એટલે રતિક્રીડા
એ ક્ષણ મળતાં હું બંકો રાજા,
બબડક બબડક બોલું
હું નામ ખડકનું ખોલું.
હું ચન્ચો મન્ચો વાત કરું તોય પ્રધાન જીજી કરતો
કવિતા લૂણ ઉતારે.
મારા ભેદ આઠસો પચ્ચા
જીવવાનું છલ સાચું બચ્ચા.
પાપબાપને ઝોળીમાં પધરાવી કાશી જઈએ
જીવી ફોઈની બારશ—તેરશ ખઈએ.

હું ભગવાન આવો મોટો કવિકલંકી.
ફિલૉસૉફીની બિલ્ડિંગ બાંધી ત્રીજે માળે સૂતો.
મારું નામ મને આરોગે.
મને નામથી કોઈ બચાવો...
કવિતા મારી ક્યાંય ખપી ના.
ખરે વખત જે મારાં મારાં મારાં મારાં
સાલાં કોઈ થયાં ના.
તારો ભ્રમ છે; તે ફળ નથી.
હું તારો પ્રિય નથી,
હું તને ચાહતો જ નથી.
આ તો જે કંઈ થાય છે ક્યારનું
અગડમ તે સરવાળો મારો તારો.

◻

# અમદાવાદ

## મણિલાલ દેસાઈ

કરુણા તો અમદાવાદના ઊંટની આંખોમાં છે. માણસોને તો આંખો જ નથી. ઊકળતા ડામરની સડકો પર ચાલતાં ચાલતાં એમની બુદ્ધિ પર હવે મોતિયો બાઝી ગયો છે. તે હું પણ અમદાવાદમાં રહું છું, અમદાવાદમાં રહું છું, મારી આસપાસ પણ એક ઝાંખું પડ બાઝવા માંડ્યું છે. નિરોઝ-ક્વૉલિટીનું એરકંડિશન ભઠિયાર ગલીનો શ્વાસ લેવાનો પ્રયત્ન કરે છે. અને ભઠિયાર ગલી તો મણિનગરની વેશ્યાઓના પડછાયા પાડે છે. સાબરમતીની રેતી અહીંના રસ્તે રસ્તે પથરાઈ ચૂકી છે. અને રસ્તા રાહ જોઈને બેઠા છે ગાંડા ઘોડાપૂરની. સાબરમતીનો આશ્રમ ગાંધીએ માછલાં પકડવા નહોતો બનાવ્યો. કે ઘાટ પર નાહવા આવતી અમદાવાદણો સાથે કનૈયાગીરી પણ નહોતી કરવી, એને તો સાયકલરિક્ષા ચલાવનાર અહમદશાહને ઑટોરિક્ષા અપાવવી હતી. પણ આ અમદાવાદ બળવંતરાય મહેતાની મોટરના પાટા પર થૂંકવામાંથી, અને ઇન્દુલાલ યાજ્ઞિકની ટોપીમાં માથું મૂકવામાંથી જ ઉપર નથી આવતું. કાલે—સરખેજની કબરમાં અહમદશાહનો ઘોડો હણહણ્યો હતો. આવતી કાલે—આદમ મારે બારણે ટકોરા મારી પૂછશે કે, 'મેં આપેલી પેલી લાગણીઓનું શું?' ત્યારે હું, લાલ દરવાજે એક પૈસામાં 'બૂટપૉલિશ' કરી આપવા તૈયાર થયેલા છોકરાની આંગળી પકડી, અમદાવાદમાંથી નાસી છૂટીશ.

□

## ફૂટપાથ અને શેઢો
### રઘુવીર ચૌધરી

ફૂટપાથ પર ઊભા રહેવાનો થાક
ખેતરમાં કામ કરીને ઉતારું છું.
આ શેઢે છાંયો શ્વાસને ભરી દેતો,
સામે ઝમતો મોરિયો આંખને ઠારતો,
નીકની માટી–હથેલી માની.
અહીં ધૂણીના ધખારે
ફૂટપાથે ઓગળતા બરફ પાસે ઊભો છું.
સમયપત્રક મુજબની આગલી બસ
પસાર થઈ જાય છે ભરચક....
કોઈ મોડી પડેલી બસ પોરો ખાવા ઊભી રહે છે.
લોકલ તો લોકલ
ચઢી જાઉં છું છેલ્લી ઘડીએ
આવકારવા રાજી નથી લાગતી કોઈ જગ્યા
બેસી જાઉં છું અડસટ્ટે
કે ઊભો રહું છું પીઠ ફેરવીને વારાફરતી.
કોઈકને જરૂર લાગે છે
મુસાફરમાંથી માણસ થઈ વાત કરવાની.
કોઈક ઓળખી કાઢે છે પીઠ પરથી.
પડોશીને કહી સંતોષ લે છે.
ત્યાં આગળ દોડતી રીક્ષા
કેરોસીનની ધૂણી ઓકતી
બીજાં બધાં પ્રદૂષણો પર વિજય મેળવતી
વળી જાય છે ઢોળાવ બાજુ.
શહેર છૂટતું નથી જલદી.
એમાંથી બહાર છટકી આવેલાં
સરહદી વૃક્ષો ડાળપાંખડીએ ઘવાયેલાં છે.
કુંપળ મારા મનમાંય ફૂટતી નથી,
શેઢે વાવેલા ગોટલાને ફૂટી હોય તો હોય...

□

## મુસાફરો
### વિનોદ અધ્વર્યુ

અમે બધા તો!
મુસાફરો કેવળ થર્ડ ક્લાસના!
ઠાંસી ભરેલા અમ આમવર્ગમાં
ધસી ઘૂસીને.
બે (એક વા!) પાય મૂકી મુસીબતે,
ફૂટપાયરી પરે.
રહ્યા મજા ભોગવી વાયુયાનની!

કો બારણાને, સળિયા ગ્રહી, કે
જાણ્યા-અજાણ્યા સહપાન્થ કેરાં
કોણી-ખભો-કૉલર કોટ-જે ચડ્યું
હાથે-ગ્રહીને
લટકી, ટકીને
મુસાફરી રોજ અમે કરી રહ્યા.

પસાર થાય છે કૈ વનવૃક્ષ, ખેતરો,
રસ્તા, નદી, રોજ સવારસાંજે-
ના યાદ કૈં!
ધ્યાન અમારું તો બધું ઠર્યું છ
થાક્યા પ્રસ્વેદભીના
છૂટી જતા હાથ અને ઘડી ઘડી
સરી જતા પાય સમાલવામાં.

◻

## કક્કાજીની અ-કવિતા!

**ચંદ્રકાન્ત શેઠ**

કક્કાજીને કાજે કવિતા નથી આ.
ને બહેરી બારાખડી માટેની બોલી નથી આ.

છંદની છ હજાર વર્ષ જૂની ચાલથી
ઓગણીસોચુમ્મોતેરને કેમ ચલાવવો?
ગર્દભો તો હજુયે ગોવર્ધનરામના ગોદામમાંથી ગદ્ય લાવીને
ગાંધીરોડ પર ફરે છે પાઘડી ને ખેસ નાખીને,
પણ તેથી ટ્રાફિક જામ થવાના
                    ઘેરા પ્રશ્નો સર્જાયા છે આજકાલ!

મીંચેલી આંખે
ઈસવી સન પૂર્વે જોયેલા એક સૂરજને યાદ કરી
આજના સૂર્યોદયે
કાપડની મિલોનાં ભૂંગળાં
ગાયત્રીને બદલે વ્હિસલ સંભળાવે છે
                    તેથી બેચેન છે બાવન કુલ ભદ્રંભદ્રનાં.

તેઓ ઇચ્છે છે :
આ ભાષાને ચોળી ચણિયો ને પાટલીનો ઘેર સજીને
વટસાવિત્રીનું વ્રત કરતી
ને સુકાઈ ગયેલા વડની ચોફેર દિનરાત સૂતરના આંટા
                                        મારતી જોવાને !

પણ ભાષાને ભેટી ગયો કોક અલગારી!
કંઈક એવું ઘુસાડ્યું બખડજંતર એના દિમાગમાં,
કે
એક સવારે
ભાષા

શુદ્ધ બ્રાહ્મણિયા રસોઈ જમવાનો આગ્રહ છોડી
ચાલવા માંડી અમારી સાથે – અમારા રોજના જીવવાના માર્ગે.

ભાષા હવે અમારી જેમ ખાય છે, પીએ છે ને હરેફરે છે.

□

## વરસાદ

દિનેશ કાનાણી

વરસાદમાં
પલળી ગયેલી
મારી કવિતાની ડાયરી,
સવારે સૂરજ સામે મૂકી ત્યાં
તો
એમાં કૂંપળો ફૂટવા લાગી
*
તારી
આંખમાં
આંસુ જોઈને
એમ થાતું કે,
આભના વરસાદમાં
ભીંજાવું
તો
કેટલું સરળ છે!!
*
મારા મૌનને પણ સાદ
સમજીને
જે દોડી
આવે છે.
એના પર
વરસાદ થઈને
વરસી પડવાનું
મન થાય છે!

□

## મારું અમદાવાદ
**ચંદ્રકાન્ત શેઠ**

હથેલીમાં મૂકી જોઉં અમદાવાદ!
લખોટીથી તાકી જોઉં અમદાવાદ!
અમદાવાદના ટુકડા ભરી જોયા કરું કેલિડોસ્કોપમાં
અમદાવાદને ફૂંકી જોઉં મિલની ચીમની જેવી સિગારેટથી
અમદાવાદને હોળી જોઉં ને ગૂંચ કાઢી ફેંકી દઉં સાબરમાં.
અમદાવાદને ગજવે ઘાલી લઈ જઉં હૅવમૉરમાં
                ને બતાવું ઝગમગ જુગનૂ જેવું કંઈક અંધારામાં.
ને કમ્પોઝ કરું છાપાંમાં
                ને વેચી દઉં પસ્તીમાં – માણેકચોકમાં.
અમદાવાદને જોઉં સીદી સૈયદની જાળીમાંથી
અમદાવાદને સાંભળું વેપારી મહામંડળના અધિવેશનમાં.

અમદાવાદ નાનું છે – નાની-શી નારના નાકના મોતી જેવું!
અમદાવાદ મોટું છે – શેરબજારના શેઠજીની ફાંદ જેવું!
અમદાવાદ નમતું છે – વાણિયાની મૂછ જેવું!
અમદાવાદ અણનમ છે – વેપારીની આંટ જેવું!
અમદાવાદ ગલી છે સાંકડી શેરીની.
અમદાવાદ વિશાળ છે – સાબરથી સમુદ્ર સુધી.

અમદાવાદ ને અહમદશાહ :
અહમદશાહ ને હું :
હું ને અમદાવાદ :
હું ગાદી પર, અમદાવાદ માણેકનાથની સાદડી પર!
હું ધોતી, અમદાવાદ પાઘડી!
અમદાવાદ હસે, રડે, ઊંઘે, જાગે, થંભે, ભાગે
ને ત્યારેય અમદાવાદ મારા પગલામાં, મારા ગજવામાં
                મારી આંખમાં, મારા શબ્દોમાં.
અમદાવાદ મારા હાથ જેટલું લાંબું,

મારી છાતી જેટલું પહોળું,
મારી ચાલ જેટલું ઝડપી,
મારા શ્વાસ જેટલું પાસે,
ને મારા મન જેટલું મારું!

□

## પડછાયો

**પ્રવીણ ગઢવી**

'o, wood cutter'
cut my shadow.*
હિન્દુ બનું
બુદ્ધ બનું
મુસલમાન બનું
આ પડછાયો કપાતો નથી
મારાથી
કુલડી ગઈ
સાવરણી ગઈ
આ પડછાયો છૂટતો નથી
મારાથી.
નામ બદલું
કામ બદલું
ઠામ બદલું
જાત બદલું
આ પડછાયો છોડતો નથી.
ભાષા બદલું
વેશ બદલું
ઇતિહાસ બદલું
આ પડછાયો તૂટતો નથી.
સ્મૃતિ રચું
બંધારણ રચું
કાયદા કરું
થાપણ બનું
કોઈ કાળે આ પડછાયો ભૂંસાતો નથી.
'o, wood cutter'
cut my shadow

* લોરકા, સ્પેનિશ કવિ

## ભગવાનનો ભાગ

રમેશ પારેખ

નાનપણમાં બોરાં વીણવા જતા.
કાતરા પણ વીણતા.
કો'કની વાડીમાં ઘૂસી ચીભડાં ચોરતા.
ટેટા પાડતા
બધા ભાઈબંધો પોતાનાં ખિસ્સામાંથી
ઢગલી કરતા ને ભાગ પાડતા–
–આ ભાગ ટીકુનો.
–આ ભાગ દીપુનો.
–આ ભાગ ભનિયાનો, કનિયાનો...
છેવટે એક વધારાની ઢગલી કરી કહેતા–
'આ ભાગ ભગવાનનો!'

સૌ પોતપોતાની ઢગલી
ખિસ્સામાં ભરતા,
ને ભગવાનની ઢગલી ત્યાં જ મૂકી
રમવા દોડી જતા.

ભગવાન રાતે આવે, છાનામાના
ને પોતાનો ભાગ ખાઈ જાય–એમ અમે કહેતા.

પછી મોટા થયા.
બે હાથે ઘણું ય ભેગું કર્યું;
ભાગ પાડ્યા-ઘરના, ઘરવખરીના,
ગાય, ભેંસ, બકરીના.
અને ભગવાનનો ભાગ જુદો કાઢ્યો?

રબીશ! ભગવાનનો ભાગ?
ભગવાન તે વળી કઈ ચીજ છે?

સુખ, ઉમંગ, સપનાં, સગાઈ, પ્રેમ-
હાથમાં ઘણું ઘણું આવ્યું...

અચાનક ગઈ કાલે ભગવાન આવ્યા;
કહે : લાવ, મારો ભાગ...

મેં પાનખરની ડાળી જેવા
મારા બે હાથ જોયા – ઉજ્જડ.
એકાદ સૂકું તરણું યે નહીં.
શેના ભાગ પાડું ભગવાન સાથે?
આંખમાં ઝળઝળિયાં આવ્યાં,
તે અડધાં ઝળઝળિયાં આપ્યાં ભગવાનને.
વાહ! – કહી ભગવાન મને અડ્યા,
ખભે હાથ મૂક્યો,
મારી ઉજ્જડતાને પંપાળી,
મારા ખાલીપાને ભરી દીધો અજાણ્યા મંત્રથી.

તેણે પૂછ્યું : 'કેટલા વરસનો થયો તું?'
'પચાસનો' હું બોલ્યો
'અચ્છા...' ભગવાન બોલ્યા : '૧૦૦ માંથી
અડધાં તો તેં ખરચી નાખ્યાં...
હવે લાવ મારો ભાગ!'
ને મેં બાકીનાં પંચાસ વરસ
ટપ્પ દઈને મૂકી દીધાં ભગવાનના હાથમાં!

ભગવાન છાનામાના રાતે એનો ભાગ ખાય.

હું હવે તો ભગવાનનો ભાગ બની પડ્યો છું અહીં.
જોઉં છું રાહ –
કે ક્યારે રાત પડે
ને ક્યારે આવે છાનામાના ભગવાન
ને ક્યારે આરોગે ભાગ બનેલા મને
ને ક્યારે હું ભગવાનનાં મોંમાં ઓગળતો ઓગળતો...

## શબ્દપાત

### અનિલ જોશી

જેમ લંગડી છોકરીના હાથમાં,
કાચા સૂતરનાં મોરપગલાં
એમ મારા હાથમાં
બાપુજીએ વાપરવા દીધેલ
શબ્દના સિક્કા હોય
હું સિક્કો લઈને
ઊભી બજારે
કંઈક
ખરીદવા જાઉં ત્યાં
દુકાનદાર ઘુરકિયું કરીને
તાડૂકે :
‘તારો સિક્કો ખોટો છે ભાઈ, ચાલતી પકડ.’
ચાલતી બસે
ચડવું ફાવે નહીં,
હોહોગોકીરો ને ધક્કામુક્કીમાં
ચંપલની પટ્ટીયે તૂટી જાય,
ચશ્માં નાક ઉપર આવી જાય,
ખમીસની સિલાઈ વછૂટી જાય.
છેવટે
ઉઘાડપગો હું મંદિરે જઈને,
સિક્કો ઉછાળીને નક્કી કરું કે
સિક્કો આરતીમાં નાખી દેવો.
સંધ્યાકાળની આરતીમાં
હું ધ્રૂજતે હાથે સિક્કો નાખવા
જાઉં છું ત્યાં
મંદિરનો પરિચિત પૂજારી
મારો હાથ પકડીને કહે છે :
‘અરે, ભાઈ તું તો કવિ છે.

તારે તો
દીવો ઠરવો ન જોઈએ
એ શરતે વાવાઝોડાની આરતી
ઉતારવાની છે. લે આરતી
ને ગંગાઘાટે જઈ ગંગાલહરી લખ'
ગંગાઘાટે તો
જેની આખીયે જિંદગી
લૂગડાની કરચલી ભાંગવામાં ગઈ
એ ગંગાઘાટનો ધોબી
કાયાની કરચલી ભાંગી શકતો નથી.
કરચલીવાળા હાથે
ઊંચકાતી ઇસ્ત્રીની જેમ
હું કલમ ઊંચકીને
ગંગાલહરીની માંડણી કરું છું,
ને ગંગાનાં પાણી
શ્લોકે શ્લોકે
સુકાતાં જાય
સુકાતાં જાય
સુકાતાં
સુકા
સુ...

□

# વાત એટલેથી જ અટકી ગઈ છે

## રાજેન્દ્ર શુક્લ

પાનના ગલ્લાની પેટ્રોમેક્સના ઝાંખા ઉજાસમાં,
સ્કૂટરોના કર્કશ અવાજ મધ્યે,
સાંજે વાયુ ભરેલા ફુગ્ગા અપાવેલા
શિશુઓને આંગળીએ વળગાડી
આવતાં જતાં રવિવારીય લોકો વચ્ચે,
ઓછું વપરાતા બસસ્ટૅન્ડના
ઘોર નિર્જન બાંકડા પર,
મ્યુનિસિપાલિટીના ગુલમ્હોરવૃક્ષની
એક ડાળ નીચે,
પદ્માસને ધ્યાનસ્થ એવા મને
બોધિજ્ઞાન થવાની ક્ષણે જ
અચાનક
એક સૌમ્ય છીંક
આકાશમાંથી નીચે ઊતરી આવી;
અને હે શ્રમણભિક્ષુઓ
વાત એટલેથી જ અટકી ગઈ છે......
વાત એટલેથી જ અટકી ગઈ છે.......
વાત એટલેથી જ અટકી ગઈ છે.....

◻

('સ્વવાચકની શોધ' કવિતાનો એક અંશ)

## સ્વવાચકની શોધ

### રાજેન્દ્ર શુકલ

પૂર્વે કોઈ એક સમયે
સાથે જ બહાર નીકળ્યા હતા અમે.
કશેક જવું હતું.
કશેક એટલે ક્યાં તેની
મને આજે પણ ખબર નથી.
કશેક એટલે ક્યાં તેની તો
એને પણ ખબર નહીં હોય.
એનું શું થયું હશે?
શું થયું હશે એનું?
એક સાથે જ કશેક જવાનું
તેથી કશેક એટલે ક્યાં
કે કશેક એટલે ક્યારે કે કેટલેક
એવી ખબર પણ
એક સાથે જ હોય ને?
અરે, છેલ્લે પાન પણ ખાધાં હતાં સાથે
ને બસની રાહ જોતા ઊભા હતા અમે.
ચાલતી બસે એકસાથે ચડી તો શકાય,
પણ એકસાથે નયે ચડી શકાય.
તે કશેક, ક્યારેક જવાનું
એમનું એમ જ રહી ગયું છે સાવ.
શક્યતાની બસોની શક્યતાનાં સ્ટેન્ડોના
બધા જ શક્ય સમયોમાં
હું એકલો એકલો ઘૂમી વળ્યો છું ક્લાંત.
એનેય એકલા એકલા ઘૂમવાનું જ આમ.
એનો નાદ, એના સ્વરવ્યંજન, એનો અર્થ,
કશું જ યાદ નથી મને.
કેવળ ઝાંખીપાંખી એક આકૃતિ યાદ છે
અને યાદ છે ઝાંખુંપાંખું
કે અમારું ઘણુંબધું સહિયારું હતું...

## બાગમાં

મંગળ રાઠોડ

પર્ણ મર્મરનાં મોજાં પર મોજાં ઊછળે છે.
પુષ્પોની રંગબેરંગી માછલીએ સેલારા મારે છે પવનમાં.
મેંદીની વાડનાં ઢગલાબંધ શેવાળની ઓથે,
એકબીજામાં ગોટપોટ થઈ બેઠેલાં યુગલો–
એક વખત તૂતક પર ટહેલતાં મુસાફરો હતાં શું?
નાળિયેરીનાં વૃક્ષેના પડછાયા ઑક્ટોપસ બની
પકડવા મથે છે પતંગિયાંઓને —
પગરવોના પરપોટા સપાટી પર જઈ ફૂટે છે —
દૂર રમતાં બાળકોનાં ટોળાંની જેમ...
આસપાસનાં મકાનો અને મિનારાઓનાં સ્થાપત્યનો
ખડકાળ આકાર હવે ખૂંચતો નથી કેમ...?
સપાટી પર પથરાઈ ગયેલી આકાશની વિરાટ જાળમાં
ઈશ્વર નામના માછીમારના હાથે
હું શું હવે ઊંચકાઈને બહાર ફેંકાઈ શકીશ ક્યારેય?
એવો સંદેહ ઊપજે તેવો –
કોઈક ડૂબી ગયેલી સ્ટીમરના કપ્તાન જેવો બની
હું દિશામાપક યંત્ર પર ઊંધે માથે ઢળી પડ્યો હોઉં—
એમ બેઠો છું બગીચાના ખૂણે આ તૂટેલા બાંકડા પર!

□

## અહીં

કાન્તિ પટેલ

બકરીના કાન પંપાળવાનું હોય તમારે?
ચરણને ગળી ગયાં પગલાં.
ચાલ્યાં કેટલું એ ન પૂછો.
આગળ ચણોઠીનાં વન.
પાછળ તીખાં કાણાં મન
ચૂપ થઈ ચગળવા લાગ્યા ચકળવિકળ આંખો.
ઓઢાડીને ઢાંકી દીધું છે.
એ શબ તો ન હોય?
સ્વસ્થપણે પૂછડું હલાવવું
એ જ એક સત્ય.
બાળકપણું વાગોળવા
શોધવા પડશે, પરીઓ અને રાજમહેલ.
નથણી ગઈ છે ખોવાઈ,
નાક વીંધાવવાનો અર્થ સરી ગયો.
અમૃત પીવાનો મોહ
દેવો ન ખાળી શક્યા.
કાલનો મોભ તૂટું તૂટું જણાય.
પણ મકાન ચણાશે.
નર્તકીની કેડના લચકાઓ
મુખવાસ જેમ ચાવું છું.
હર નિરાશ પળે હું અહી આવું છું.
અહીં કોણ છે?
અહીંની વ્યાકરણી વ્યાખ્યા
પેલા બંધાતા મકાનમાં ચણી દીધી છે.
ખેડેલાં ખેતરોની લાઈનિંગ
કોઈ ડિઝાઇન-મેકરને કામ લાગશે,
એમ કહેવામાં કોઈ સાર નથી.
અહીં ફક્ત હું છું
ત્યાં તમે હશો.
પણ એ અગત્યનું નથી.

# એકરાર

## પન્ના નાયક

ભલે રાખ થઈ ગઈ
અગરુની વાટ
પણ શ્વાસમાં હજી યે છે એની સુવાસ
શ્વાસે શ્વાસે પામું છું સુગંધ.

શાવરમાંથી બહાર આવેલાં
ભીનાં પગલાંની હારમાળા
મારી દૃષ્ટિની પગદંડી બની ગઈ છે
પણ હવે એ રસ્તે મારાથી ચલાતું નથી
    અમે ઘણો માર્ગ સાથે કાપ્યો છે.

સ્પર્શનો રંગ હોય તો
તે રાતો
હું તો ત્યારે જ ઘણું લજાઈ ગયેલી
તેમાં અંબોડાના ગુલાબ
    અને ચૂમેલા હોઠની સ્પર્ધા સુખરિત થઈ ઊઠી.

મેં વાંચ્યાં તે કાવ્યો ન હતાં
કોઈ કુમારિકાની જાણે એ તો કંકોત્રી
પંક્તિ પંક્તિએ હસ્તમેળાપનો સમય
ને મારો હાથ... એમ જ ઝલાઈ ગયો.

શયનગૃહની
કોમલ શય્યા પર શ્વેત ચાદર
તાણી તાણીને બિછાવું છું
પણ સળ પડી જ જાય છે
જાણે સળવળ સળવળ થતાં એ ક્ષણનાં સ્મરણો.

સ્ફુરણ પામતી કાવ્યની પ્હેલી પંક્તિ સમું
    હવે ગર્ભમાં કંઈક ફરકે છે
કોઈ મારી પાસેથી ગયું છે
    અને કોઈ મારામાં આવી રહ્યું છે

◘

## વિરતિ

**મહેન્દ્ર અમીન**

કાળને
બાઝી ગયેલાં
વિરતિનાં જાળાં
હવે તો
સાફ કરવાં પડશે
નહિ તો.
મારા અસ્તિત્વની
ધાર
કાટ ખાઈ જશે :
લાવ,
કેટલાંક જૂનાં થઈ ગયેલાં
કાર્યો –
ભલે એનાં એ જ —
જરીક નોખી રીતે કરું :
ઈશુને ગોળીએ વીંધું
અને
ગાંધીને ખીલે ઠોકું.

◘

## નૂતન ૨૦૨૭ વર્ષ
### રાધેશ્યામ શર્મા

નિઃશબ્દતાના નકશીદાર દ્વાર પર
શબ્દને ટકોરા કરી શકે તો
વહી આવતા વંટોળને થીજવીને
ટમટમતાં કોડિયાંની દીપશિખાને
સંકોરી ઝળહળતી કરી શકાય
બોલું બોલું કરતી સિંહાસન બત્રીશી
વીર વિક્રમની આણને સાચવી લેતી
સંવતના સૂરજોની કિરણાવલિ પ્રગટાવે
અને ત્યારે
આકાશની ભીની ભૂરાશ પીધેલ તારકોની
ધરાના લીલા લાવણ્ય પર બીજવર્ષા સંભવે
ઉલૂકોની આંખમાં રા' થયેલાં તારકમંડળ
આંગણામાં ઊગેલા રાગના સાથિયાને
સળગીને એચિંતા પ્રગટ કરી દે
તેના અજવાસે દાંતેનો પે...લો દરજી
ગજકાતરને કોરાણે મેલી
'શિવ શિવ' કરતો સીવવા માંડે!

□

# અહીં

**પ્રબોધ પરીખ**

અહીં બરફ પર ફૂલ છે મારા શોકના પડછાયાઓનું.
કાંઠાવિહોણા દોડે જતા સમુદ્રો
લિપિ વિનાનાં
ઊંડા
આ વરસોના જંગલમાં.
અજાણ્યા આકાશખંડોનાં ફળો
અહીં ઘોઘરા અવાજમાં નાશ પામ્યા છે તે.
અશક્ય ભૂગોળોની નસોમાં ગતિ,
લોહીમાં ગુફાઓના સ્મરણનો ભય,
દરેક શ્વાસોમાં ચરતું હોય મૃત્યુ
હવે આ હું કઈ તરફ ફરી રહ્યો છું?
દેશ મારો પથરાયો છે મારી હથેળીના પટ પર,
સ્મૃતિઓની જાજમ ઓળંગી છે મેં ઊડીને.
પાંખોમાં નશો સ્ટેશન પર ઊભા રહેલા છૂટા પડતા શબ્દોનો.
લીલા રંગનું નામ છે મારા મગજના કિલ્લાની આસપાસ આ શહેરમાં
મેં મારા હાથોથી તોડી છે આ પૃથ્વી.
ફર્યો છું સાતતાળી રમતાં અનેક મેઘધનુષી કૅલેન્ડરમાં.
અહીં દરિયામાં પથરાયેલી હોડીઓનું આવ્યું છે
મને અમાનુષી સ્વપ્ન
મારાં હાડકાંઓને
લોહી માંસ ચામડીને ઓળંગીને,
હવામાં અદૃશ્ય ફરતા ગર્ભ પાસે પાછા જવાનું.
કોઈ અરીસો છે નહિ,
કોઈ સંબંધ નહિ.
બારીમાં ફૂલો લોખંડની બેડીથી પત્તાં રમતાં બેઠાં છે.
ગળાફાંસો મારી નસનસમાં.
પિયાનોમાં ફેલાતો જતો દેહ કઈ તરફ, કયા રહેઠાણમાં, કઈ
બરફીલી સફેદ છાતીઓમાં?

□

## પરિપક્વતા
### વિપિન પરીખ

હવે હું જીવનમાં બરોબર ગોઠવાઈ ગયો છું.
ડેલ કાર્નેગીએ સાચે જ સોનાની કૂંચી આપી દીધી છે.
આપોઆપ બધે ખૂલતાં જાય છે દ્વાર.
હા, કોઈ માંદું પડે તો તરત જ પહોંચી જાઉં છું પાસે.
કોઈની વર્ષગાંઠ હોય ત્યારે ફૂલનો ગુચ્છો મોકલવાનું ભૂલતો નથી.
અને સારેમાઠે પ્રસંગે તાર કરવાનું પણ ચૂકતો નથી.

ઑફિસમાં બધા હસતા ચહેરા નિર્દોષ જ હોય
એમ માનું એવો બાળક રહ્યો નથી હવે.
પ્રત્યેકની એક કિંમત હોય છે એ સત્ય
નસેનસમાં લોહીની જેમ વહી રહ્યું છે.

યાદ આવે છે :
પહેલી વાર સ્મશાને ગયો તે પછી
કેટલીય રાત જંપીને સૂઈ ન શક્યો
પણ હવે તો
મને નનામી બાંધતાં પણ આવડી ગઈ છે.

□

# જોઈએ છે
## વિપિન પરીખ

ભવોભવના ફેરામાંથી મુક્તિ આપે
એવા પ્રભુની જરૂર નથી!
જોઈએ છે એક એવો પ્રભુ
જે
રેલવેના ટાઇમટેબલમાંથી મુક્તિ અપાવે,
ટ્રાફિકના સિગ્નલ પર દોડતી રક્તની ગતિને
અંકુશમાં રાખે,
જમ્બો જેટમાં
સમયને ઘસડાઈ જતો અટકાવે,
રેડિયો અને ટેલિવિઝનમાં મોકળાશ શોધતી
શૂન્યતાને ઠપકારે,
સવારે
સત્યનો વાઘો પહેરીને
આવતા સમાચારોથી અળગો રાખે
અને જાહેર ખબરોમાં
મને સસ્તે મૂલે વેચાઈ જતો રોકે.
જોઈએ છે
એક એવો પ્રભુ...

◻

# કોઈ ક્યાંક ઊભું છે

**નલિન રાવળ**

પ્રેયસી?
ના
તું નહીં.
મિત્ર?
ના, તુંયે નહીં.
ના પ્રેયસી, ના મિત્ર, ના કોઈ નહીં.
પણ
કોઈ ક્યાંક ઊભું છે.
આ બળતા અવાજોથી ભર્યા બળતા નગરની
બ્હાર,
મારી કામનાના
આભથી પૃથ્વી લગી પથરાયલાં રેતીરણોની બ્હાર,
અણજાણ ઓળાઓ ભર્યા અવકાશનીયે બ્હાર
રણકે એક ગેબી સૂર
એ
સૂરનીયે પાર
ઊભું
કોઈ,
આ સૂર્યભીના દિવસના ને ચંદ્રભીની રાત્રિના પર્દા પૂંઠે
ક્યાંક
ઊભું કોઈ
કોઈ ક્યાંક મારી રાહ જુએ છે.

◻

## ગ્લાસ-રચના
### મનોજ ખંડેરિયા

અચાનક
હાથમાંથી ગ્લાસ પડી જતાં
ફૂટી જાય છે
અને ખૂટી જાય છે જાણે કે બધીયે વાત
વાત વગર તો ક્યાંય પણ ગમતું નથી
ગ્લાસનું નામ ગમવું નથી
તોય ગમતું નથી તે
ગ્લાસના ફૂટી જવા જેટલું જ નક્કર સત્ય છે
શક્ય છે કે
હુંય ફૂટી જાઉં?
ને ખૂટી જાય બધી વાત?
પણ મારું નામ ગ્લાસ નથી
હું હાથમાંથી પડી શકતો નથી
ટેબલ પરથી દડી શકતો નથી
કેમ કે હું હાથ છું
કેટલી સદીઓથી ટેબલ ઉપર
ગ્લાસની સામે પડેલો હાથ છું
ટેબલ પર ખીલે જડેલો હાથ છું
હું હાલીચાલી શકતો નથી
કે મ્હાલી શકતો નથી
મિત્રો સાથે
રવિવારની સરકતી સોનેરી સાંજ
મન તો
સરકે છે સાપની માફક
વીતેલા જન્મોના વિચારમાં
કે
અણકથી કથાઓના કેન્દ્રમાં
જીવ

ચકલીની જેમ ફફડાવે છે પાંખો
આ ખૂણેથી તે ખૂણે
પણ ક્યાંય ગમતું નથી
ગમવું ફૂટી ગયું છે ગ્લાસની જેમ
તૂટી ગયું છે કશુંક
ને ખૂટી ગયું છે જાણે કે બધું જ....
□

# એક ટેલિફોન ટૉક

ચન્દ્રકાન્ત ટોપીવાળા

હલ્લો સાગર
કાંઠાના વેલા ફાંસામાં ગળાડૂબ મોઢે ફરતા ફૂંફવતા
ફીણના હલ્લા વચ્ચે હલ્લો સાગર હું
તમારું પાણી બોલું છું હલ્લો હલ્લો સાગર હું
તમારું પાણી બોલું છું તમારી વાણી અહીં સુધી
નથી પહોંચતી તમારું પાણી બોલું છું તમારી
વાણી નથી બોલી શકાતી
હલ્લો સાગર

નીલ્લો તમારો કિલ્લો તોડી આવો બહાર રેતીનો
ખીલ્લો ખીલ્લો બાંધી રાખે છે પાણીપંથા અશ્વો
પાણીપોચાં વિશ્વોનાં સપનાંઓનો ભય તમારાં પાણીને
પાણી પાણી કરી નાખે છે તમારી વાણી નથી
બોલી શકાતી ઠાલાં છીપોના દ્વીપો ઠેલ્લો મારે છે
હલ્લો સાગર હલ્લો સાગર

નીલ્લો તમારો કિલ્લો તૂટે તો રેતીનો ખીલ્લો ખીલ્લો છૂટે
હલ્લો સાગર નીલ્લો તમારો કિલ્લો તોડી આવો બહાર
અગસ્ત્યના પેટસૂતું હું તમારું પાણી વડવાનલની
જીભે જલતું હું તમારું પાણી ચૌદ રત્નના ઘામાં
ગભરુ તમારું પાણી બોલું છું

◻

# પક્ષીતીર્થ
**ચન્દ્રકાન્ત ટોપીવાળા**

ક્યારેક ખડક જ અદશ્ય થઈ ગયો છે
ખડક જો દેખાયો છે તો
પગથિયાં અદશ્ય થઈ ગયાં છે.
પગથિયાં દેખાયાં છે તો ખડક ચઢી
                    શકાયો નથી.
ખડક ચઢી ગયો છું તો અધવચ
                    અટકી ગયો છું.
ને પાછો ઊતરી ગયો છું.
ખડક ચઢી પણ ગયો છું તો મન્દિર
                    જડતું નથી.
મન્દિર જડ્યું છે તો બપોર જડી નથી.
બપોર જડી છે તો કહેવાયું છે કે
હમણાં જ પંખી આવીને ઊડી ગયું...
હમણાં જ....
પંખી તો અવશ્ય આવે જ છે,
પણ હું દરવખતે પંખીને ચૂકી ગયો છું.

□

## ચાલો

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

ચાલો,
આષાઢનાં વાદળો તીડનાં ટોળાં બનીને
ધરતીને ચૂસી ખાય તે પહેલાં,

વિનામોતે મરેલાંની કબરો
હિમાલયનાં શિખરો બની જાય તે પહેલાં,

પ્રેમની વાતોથી
કવિતાના શબ્દોનો રંગ ફટકી જાય તે પહેલાં,

જાળ નાખીને
ચંચલ પાણીમાં સ્થિર ઊભેલો માછીમાર
ભગવાન બની જાય તે પહેલાં,

ચાલો,
ધરતીમાં ઢબૂરાયેલા બીજને
આપણે મૃત્યુની કથા કહેવાની છે.
અને –

□

## અશ્વ

### પ્રિયકાન્ત મણિયાર

વ્હેલી પરોઢથી મચ્યો અષાઢનો વરસાદ
ને આછી ઘણી છે આવજા રસ્તા ઉપર,
હું હોટલે ચાની હૂંફાળી બાષ્પને ચાહી રહું જ્યાં રોકવા
ત્યાં સ્ટેન્ડ પર એકલ નિહાળું કોક ગાડી એકધારી
ક્યારની દદડી રહી,
ને એટલા પલળેલા પેખું ચર્મના એ દાબડા
ઘેરા બન્યા અંધાર જેવા અશ્વની આંખો ઉપર
કે વ્યોમથી પડતું હજી પાણી હવે પાછું પડે,
શોષાય ના;
બ્રશ સમી કાપેલ એની કેશવાળીની મહીં તો કેટલું રહે?

ધોધ જે પાણી પડ્યું એમાં ઘણું તો વહી ગયું
એ ઠીક,
નહીં તો ક્યારનો ડૂબી ગયો એ હોત!
ને એય પણ કંઈ ઠીક જેવું થાત.
ને હજુ ઉપરાઉપર વરસી રહ્યાં આ વાદળાં,
લિસ્સી રુંવાટીની થકી લસરી રહ્યાં,
થોડાંક પણ એવાં ભરાયાં કાંધ પરના ભારમાં, સામાનમાં,
ને એટલે ચારે તરફ વ્યાપી વળ્યા આ શીતમાં
અકડાઈ ગયેલું પુચ્છ, આખી કાય,
શું એકાદ ક્ષણ બસ અગ્નિની જ્વાળા સમું ધ્રૂજી ઊઠે;
નીચી નમેલી ડોક એવા એક ઊંડા કંપથી
ઊંચી થઈને શીઘ્ર પાછી એ ક્ષણે નીચી પડી,
અંગ આખાની મહીં વ્યાપી વળી લાચાર ત્યારે
અશ્વની શુંયે વિમાસણ –
સૂર્યનો રથ જે વહે એ સપ્તમાંથી એક પોતે
ક્યાંકથી અહીં આવી પડ્યો?

□

# એ લોકો

પ્રિયકાન્ત મણિયાર

એ લોકો પહેલા કાપડના તાકા ભરી રાખે છે.
પછી જ્યારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે વાર વાર વેચે છે

એ લોકો પહેલા ધાન્યના કોથળા ભરી સીવી રાખે છે.
પછી જ્યારે માણસ સડી જાય ત્યારે કિલો કિલો વેચે છે.

એ લોકો પહેલા ઔષધની શીશીઓ સંઘરી રાખે છે.
અને માણસ જ્યારે ફૂટી જાય છે ત્યારે થોડી થોડી રેડે છે.

એ તો લોકો છે જ નહીં, એ તો નોટો ને ખાઈ ઉછરતી ઉધઈ,
બીજું એને કાંઈ ભાવતું નથી,

મારે કવિ થવું જ નથી
ભારે અસર કરનારી જંતુનાશક દવા થાઉં તો ય બસ!
◘

# અવાજ ક્યાં છે?
## સુરેશ દલાલ

પોતાની હયાતીને ઓળખવા માટે
પડઘાઓથી રમનારા મારા મિત્રો
તમારો અવાજ ક્યાં છે?
અવાજનો ઉદય તો સૂર્યની જેમ થતો હોય છે.
અવાજ આકાશમાં ઊગે છે અને પૃથ્વી પર પ્રસરે છે.
બર્થ-ડે પાર્ટીના રંગીન ફુગ્ગાઓ, એ અવાજ નથી.
શબને સ્મશાને લઈ જતા ડાઘુઓની રામધૂન, એ અવાજ નથી.
અવાજ ખુલ્લી છાતીનો દરિયો છે.
પડઘાઓના રણમાં
અવાજનું મૃગજળ ક્યારનું ચળક્યા કરે છે.
ને તમે રૂના હરણની જેમ ભટક્યા કરો છો.
તમને તરસનું તીર પણ વીંધી શકે એમ નથી.
તમારી હયાતીને તમારે ઓળખવી હોય તો –
– ચૂપ રહો, મારા મિત્રો!

◘

# સૂર્યોપનિષદ

**હરીન્દ્ર દવે**

**૧**

સાંજના સૂર્યને
પૂછવા ધારેલો સવાલ
મેં મધરાતના તારાને પૂછી લીધો
અને
બ્રહ્માંડનું એક રહસ્ય ખુલ્લું થઈ ગયું.
વજનદાર હવાઓ ખેંચાઈ રહી છે
પોતપોતાની ધરતી તરફ :
શૂન્યતાઓના એક પછી એક
ઊખળતા પડની તળે રહેલું શૂન્ય
બધી જ ધરતીઓનું
આકાશ બની બેઠું છે.

થોડે થોડે અંતરે સળગતા સૂર્યો
એને અજવાળી શકતા નથી :
અંધારાની દુનિયામાં
મારા અવાજનાં આંદોલનો
તરતા ડુંગરો બની અટવાઈ ગયાં છે.
પ્રકાશ અને અંધકાર
અલગ રહી જે જવાબ ગૂંથે છે
એ ઉકેલવા
વાલ્મીકિ હતો, ત્યારથી હું મથું છું.

**૨**

જીવન અને મૃત્યુ એકસાથે ઊભાં રહી
સાવ અજાણી અને અલગ અલગ
ભાષામાં વાતો કરે છે.
બંને જોડે એકીસાથે વાત કરવાનો પ્રયત્ન કરતાં

હું અવાક્ બની જાઉં છું.
મારા એ સ્તબ્ધ મૌનને
કોઈ ઉદાસીનું નામ આપે છે,
કોઈ કહે છે એને ખુલ્લી આત્મહત્યા :
જાતને નિર્મૂળ કર્યા વિના
હું કેમ જીવી શકું
એ સમજાતું નથી...
એ જિજીવિષાને જ સૌ ગૂંચવે છે
મૃત્યુની ઉત્કટ ઝંખના સાથે.
યાતનાનાં તુમુલ મોજાંઓ પર
ડગમગતી નાવમાં
અસ્થિર પગલે ઊભો રહી
ચીસ પાડીને કહું છું
કે
મારે જીવવું છે!
કિનારા પર રહેલાઓ કહે છે
કે મઝધારમાં સમાધિ લેવાનો
આ સભાન આયાસ છે.

જીવન અને મૃત્યુ બંને સાથે બેસી
વાત કરી રહ્યાં છે –
બંનેની ભાષા અલગ
અને તેઓ સાથે વાત કરવાના પ્રયત્નમાં
હું અવાક્....

◘

# સાંજ

હસમુખ પાઠક

નમેલી સાંજનો તડકો,
અહીં ચડતો, પણે પડતો,
ક્ષિતિજના ઉંબરામાં સૂર્ય ખાતો ઠેશ
અડવડતો.

અહીં પાકી ગઈ સડકો ઉપરનાં ઘર
બધાં ફિક્કાં અને જુક્ષાં;
પણે સૌ મૌનમાં ડૂબી ગયાં ખેતર,
બિચારાં સ્તબ્ધ છે ઠૂંઠાં!

પવન તો જંગલી, ગાંડો, વળી
સૌની તરફ કરતો અટકચાળું
ગયો છે જાત પર –
તે ઘૂમતો ફરતો અહીં ફટપાથ પર,
મોંથી વગાડી ડાકલું!
અશ્વત્થ (જાણે તેજહીણો દ્રોણસુત!)
ખખડી ગયો આ બંગલાની પાસ,
એનું થડ ભરે છે શ્વાસ,
એનું ઓસર્યું છે ઋત;
અને આ ચંદ્રમા (ક્ષયમાં રિબાતો કો કવિ),
જેની છવિ,
ઉચ્છિષ્ટ પીળું તેજ પાથરતી અહીં પૃથ્વી પરે
અંધારમાં તરતી સરે.

◘

## અઠ્ઠાવીસ વર્ષની નિષ્ફળતાઓ...

### ઇન્દુ પુવાર

અઠ્ઠાવીસ વર્ષની નિષ્ફળતાઓ
૫ર
મારું અસ્તિત્વ લંગડી કૂદી રહ્યું છે.
લંગડીના ચિતરાઈ ચૂકેલા સાત કોઠાઓમાં
ગોપાઈ ગયેલ
સપ્તર્ષિની શોધ અહર્નિશ ચાલ્યા કરે છે.
સપ્તર્ષિ જેવું નામ મારું છે.
એવા ભ્રમોને અઠ્ઠાવીસ વર્ષથી પોષ્યા છે.
ઘરની લગોલગ આવી ગયેલી પેલી કબરો
કેટલાય દિવસથી મને ચાવી રહી છે
એ જોતો હું
પોકારો પાડું છું કે આવો તમે
મારી નિષ્ઠાઓ
મારી શ્રદ્ધાઓ
મારા વિશ્વાસો
મને તમારા આશ્લેષમાં સમાવી
ઢબૂરી દો ક્યાંક સાતમા પાતાળે
નહિતર હું ખરપાઈ જઈશ
હું જોઈ શકું છું
સાત કોઠાઓમાંથી કોઈ એક કોઠામાં
મારું મૃત્યુ ગૂંચવાઈને પડ્યું છે,
કોઠે કોઠે
કૈંક કેટલી દીવાલો મારી કબરો ખોદી રહી છે
અનેકાનેક કાર્યાઓ
મારી કબરો પર મૂકવા
રાતરાણીઓને ઉગાડી રહી છે
થોકબંધ કમળાઓની માળાઓના મણકાઓમાં
નિશ્વાસરૂપે હું સરકી રહ્યો છું

સૂકાઈ ગયેલી નદીઓનાં રણ વિસ્તરતાં
સાતે કોઠાઓમાં ઘૂમરાઈ વળ્યાં છે
મેં મારા સંબંધોને તો કાલે જ
સિનેમાની ટિકિટોમાં ફાડી નાખ્યા છે
વ્હિસ્કીના એકાદ-બે પેગમાં
પીવાઈ ગઈ છે મારી સભાનતા
ને તીનપત્તીના ઊભા કરેલા જગતમાં
મેં મારી જાતે ચીતર્યાં છે
એકદંડિયા મ્હેલ
એકદંડિયા મ્હેલમાં ચિતર્યાં છે
લંગડીના સાત કોઠામાં
અઠ્ઠાવીસ વર્ષની નિષ્ફળતાઓ પર
મારું અસ્તિત્વ કૂદી રહ્યું છે લંગડી.

◘

# ઘરડા ભીંડા

## પવનકુમાર જૈન

ઘરડા ભીંડા
મોટા અને બીથી
ફાટફાટ થતા હોય છે.
છોડ ઉપર રહી જાય,
તો સુકાઈને
નક્કી ફાટે છે.

ઘરડા ભીંડાના શાકમાં
લહેજત નથી આવતી.

પણ, શિખાઉ બકાલું
લેનારો મોટું કદ
જોઈ હરખાય છે.
કૂણા ભીંડાની તાજપને
એ કઈ રીતે વરતે?

સભ્ય સમાજમાં
ભીંડા અને સાહિત્યકારોની
સરખામણી નથી થતી.

તથાપિ, આ અળવીતરું મન
ભીંડામાં સાહિત્યકારને
જુએ છે.

◻

## કવિ-બકાલને

પવનકુમાર જૈન

પા કિલો ગુવારશીંગ
જોખતા હોવ તેમ
તમે શબ્દોને જોખો છો.
એમાં પાછી દાંડી મારો છો,
આંકડી ચડાવો છો,
બસો ગ્રામના કાટલા સાથે
પચાસ ગ્રામની અવેજીમાં
પથ્થર મૂકો છો,
અને કહો છો :
પચાસ ગ્રામ કરતાં
વધારે છે.

ભાઈ બકાલ,
પેલા ઝવેરીને જુઓ.
એની પાસે નાની,
નમણી ત્રાજૂડી છે.
એ વાલ ને રતીમાં તોળે છે.

જોખવા અને તોળવાનો
ફેર સમજો છો?
નથી સમજતા?

કવિ-બકાલ,
વાંધો નહીં,
તમતમારે પા-પા કિલો
ગુવારશીંગ જોખતા રહો.

◘

## કંકુના થાપા જેવા દિવસો...

**શ્યામ સાધુ**

કંકુના થાપા જેવા દિવસો
દૈયડના ટહુકાઓ ભલે સાંભળ્યા કરે!
શેમળાની છાંયડીને વિસામો
હવે પાળિયો થઈને
તમારે ગામ ગોફણ વીંઝ્યા કરે છે.
માવઠાનું મોંજોણું
મારી રાયણની ડાળોમાં
ડબક ડબક
આંસુઓ પાડ્યા કરે છે
ને...
રાત્યુંની વેલ્યું
તારોડિયાની ચૂંદડી ઓઢી
ગાડા ખેડુનાં દુખણાં લેતી
કંકુના થાપા જેવા
દિવસોને શોધ્યા કરે છે...
સાંભળ્યું છે :
પેલા દૈયડના ટહુકા
હવે
શેમળાને વિસામે વિસામે
તારું નામ બોલ્યા કરે છે!

◘

# ટેકરી

## હરિકૃષ્ણ પાઠક

આખાયે ઢોળાવ પર હતાં
નાનાંમોટાં ઝાડવાં,
વાંકાં-ચૂકાં થડ-ડાળખાં,
ઝીણાં મોટાં પાંદ, આછી-ઘેરી છાંય.
મથાળાની દેરીએ લોક આવતું-જતું
ચડતું-ઊતરતું.
મળી રહેતો છાંયો, મળી જતો પોરો;
ઝાઝો નહીં તો થોડો.
ક્યાંક વીંટાતા દોરા-ધાગા,
ક્યાંક ચડાવાતી ચૂંદડી લાલ-પીળી;
ક્યાંક વળી પથ્થરો ગોઠવીને દેગ ચડાવતું લોક.
હવે બધુંયે ઉજ્જડ.
નહીં એકે ઝાડ કે પાંદડું,
નહીં ઘાસચારાનું તણખલું.
બકરાં-કૂતરાંએ ઢૂકતાં નથી હવે.
કાળીબંજર ભોંયની વચ્ચે ઊભી છું
ક્યારેક કો'ક આવીને ખોદી ખાય તેની રાહમાં.....

◘

# ડોસી કહેતી....

કમલ વોરા

ડોસી કહેતી
એ સમજણી થઈ ત્યારથી
કાળો સાડલો પહેરતી,
ઘોડિયાંલગ્ન લીધેલો વર
મૂછનો દોરો ફૂટે તે અગાઉ
મરકીમાં ખપી ગયો હતો એ કારણે.
એને સાત રંગોનો સરવાળો
હંમેશ કાળો.
ન એણે કદી આરસીનું મોં જોયું
કે ન તો બારી બહાર.
બસ, દિવસ આખો
ઘરમાં અંધારિયા ધાબા જેવું ફરતી અને
રાતે તો લગભગ ઓગળી જ જતી
ક્યારેક થાકી જતી કે પરસેવો વળતો ત્યારે
સાડલાની કોરથી મોં લૂછી
ઊંડો શ્વાસ લઈ
સહેજ પોરો ખાઈ પાછી કામે વળગતી.
કોઈક વાર
આયખાની ગઠરી ખોલવા કહેવાતું
ત્યારે ડોસી હળવેથી બોલતી
સિવાય વૈધવ્ય અને વાર્ધક્ય
એને ત્રીજો અનુભવ જ ક્યાં હતો!

□

## બજારમાં

**કમલ વોરા**

બોરાં લઈ બેઠો છું બજારમાં

ગામ નાનું માણસ ઝાઝું
તે બોરીઓ ભરી ભરીને
ઠલવાયાં છે બોર ખચોખચ સૂંડલાઓમાં
બોલે છે તે બોર વેચે છે
બૂમો પાડે તે વધુ બોર વેચે છે
ગાઈ-વજાડી ગાજે તે ટપોટપ બોર વેચે છે
કોઈ પેટીવાજું વગાડી દોડાદોડ કરે
કોઈ જોડકણાંનો શોર મચાવે
કોઈ ટુચકાઓ વેરે છે
કોઈ તો વળી તાળીઓ પાડી ઠૂમકા દેતો
નાચી લે છે
રંગબેરંગી ચળકતાં પડીકાંમાં વીંટાળેલાં
બોર વચ્ચે ઠળિયા
ને પાકાં હેઠળ અધકાચાં સડી ગયેલાં
ક્યાંક ક્યાંક તો
શરમ મૂકી
ભેળાભેળા કાંકરા પણ વેચાય છે
ભોળિયું લોક હોંશે-હોંશે
મુઠ્ઠેમુઠ્ઠા બોર ખરીદી હરખાતું જાય છે
તોલ તાજગીમાં ગોલમાલથી
બજાર ઊભરાય છે
ને સહુને બોર વેચવા છે

હુંય મારાં બોર લઈ આવ્યો છું ને
ચાખી ચાખી
એકેક બોર અલગ કરતો જતો
બેઠો છું બજારમાં
ચૂપચાપ

# હું નં ડોશી
## નીરવ પટેલ

**૧**

હાળા, ચાલી-પચ્ચા વરહથી બખાળા કર સ
પણ કશો ભલીવાર લાવતા નથી એમનાં કાંમમ.
બે-પાંચ વરહ થયાં નથી
ક આ આયા મત માગવા!
માળી, કશી ગતાગમ પડતી નથી –
આટઆટલા મત જાય સ ચ્યાં?

કે'સ ક આ વખતે તો વાલો નાંમેરી ઊભા સ...
હૌ કે'સ માંણહ હારો સ.
કે'વાય સ ક ભલો આદમી બાબાસાયેબના વખતથી
ગરીબ-ગુરબાંનાં કાંમ કર સ...
પણ આ રાખ્ખશોમાં બાપડાનું હું ગજું?
બોલ ડોશી, ચ્યમ કરવું સ આ ફેર?

તમે તો જનમના ભોળિયા, ડોહા –
વૈતરાં કૂટી ખાવ.
હાંભર્યું સ માથાદીઠ દહ મલ સ?
અન ગાંઠિયાનું પડીકું સોગામ.
મોટર મેલી જાય ને લૈ જાય
ઘૈડે-ઘૈડપણ જીવી લો બે ઘડી –
પોટલી પાંણી પીવું હોય તો પી લો.
વાલા નાંમેરીનું ભગવાંન ભલું કર –
પણ મત તો મનુભૈ ન.
જાવ, જૈ ન ભાવતાલ કરી આવો,
કે'જો કે બે સઃ
હું ન ડોશી.

૨

ભૈ હાંભર્યું સ ક એ તો માથાદીઠ દહ આલ સ
તમાર બાર ચાલવા હોય તો
બે સઃ
હું ન ડોશી...
ઝાઝા નથી,
બે દ્‌હાડાની મૂલ સ.
અમાર બે ઘડી વિહાંમો વૈતરાંમાંથી.
બાચી અમે તો આ હેંડ્યાં હાડકાં વેણવા,
મગો મે'તર કોથળે પાંચ આલ સ.
હાંજ પડ રોટલા ભેળા થ્યા
એટલે ભયો ભયો

ભૈ તમને હોંપ્યાં રાજ ન પાટ
અમાર તો ભલો અમારો રઝળપાટ.
કો' દહાડો ચઢ સ
ન ડોશી ખોટી થાય સ...
પાપમાં પડવાનું સ
પણ બોલ્યું પાળવાનું સ.
એટલે મત તો પાકો મનુભૈન.
બોલો, આલવા સ માથાદીઠ બાર?
બે સઃ
હું ન ડોશી.

◻

# ભગવાન મહાવીર અને જેઠો ભરવાડ
## સૌમ્ય જોશી

આ સ્યોરી કેવા આયો સું ન ઘાબાજરિયું લાયો સું
હજુય દુ:ખતું હોય તો લગાડ કોન પર ન વાત હોંભર મારી.
તીજા ધોરણમો તારો પાઠ આવ છ : 'ભગવોન મહાવીર'.
અવ ભા ના પાડતા'તા તોય સોડીન ભણાવા મેલી મોંડમોંડ
તે ઈણે ઈસ્કુલથી આઈને પથારી ફેરવી કાલ.
ડાયરેક્ટ ભાને જઈન કીધું
ક આપડા બાપ-દાદા રાક્ષસ તો મહાવીરના ભગવોનના કૉનમાં ખીલા ઘોંચ્યા.
હવ ભાની પરશનાલિટી તન ખબર નૈ,
ઑંખ લાલ થાય એટલે શીધ્ધો ફૅંશલો.
મને કે' ઇસ્કૂલેથી ઉઠાડી મેલ સોડીન.
આ તારા પાઠે તો પથારી ફેરવી હાચ્ચન
હવ પેલાએ ખીલા ઘોંચ્યા ઈ ખોટું કર્યું મુંય માનું સું,
પણ ઈન ઓછી ખબર હતી તું ભગવૉન થવાનો
ને તીજા ધોરણમાં પાઠ આવવાનો તારો
ઈનું તો ડોબું ખોવાઈ જ્યું તો ગભરાઈ જ્યો બિચારો
બાપડાના ભા મારા ભા જેવા હશે
આ મારથી ચંદી ખોવાઈ જઈતી તો ભા એ ભીંત જોડે ભોંડું ભટકાઈન બારી કરી આલી'તી ઘરમોં
તો પેલાનું તો આખું ડોબું જ્યું તારા લીધે
દિમાગ બરાબર તપ્યું હશે તો ઘોંચી દીધાં ખીલા
વૉંક ઈનો શી, હાડીહત્તર વાર ખરો
પણ થોડીક વૉંક તારોય ખરોક નઈ?
અવ બચારો ચ્યોંક જ્યો
તો બે મિનિટ આંશ્યું ફાડીન ઈનું ડોબું હાચવી લીધું હોત તો શું તું ભગવૉન નો થાત?
તારું તપ તૂટી જાત?
અવ ઈનું ડોબુંય ઈનું તપ જ હતુન ભઈ?
ચલો એય જવા દો
તપ પતાઈન મોટો મા'ત્મા થઈન બધાન અપદેસ આલ્વા મંડ્યો પસીય તન ઈમ થ્યું

ક પેલાનું ડોબું પાસું
અલાઉં?
તું ભગવોન, માર તન બઉ સવાલ નહીં પૂસવા
મુ ખાલી એટલું કઉસું ક વોંક બેયનો સે તો ભૂલસૂક લેવીદેવી કરીન પેલો પાઠ કઢાયન ચોપડીમથી
હખેથી ભણવા દેને મારી સોડીન
આ હજાર દેરાં શી તારાં આરસનાં તો એક પાઠ નઈ હોય તો કંઈ ખાટુંમોરું નઈ થાય.
તોય તન એવું હોય તો પાઠ ના કઢાઈસ બસ
ખાલી એક લીટી ઉમેરાય ઈમોં
ક પેલો ગોવાળિયો આયો'તો,
સ્યોરી કઈ જ્યો સ,
ન ઘાબાજરિયું દઈ જ્યો સ.

◘

# મને માણસ માટે ખરેખર માન છે
## નીતિન મહેતા

મને તો સાચે જ એ માણસો માટે માન છે
કે જે અંધારામાં અથડાઈ પડે છે
કે ટ્રેનમાં ઊંઘી જાય છે ને
ભળતે જ સ્ટેશને પહોંચી જાય છે
મને માણસ માટે માન છે કે હજી
તને પાંખો ફૂટી નથી
હજી તેને અસ્થમા જેવા રોગ થાય છે
તે ગુસ્સામાં બીજાને મારી શકે છે
ને વારંવાર પોતાની વાત પણ કરી શકે છે
મને માણસ માટે હજી માન છે
ફર્નિચરની વાત કરતાં તેનું મોઢું પડી જાય છે
એક સાંજે તે કોઈની રાહ જુએ છે
આત્મહત્યાના વિચારો કરે છે
ચાવીઓ ખોઈ નાખે છે
ભૂતકાળને ખોદ્યા કરે છે
મને માણસ માટે ખરેખર માન છે
તે હજી ઝઘડી શકે છે
મૂંઝાય છે, રઘવાયો થાય છે,
એકબીજામાં શંકાનો વિશ્વાસ જગાવી શકે છે
મને ખરેખર માણસ માટે
માન છે ને તે મને ગમે છે.

□

## એક પત્ર :
### નીતિન મહેતા

કાચીંડો તે જ આ શહેર. હું અહીં, તું ત્યાં, વચ્ચે
રઝળે છે મારા,
તારા કેટલાયે અવશેષો, બધું બદલાતું જાય છે—
સુખની જેમ, આકાશની જેમ.
સ્વપ્નની બોદી દીવાલોના રણકારને પીઉં છું આંખોથી
અને ત્વચા પર
ખખડે છે વર્તમાનની એક એક ક્ષણ, ''પછી શું?''નું
અવતરણ
સતત પીડે છે મારી આ એક ક્ષણને. તડકો બારીના કાચ
સાથે આજે
સવારે જ ફૂટી ગયો. ત્વચા પર જે છિદ્રો છે તે
કાચની ઝીણી
કચ્ચરોની જેમ હાંફી રહ્યાં. આ અશબ્દ વિશ્વ મને
પીડે છે તેથી તો
હું તરડાઈ જાઉં છું દર્પણમાં અને મારી વાતો
શ્વાસ થઈ પ્રતિબિંબાય છે
મારી સામે. તારા શહેરથી મારું શહેર જુદું, વચ્ચે
લંબાઈને પડ્યો
છે કાચીંડો. તું મારામાં જ ગોપિત રહી રચે છે
મારી સાથે સંવાદ.
હું તો ઘડું છું મારા મૌનને... ચિત્તને શબ્દાવું શી
રીતે? મનને 'એ અહીં નથી'
કહી કેમે કરી મનાવવું? તું મારી બધી ઋતુ. તારા
માટે થોડી
ઉનાળાની સાંજ અને વરસાદી બપોરની થોડી
ક્ષણો મેં સાચવી રાખી છે.
હું શબ્દોથી વિશેષ કશું લંબાવી નથી શકતો તારી
તરફ. તારો

નીતિન પણ આ શહેરમાં બોલતો, કૉલ્ડ કૉફી
પીતો Jaaz સાંભળતો
ઉદાસ હસે છે. Emotionally-ir-rational થઈ
ગયો છે એ.
વધુ પૂછીશ તો કહીશ ટ્રેન બની આવ-જા કરું છું.
અહીં—ત્યાં. તારે
મને યાદ ન આવવું.

□

## એક નવી ઓલાદ

**ભૂપેશ અધ્વર્યુ**

જો બૂટ ગાય-ભેંસના આંચળમાંથી નીકળે
તો બૂટને પગ ફૂટે
પગને આંગળાં, આંગળાંને નખ ફૂટે. નખના પોલાણમાં સદ્યસ્નાતા
ધરતી મેલ બનીને પ્રસરે.
નખથી માણસ પર હુમલો કરે, પગથી પર્વતોના આરોહણ
ને દરિયાના અવરોહણ કરે
ધરતીથી કણસલાં પગ વતી ખળામાં અનાજ બને
પગ હોય તો અનાજ બને, પગ હોય તો કાંટો વાગે,
પગ હોય તો આંગળાં શિયાળામાં ઠૂંઠવાય ગરમ બૂટમાં પેસે
ગરમ બૂટનાં ચામડાં કઈ ઓલાદનાં ?

□

# નર્યો અેંઠવાડ

## પ્રવીણ દરજી

વાતો થયા કરે છે :
આમ કરવું જોઈએ, આમ ન કરવું જોઈએ
આ સાચું છે, આ ખોટું છે
પણ પછી ચોમાસાના કાંપની જેમ ઠરી જાય છે બધું.

ગડમથલ ઘણી રહે છે :
આ રસ્તે જવું જોઈએ, આ રસ્તે ન જવું જોઈએ
એકલા જ સારું અથવા એકલા સારું નહિ,
ટોળું શું ખોટું છે? અથવા ટોળાથી બહાર —
પણ પછી ખોડાઈ જઈએ છીએ ખોડીબારું બનીને
અથવા તો ખોડીખમચી જ રમ્યા કરીએ છીએ જીવનભર.

ઘેલછાઓ તો પાર વિનાની હોય છે :
તારા તોડી લાવીશું ને પાતાળ ફોડીશું
સાગર ડહોળીશું ને પાડો ઓળંગીશું
પવન બાંધીશું ને આકાશ આંબીશું
પણ પછી એદીનો અખાડો કે ઓઘડ થઈ જવાય છે
રાફ નીચે રવડ્યા કરીએ છીએ કે ઘાસના ગંજમાં દટાઈ જઈએ છીએ.

આશાઓનું ઓશીકું તો ઓઘરાળું થતું જ નથી;
ચાલો, આમ નહિ તો આમ
કશુંક સારું થશે જ, બધા દિવસ સરખા ન હોય
સારાં વાનાં થવાનાં જ, ઈશ્વર જે કરે તે સારા માટે
એક ઝુમ્મર અને બીજું ઝુમ્મર પકડ્યા જ કરીએ
પણ પછી એક દિવસ ધબાક્ ને બધું કચ્ચર..... કચ્ચર.

અરીસામાં જોઈએ છીએ ત્યારે
આપણે કોઈક બીજા જ બની ગયા હોઈએ છીએ!
નર્યો અેંઠવાડ!
રામ! રામ!

□

# પાછોતરા વરસાદમાં

## હરીશ મીનાશ્રુ

બધા દેવદૂતો આજે
ઊડાઊડ કરે છે, તીતીઘોડા ને વાણિયાને વેશે વનરાજીમાં, રાજીખુશીથી

આ ક્ષણે રંગ બદલી શકતો નથી તે આ કાચિંડો કોઈક જન્મે સ્વયં વરુણ હતોઃ
બિલાડીના ટોપ તળે એની જાતકકથાઓ ક્લૉરોફિલમાં ઓગળી રહી છે

તાજી જ જન્મેલી દેડકીની કુંડળીમાં ગોઠવાઈ ગયું છે ગ્રહમાનઃ
દેહસ્થાને ઠેકા લગ્નસ્થાને કેકા, ને પનોતી? - હવડ કૂવાને પાયે

જળના રેલાએ રઘવાટમાં પૂરી દીધું છે કીડિયારું
ને એ શરીરોની કીડિયાસેરથી ગોરાડુ માટીમાં મૃત્યુની રતાશ ઉમેરાઈ છે

હર્ષશોકથી નિરપેક્ષ છે એમનાં ઝાંઝરનો ઢગલો : તીણો ત્રંત્રંકાર તમરાંનો,-
લીલ બાઝેલા મરડિયા પર શમી ગયો છે ઝંઝારવ

ફૂદાંની ખરી પડેલી પાંખો જોઈને ડઘાઈ ગયેલા શબ્દો
આજે વધારે જોરથી વળગી પડ્યા છે અભિધાને

પંખીમાત્રના પગ પલળીને એવા દીસે છે જાણે કૂણાંકોમળ દીટાં ને
ડાળીઓને ન્હોર ભેરવી થિર થવા મથે છે લોહીની સગાઈ

બધાં પીછાં, ખબર નહીં શાથી - ઇમોશનલ થઈ જઈને, પાંદડીઓ બની ગયાં છે
ને બધાં જ જીવજનાવરની તગતગતી આંખો પાણીનાં ટીપાં

પૃથ્વીના પેટમાંથી મનગમતી ભૂમિતિ ઉઠાવીને વ્હાલેશરી વેલાઓ વેંત વેંત વધે છે
ચલાયમાન દૃષ્ટિની સાથે રાજીખુશીથી, ચળી જાય છે ચંચળ ભાત, પાંદડાંના કેલિડોસ્કોપમાં

એક અજનબી બીજ પી ગયું છે લીલાગરનું એક બુંદ
તે એના પેટમાં લથડિયાં ખાય છે એક ઓળખીતું કલ્પવૃક્ષ, લયપૂર્વક

ગઈ રાતના તારાઓનું ડહોળું દ્રાવણ સંઘર્યું હોય
એવા ઉદાસ ચળકારા છે ચારેબાજુ ફેલાયેલાં ખાબોચિયાંમાં

ધનુષ્યની જેમ
સવાર બપોર લગી લચી ગઈ છે પણ હવામાં સાંજનો સનકારો વર્તાય છે
જાણે અજવાસને સમયનું ભાન જ નથી

ચટકો ભરીને હમણાં જ કોઈ જીવડું પગની પિંડીએ
ઉમળકાથી ઢીમણું કરી ગયું છે, એની કવિતા જેવી ખંજવાળ આવે છે

પ્રાચીન હસ્તલિખિત પોથીનાં પાનાંઓ જેવા લેન્ડસ્કેપથી ભરેલા આ રસ્તે
હું આમ તો નીકળ્યો છું કશાક દુન્યવી કામે

ત્યાં, બે ખેતરવાં છેટે, ગઈ કાલના વરસાદની પાછળ ચાલ્યા જતા જોઉં છું.
વાન્ગ વેઈ અને ર્‌યોકાનને
એટલે વળી જાઉં છું અહીંથી જ પાછો

◘

## બનારસ ડાયરી – કાવ્યગુચ્છમાંથી
## (બનારસ ડાયરી-૬)
### હરીશ મીનાશ્રુ

કપાસનું જીંડવું ફાટ્યું હોય
એવો પ્રફૂલ્લિત ચન્દ્ર ઉદય પામી રહ્યો હતો
કબીરના મસ્તક ઉપર.

મને થયુંઃ
ખરો ચન્દ્રમૌલિ તો આ બેઠો,
ચાંદનીના લીંપણવાળી ભીંતને અઢેલીને, –
કાશીવિશ્વનાથને તો લોકો નાહક એ નામે ખીજવે છે.

મેં કહ્યું : સાહેબ,
દિવસની તો મને થોડી થોડી ખબર પડે છે,
પણ આ રાત, - આ રાત તો મને બિલકુલ સમજાતી નથી.

તમરાંના અવાજના
આરોહ અવરોહના આધારે
આ રાત્રિની સરળતા અને કુટિલતાને સમજવાની છે, કબીરે કહ્યું
વનસ્પતિવિદ્દ, ફૂલદાનીનો સજવૈયો કે ઝાકળનાં ટીપાં
બધાં જ આ પાંદડાને લીલું સમજે છે.
લીલું અર્થાત્ ભાતભાતના લીલા રંગનું, લીલાપૂર્વક.
પણ જેવો ચન્દ્ર ઉદય પામે છે આકાશમાં
રાત્રિ છલકાય છે પોતાના વિશાળ પાત્રમાંથી
ને
પંખીનો કર્બુર, મધુકામિનીનો શ્વેત, થડનો કથ્થાઈ ને મનુષ્યનો ઘઉંવર્ણ
– અરે સ્વયં પાન પણ પોતાની ક્લોરોફિલીંગ્સ સમજી શકતું નથી –
બધાં જ ઓગળી જાય છે પોતપોતાના વિકારોમાં.
એટલે જાગરણના ઉજાસમાં આ રાત્રિને ધારી ધારીને જોયા કરવી

એ જ એકમાત્ર ઉપાય છે
રાત્રિને સમજવાનો.

ગાઢ થતા જતા અંધકારમાં
એ ક્ષણે એટલું તો આછુંપાતળું સમજાયું કે
મને દિવસ પણ સમજાતો નથી.

◻

# મને લાગે છે
દલપત પઢિયાર

મારા શબ્દોનું સરકારીકરણ થવા લાગ્યું છે,
મારા અવાજને ફાઈલ-બોર્ડમાં મૂકીને
ઉપરથી કોઈએ ક્લિપો મારી દીધી છે!
હું કદાચ બંધ થવા આવ્યો છું.

નદીના કાંઠેથી છોડેલો અવાજ
સામેની ભેખડેથી અકબંધ પાછો આવે,
એ રસ્તો મારે કાયમ રાખવાનો હતો;
આટલી બધી આંતરીઓ કેમ પડી ગઈ અવાજમાં?

ઝાંડવામાંથી તડકાસોતી ફૂટીને
ભોંય ઉપર પડતી દિવેલીઓ જેવા મારા શબ્દોનાં
કોઈકે નાકાં તોડી નાખ્યાં છે!
હું તારાઓની ભરતી, ફૂલોનો ઉઘાડ,
થાપાવાળી ભીંતો, રેતની ઓકળીઓ,
પંખીઓના માળા, માટીની મહેક, વાંસના ગરજા,
શેઢાની ઊંઘ, ઊંઘને ઓઢતા ચાસ
બધ્ધું – બધ્ધું જ ભૂલી રહ્યો છું

અહીં ટેબલ ઉપર
ઘુવડની પાંખોમાં કપાઈ ગયેલું ગાઢું અંધારું
સીવી રહ્યો છું!

એક ખતરનાક ફાંટો આગળ વધી રહ્યો છે
મારા રક્તમાં,
સાવ જ વસૂકી ગયેલા મુસદ્દાઓમાં
મારા શબ્દો મરી રહ્યા છે;
કાલે સવારે મારું શું થશે?

□

## સરગવો

દલપત પઢિયાર

આજે
અમે જ્યાં સંખેડાનો સોફો ગોઠવેલો છે ત્યાં
મોટ્ટો, લીલોકચ સરગવો હતો.
આંખમાં માય નહીં ને નજરમાંથી જાય નહીં એવી મોટી
અને જેના ઉપર ઇચ્છાઓ મૂકી રાખીએ એવી સળંગ
લાંબી સીંગો ઊતરતી –
દર ત્રીજે દિવસે ભારા બાંધીએ એટલી ઊતરતી!
આખી સોસાયટીમાં કલ્લો કલ્લો વહેંચાતી!
એટલું ખરું કે અમે ક્યારેય વેચેલી નહીં
ઝાડ, માત્ર પાણીથી જ લીલું રહે છે એવું નથી.

કોઈ ગોઝારી પળે
અમને શું ટૂંકૂં પડ્યું તે
અમે પાક્કો રૂમ બાંધવાનું વિચાર્યું!
મેં મારે સગે હાથે એનું થડ કાપ્યું હતુંઃ
ભરેલી હાથણી ફસડાઈ પડે તેમ
આખું ઝાડ ભોંય ઉપર ઢગલો થઈ ગયું હતું!
લીલાં લીલાં પાન વિલાઈ ગયાં હતાં
અને  પાંખડે પાંખડે
ઊભરાઈ આવેલાં ઊઘડવાની વાટ જોતાં,
નાની નાની ચૂનીઓનાં ઝૂમખાં જેવાં સફેદ ફૂલ
પછી કાયમ માટે બંધ થઈ ગયાં હતાં.

મારા હાથમાં, મારી આંખોમાં, મારા લોહીમાં, મારી ઇન્દ્રિયોમાં
એક અપરાધ કુહાડી થઈ ગયો છે...
મને કોઈ ઊંઘમાં પણ ટચકા મારે છે...
તમે નહીં માનો
મેં કેટલીય વાર નવા સરગવા રોપ્યા છે,
પણ એકેય ડાળ ફરી ફૂટ્યું નથી...!

□

## સર આઈઝેક ન્યુટન

ભરત નાયક

હવામાં એક લીસોટો પડ્યો
એ લીસોટો રતુંબડો થઈ ગયો.
તમે બેઠા હતા ત્યાંથી સાત ડગ દૂર સફરજન પડી ચૂક્યું હતું...
ત્યારે યાદ છે તમને?
છ વર્ષનું એક બાળ
એના વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાંથી છટકી, હડી કાઢી
એ સફરજન ઉઠાવી બચકાટતું ભાગ્યું હતું?
ત્યારે થડની ઓથે લંબાયેલા પગનાં બૂટ તાકતું
તમારું ચિત્ત ચગડોળે હતુંઃ
સફરજન હેઠે કેમ પડ્યું?
ઉપર કાં ન ગયું?
પછી તમે ઉપર, ટાવર પર ગયા.
ઠેઠ ત્યાંથી બીજા મેઘધનુષી લીસોટા પાડ્યા.
પછી સરવાળા ગુણાકારમાં ગતિ પકડી...
બરાબર ત્યારે, ત્યારે જ હું ચૌદ વર્ષનો, ગણિતમાં નાપાસ થયો.
છતાં અચરજ તો એ,
ચુંબકથી ખેંચી હું પાંચપંદર ટાંચણીઓની ભાત પાડતો હતો.
પછી તો કંઈ કેટલી ટાંચણીઓનાં માથાં જેટલાં વર્ષો વીતી ગયાં
આજે હું સિત્તેરનો –
હાથમાં છે છરી
ને સામે જમણના ટેબલ પર એક પ્લેટ, એમાં એક સફરજનઃ
આઘે આઘેની ઠેઠ યુરોપની વાડીના વૃક્ષનું.
ન ઉપર ગયું,
ને ભોંય પર પડ્યું –
સીધું મારી કને ખેંચાઈ આવ્યું!
હું તમને ચાહતો રહીશ, સર આઈઝેક ન્યુટન!

□

## શોધ્યા કરું છું

**દક્ષા વ્યાસ**

સવાર પડે છે ને રાત પડે છે
શોધ્યા કરું છું સોનપરીને

વસંતની વહેલી સવારે
પોપચાં પર પગ ટેકવીને
બેઠી ભાળું - ન ભાળું ત્યાં
ઊડી જાય એ ફર્ર્ ર્ ર્
અજાણી વનરાજિમાં
પુષ્પ-પાંદડીની પાંખો પહેરીને

શ્રાવણની ઝીણી ઝરમરમાં
ઝાંઝરના ઝણકાર રેલતી
ઠમકાં લેતી એને
ઝાલું – ન ઝાલું ત્યાં
ફોરોના ત્રિપાર્શ્વ ગોળામાં બિરાજીને
પહોંચી જાય છે
મેઘધનુના આકાશી ઝરૂખે

શરદની અચ્છોદ-ધવલ રાત્રે
રાતરાણીના મઘમઘતા પ્રાંગણમાં
આંખો બિછાવીને
બેસું છું પ્રતીક્ષામાં
શકે
રૂપેરી પડદાની બહાર
આવે એ ધરાર

પળ પછી પળ
આકળ વિકળ

ને...
કેદ થઈ જાય છે એ
ઘેરી નિંદરની કિલ્લેબંધીમાં
સવાર પડે છે ને રાત પડે છે
શોધ્યા કરું છું મને – સોનપરીને
□

# શું હોય છે પિતાજી...?

**મણિલાલ હ. પટેલ**

તે દિવસે ક્યારીમાં પાણી વાળતા
વિધૂર પિતાજીની આંખોમાં
ઉચાણે નહિ પલળેલી માટી જેવી
ગોરાડું રેતાળ લાગણીઓ જોઈને
ભૂલી ગયો હતો કાળી ભૂખ...

ઓતરાચીતરાના નિષ્ઠુર તડકાની
વાઘ જેવી વેળામાં સોનાવરણી ડાંગરનું –
ગાડું ભરતા પિતાજીની એકલતા જોઈને
જલદી જલદી મોટા થવાનું મન થયું હતું...

ખેતર ખેડીને ઘેર આવતા
થાકેલા દિવસના પડછાયાની આંખોમાં
રસોડામાં નહિ સળગેલા ચૂલાનો ખાલીપો
અને તમ્બાકુ પીવાની તલબ :
જોવાતાં – જીરવાતાં ન્હોતાં
મને ખીચડી રાંધતાં ને
'હુક્કો ભરી આપતાં' અમસ્તું નથી આવડ્યું!

જે જાણે છે તે જ જાણે છે –

અભાવોના કાફલાઓને આવતા રોકવા
અહોરાત જટાયુની જેમ ઝૂઝતા પિતાને –
વ્હાલ કરવા જેટલો વખત જ નથી હોતો...
ભાવથી ભરપૂર –
પ્રમાણી શકાતા નથી પિતાને
એ તો હોય છે રાખ વળેલો અંગારો
અંદરથી બળબળતો

ખોળો ઝંખતો ટળવળતો તીખારો...
થંભ પીગળે તો ઘર ટકે કેવી રીતે?
– એ લાગણીઓને સમજાતાં વાર લાગે છે!
ભીના વિસ્તારમાં ઝાડને પાણી લાગે છે -
એવા ઝાડની જેમ –
ધીમે ધીમે સુક્કાતા જતા પિતાને મેં જોયા છે...

પડસાળમાં બેઠેલા પિતાજીની આંખોમાં
ઝળઝળિયાં થઈને વહી ગયેલાં વર્ષો જોયાં
હતાં...
મા શું હોય છે? –
એ તો એની હયાતીમાં જ સમજાઈ જાય છે...
પરંતુ
પિતાજી શું હોય છે? -
એ તો એમના ગયા પછી જ
સમજાય તો સમજાય કોઈકને !!

◘

## (એક સાદીસીધી કવિતા)

# કાશીરામકાકાની વાત

**મણિલાલ હ. પટેલ**

કરમસદના કાશીરામકાકા કશે જતા નથી
એ ભલા ને ભલી એમની કેળ બાજરી
ખમતીધર ખોરડાના ધણીની ખેતીમાં
કણનું મણ થાય ને કાયા પરસેવે ન્હાય
હાથી મૂકો તોય પાછો પડે એવી કેળ
તે લૂમો લેવા મુંબાઈનો મારવાડી આવે...
ટ્રેક્ટરનો જમાનો આવ્યો તે એય લાવ્યા
પણ હળબળદ ને ગાડું : વાડામાં તૈયાર હોય
યંત્રોનું એવું તે ખરે તાકડે બગડી બતાવે
ને વીજળી તો વારે વારે પિયર જાય, એટલે
પંપ બાપડા પાંગળા, છતે ડીઝલે ઓશિયાળા... .

કાશીરામકાકા કહે છે કે -
‘‘ઋતુઓ રાજાનીય રાહ નથી જોતી
ને ધરતીમાતા બીજ નથી ખોતી
બાકી જિન્દગી અને ધોતી ઘસાય... જર્જર થાય...
આ જુવોને પંડનાં છોકરાં પરદેશ ગયાં તે
જમીન થોડી પડતર રખાય છે, હેં!
માલિકે આપણી વેઠવા વાસ્તે વરણી કરી તે
આપણે જાતને સાવરણી કરી –
લીલાલ્હેર તે આ સ્તો વળી...!’’

કાશીરામકાકાનો સંદીપ
સીમાને પરણીને સીડની ગયો
વિનોદ વિધિને પરણીને વેનકુંઅર જઈ વસ્યો
ને બીના બોરસદના બિપિનને પરણીને
બાલ્ટીમોરમાં, – હા બાબરી બાધા માટે બધાં

બે વર્ષે આવે, પણ –
બાજરીનું ખેતર તો બાધરે સાચવવાનું...!

કાશીરામકાકા તો કશે જતા નથી, પણ –
સરદાર પટેલનાં વતનવાસીઓ
શિકાગોમાં ઘણાં... તે ત્યાં ચરોતરની
ન્યાત મળી, આરતી અને પ્રસાદ પછી
નક્કી થયું કે વતનની સેવા કરીએ!
કાશીરામકાકાને તેડીએ ને સન્માન કરીએ...
કાકા મને કહે કે – ''મનુ ભૈ ચાલો ત્યારે
તમેય પેન્સિલવેનિયામાં
પરેશનાં પોતરાંને રમાડતા આવજો...''
મોટા હૉલમાં મેળાવડો થયો
એકેય થાંભલા વિના આભલા જેવી છત....
કાશીરામકાકાને આઈપેડ આપ્યું ને
ઘઉંની સાથે ચીલ પાણી પીવે તેમ
મનુભૈને આઈફોન અર્પણ કરીને
ન્યાત તો રાજી રાજી...
અરે, કાશીરામકાકાને કહો : 'બે શબ્દો બોલે...'
કાકાને થયું-ભલે ત્યારે! બોલ્યા :
'વ્હાલાં વતનવાસીઓ... ભગવાન ભલું કરજો!
આપણી ભૂમિ તે આપણી ભૂમિ! મોતી પાકે મોતી!
મેં નાપાડના નરસીને બોલાવીને નર્સરી સોંપી, તે -
બેપાંદડે થયો! ને એનો નીતિન
નર્સરીમાં રોપા ગણતાં ગણતાં
દાક્તરી કૉલેજમાં ગયો... બુદ્ધિ બુશના બાપની થોડી છે?!
પણ મૂળ વાત તો ભીતર ભોંયની છે, ભાઈઓ!
માલીપાનો ખાલીપો બઉ ખખડે હાં કે!
પ્રાર્થનાઓ કરીએ કે કૂતરાં પાળી બચીયો ભરીએ-
–બધું જ ફાંફાં અને ફોતરાં છે-!
ભીતરની ભોમકા ફળવતી જળવતી બને તો ભયો ભયો
અમેરિકાએ આટલું શીખવાનું છે...

બાકી તો પરિશ્રમ જ પારસમણિ છે...
બહેનો ને બંધુઓ! સુખી થજો ને સુખી કરજો...''

દેશીઓ કાશીરામકાકાને કેટલું સમજ્યા
એની તો ખબર નથી પડી
પણ સીઆઈઆઈએ આ ટૂંકા પ્રવચન વિશે
લાંબો અભ્યાસ કરવા કમર કસી છે, ને -
કાશીરામકાકા કરમસદ આવી ગયા છે.

□

## અંદર

### કિશોરસિંહ સોલંકી

આ અંદર અંદર શું છે?
અંદર પડી છે તિરાડો
અણીદાર તડકાની શૂળ
ભોંકાઈ રહી છે અંદર ને અંદર
અંદરના ઉપાય માટે
કોઈ હકીમ બોલાવો
અંદર નસ્તર મુકાવો
અંદરના તળિયેથી
ઝમતો શિયાળો
અંદર ઊંજણ ઊંજાવો
અંદર દીવેલ પુરાવો
અંદર વગડો વાગે
તડકો વાગે
હરતાં-ફરતાં અંદર અંદર
એરું આભડે!
અંદર ઊભો વાગે દાભ
અંદર ગગડે આખું આભ
અંદર ચોમાસું તરસે મરે
અંદર વીરડા ગળાવો
અંદર પાણી છલકાવો
અંદર દરિયો બેઠો છે ચૂપ!
તેથી પૂછું છું તમને :
આ અંદર અંદર શું છે?

□

## સંબંધ
### યોગેશ જોશી

સંબંધ હતો મારે
એ ડાસી સાથે.
મને
તો એની ખબરેય નહિ!
રહેતી એ
સામેના બ્લોકમાં,
ભોંયતળિયાના ફ્લેટમાં.

મારા બીજા માળના ફ્લેટની ગેલેરીમાંથી
એ નજરે પડતી–
બેઠી દડીના ધોળા પોટકા જેવી
ઓટલે બેઠી બેઠી
કશુંક સાંધતી-થાગડથીગડ કરતી,
કશુંક વીણતી-તારવતી
કે વાસણ અજવાળતી.

મારી ગેલેરીમાંથી
એનો ચહેરો દેખાતો નહિ.
માથે ઓઢેલ કધોણ પડેલા ધોળા સાડલા નીચે
બસ,
ધૂંધળું અંધારું દેખાતું!
એ અંધારામાં
કેવો હશે
એનો ચહેરો? એની આંખો?!
ઊંડા અંધારા ગોખમાં
ટમટમતા દીવા જેવું
ચમકતું હશે એમાં કોઈક તેજ?
કેવી હશે

ચહેરા પરની કરચલીઓ?!
સમયે એમાં પાડ્યા હશે ચાસ?!
કેવું હશે
એની બોખી દાબડીનું હાસ્ય?! –

આ અગાઉ કદી
આવું વિચાર્યું ય નથી.
એનું નામેય નથી જાણતા હજીય તે!

સાંજે ઑફિસેથી આવતાં જાણ્યું
એ ડોસી
મરી ગઈ....

અધરાતે મધરાતે
ગેલેરીમાં બેઠો બેઠો હું
હાંફતો-ખાંસતો હોઉં ત્યારે
અંધકારના ઓળા જેવી એય ખાંસતી
ગાભાની ગોદડીમાં બેઠી બેઠી
ઓટલા પર;
કેમેય એનું મોં ભેગું થતું નહીં
એકધારું ખાંસતાં ખાંસતાં
બેવડ વળી જતું એ પોટકું.
રાતના ગઢમાં
ગાબડાં પાડે એવી ખાંસી છતાં
કોઈ જ ઊઠતું નહિ એને દવા પાવા....

મારી ગેલેરીમાં બેઠો બેઠો હું
મનોમન
એની પીઠે હાથ ફેરવતો.

એના મરણ પછીની રાત્રે
મને ખાંસી ચડી,

થયું, હમણાં સામેથી આવશે
પેલી ડોસીના ખાંસવાનો અવાજ
પણ... પણ... પણ....

ત્યારે
પહેલી જ વાર મેં જાણ્યું :
એ ડોસી સાથે
સંબંધ હતો મારે
સાથે ખાંસવાનો
સાથે હાંફવાનો... ...

□

## કાળું પતંગિયું
### પુરુરાજ જોષી

હમણાં હમણાંનું
રોજ રાત્રે
જગત જંપી ગયું હોય અને
હું મારી જાત સાથે સંવાદ સાધતો હોઉં
એ સમયે
એક પતંગિયું
ક્યાંકથી આવતુંકને
બેસે છે મારા હાથ પર,
ખભા પર,
મસ્તક પર....
એનો અવાજ
હું સંભાળી શકતો નથી
પણ લાગે છે કે
એ મને કશુંક કહી રહ્યું હોય છે.
આ રેશમી, કાળું, નાજુક પતંગિયું
શું કહેતું હશે મને?
શા માટે એ રોજ રાત્રે આવીને
આટલા વ્હાલથી સ્પર્શતું હશે મને?
પણ
એ આવતું હશે ક્યાંથી?
બારી-બારણાં તો
સમી સાંજનાં ભીડી દીધાં હોય છે.
બારી-બારણાંની
કોઈક તિરાડમાંથી આવતું હશે?
કે પછી
દિવસે ઘરના કોઈક અંધારા ખૂણે
સંતાઈ રહેતું હશે?
અને રાતના એકાંતમાં

થોડી વાર પછી
હું એને ખોળું છું–
ક્યાં ગયું હશે એ?
ઘરના કોઈ ખૂણે, ક્યાંય
એના સગડ મળતા નથી.
છેવટે
એને વિસારે પાડી
કામમાં ગૂંથાઉં છું
ત્યાં
અચાનક
મારી ભીતર
મસૃણ
કશુંક
થરકતું લાગે છે.....

◘

## જીવી

ઉદયન ઠક્કર

જીવી નાની હતીને, સાવ નાની
ત્યારની આ વાત
કેડે કંદોરો* પહેરી કરીને
એ તો ફેરફુદરડી ફરતી’તી
પવનપાતળું લહેરણિયું લહેરાવીને
સરખેસરખી સાહેલડીઓ સાથે
લળી લળીને
ગરબે ઘૂમતી’તી
ત્યાં ફરરર આવ્યાં પતંગિયાં
કોઈ બેઠું પાંદડીએ, કોઈ પાંખડીએ
કોઈ સસલાના વાળ પર, કોઈ ચિત્તાની ફાળ પર
હવે જીવી સહુને પતંગિયાથી ઓળખે
પીળું પતંગિયું? તો’ કે ફૂલ!
મોર? તો’કે પચરંગી પતંગિયું

જીવીને જંપ નહિ
કૂકા ઉછાળતી હોય, સામસામે ઘસીને અજવાળતી હોય
ભીંતે હરણાં ને હાથીડા ચીતરતી હોય
મમી-મમી રમતી હોય
‘ચીના મીના ચાઉં ચાઉં
અરધી રોટલી ખાઉં ખાઉં’
કહી પડોશીની લાંબી દીવાલ પાછળ લપાતી-છુપાતી હોય
કે બોરાં ને કાતરાં કરતી હોય હડપ્પા!
બાપુની બકરી જીવી સાથે હળી ગયેલી
ખોળિયાં બે ને જીવ એક

એક દી ખેતર-ખેતર રમતાં મળ્યું
... આ શું? પૈડું?

દોડતાં-દોડાવતાં જીવી નીકળી ગઈ ક્યાંની ક્યાં...
કૂવાને કાંઠલેથી કુંભારવાડા થઈને વણકરવાસ
બકરી રહી ગઈ ગામને છેવાડે
છેક

એમ કરતાં જીવી તરુણી થઈ
રૂપ એવું કે એક પા જીવી ને બીજી પા આકાશગંગા
વિહરે કદંબવનમાં, અશોકવાટિકામાં
કદી ચંપાની ડાળ, કદી પંપાની પાળ
કદી ગુમ
પછી તો દાંત તેટલી વાતો
'એલા, જીવીનું હરણ થયું!'
'ના, ના, લાખ સવા લાખના મહેલમાં મરણ થયું'
'મોકલાવો સહસ્ત્ર વહાણો'
'વાત પેટમાં રાખી શકે એવો એકાદો અશ્વ'
'મડમડી થઈ ગઈ છે એ તો
ગોટપીટ બોલવું, ફાવે તે કરવું
સ્વતંત્રતાની દેવી જાણે!'
'જોયેલી કાલ રાતે – હાથમાં મશાલ
ક્યાં જતી હશે, સાવ એકલી?'

કોને કોને સમજાવે જીવી
કે અરુપરુ ઉજાસમાં
ખોળે છે એ તો
પેલી... બાપુની બકરી

□

## પૃથ્વીકાવ્યો

**જયદેવ શુક્લ**

**૧**

ગ્રીષ્મના
તોર્તિંગ તડકામાં
પૃથ્વીનો
આ નાનકો દાણો
ધાણીની જેમ
ફટે તો?

**૨**

ડાબા હાથની
વચલી આંગળીને
પાછળ ખેંચી
ટેરવેથી
આ પૃથ્વીની લખોટી
છોડું...
ચન્દ્ર
જો ટિચાય તો?

**૩**

પૃથ્વીના
ગબડતા
આ દડાને
ડાબે પગે
તસતસતી કીક મારું...
અધવચ્ચે
સૂર્ય
ઝીલી લે તો?

□

## સ્તનસૂક્ત
**જયદેવ શુક્લ**

**૧**

હરિણનાં શિંગડાંની
અણી જેવી
ઘાતક
તામ્ર-શ્યામ ડીંટડીઓ
ખૂંપી ગઈ
છાતીમાં
પ્હેલ્લી વાર!

છાતી પર
સદીઓથી
ધબકે છે
એ ક્ષણોનાં
ઘેરાં નિશાન!

**૨**

મોગરા જેવી
રૂપેરી મધરાતે
*ચન્દ્રના આક્રમણથી બચાવવા*
*વ્યાકુળ હથેળીઓ*
*તળે*
*લપાવ્યાં*
ભાંભરતાં સ્તનો.

બન્ને હથેળીમાં
આજેય
ફરી રહીછે
લોહિયાળ
શારડી!

૩

તંગ હવાના પડદા પર
કાણાં પાડી
ટગર ટગર નેત્રે
સ્તનો
ઉચ્ચારે છે
વશીકરણ મન્ત્ર!

૪

*ખુલ્લી પીઠ પર*
*તોફાની સ્તનોએ*
*કોતર્યા*
સળગતા
રેશમી ગોળાર્ધ.

૫

તે
જાંબુકાળી સાંજે
છકેલ ડીંટડીઓએ
આખા શરીરે
ત્રોફેલાં
છૂંદણાંમાં
ટહુક્યા કરે છે
કોયલકાળો
પંચમ!

૬

લાડુની બહાર
મરક મરક
ડોકિયું કરતી
લાલ દ્રાક્ષ જેવી...

દેહ આખ્ખો
રસબસ
તસબસ...

૭
ચૈત્રી ચાંદની.
અગાશીમાં
બંધ આંખે
સ્પર્શ્યા હતા હોઠ
તે તો લૂમખાની
રસદાર
કાળી દ્રાક્ષ!

૮
કાયાનાં
તંગ જળમાં
ડોલે છે
એ તો ફાટફાટ થતાં
કમળો જ!

૯
નાવડીમાં
તરતાં-ડોલતાં
કમળો
સૂંઘતાં સૂંઘતાં જોયું :
ક્ષિતિજે
લાલ લાલ સૂર્ય!

**૧૦**

આછા પ્રકાશમાં
ને હવામાં
ગોબા પાડતાં
રઘવાયાં સ્તનો
હણહણ્યાં...
દેહ
રણઝણ રણઝણ.

**૧૧**

ગન્ધકની ટોચ જેવી,
સહેજ પાસાદાર ટીંડટીઓ
હવામાં
તણખા વેરતી
આ તરફ...
તણખો
અડે તે પહેલાં જ
શરીર
ફુરચે ફુરચા...

**૧૨**

રણઝણતી ટેકરીઓ પર,
સર્વત્ર
શરદપૂનમનો
તોફાની ચાંદો
આખ્ખે આખ્ખો
વરસ્યો...
આકાશ
ભરપૂર ખાલી ખાલી...

□

## ગદ્યકાવ્ય

બાબુ સુથાર

ક્યારેક મને એકલા એકલા ખૂબ કંટાળો આવે ત્યારે હું મારી બારીમાંથી દેખાતા પર્વતોને મારા ઓરડામાં બોલાવતો હોઉં છું અને પછી એમની સાથે ભાતભાતની રમત રમતો હોઉં છું. ક્યારેક હું એમની સાથે પત્તાં રમતો હોઉં છું તો ક્યારેક કેરમ. જો કે, એમને પત્તાં રમવાનું ગમતું નથી અને કેરમની રમતમાં એ મારા જેટલા હોંશિયાર નથી એટલે બધી જ વખતે હું જ જીતી જતો હોઉં છું. એને કારણે મને ઘણી વાર વધારે કંટાળો આવતો હોય છે. જો કે, ક્યારેક હું એમને કાનપટ્ટી પકડાવીને ઊઠબેસ કરાવતો હોઉં છું. એમને એમ કરવાની ખૂબ મજા પડતી હોય છે. ક્યારેક એ મને કહેતા હોય છેઃ પાવલો પા કરાવ. તમે જ કહોઃ હું કઈ રીતે પર્વતોને પાવલો પા કરાવું? મારાથી એમનું વજન કઈ રીતે ઊંચકી શકાય? તો પણ ક્યારેક હું એમને પાવલો પા પણ કરાવતો હોઉં છું. એ એમની પ્રિય રમત છે. ઘણી વાર હું એમને મારી પથારીમાં ગોઠવી દઈ એમની તળેટીમાં સૂઈ જતો હોઉં છું. મને એમની તળેટીમાં, ખાસ કરીને એમની તળેટીમાં ઊઘેલાં ઘાસની પડખે, સૂઈ જવાનું ખૂબ ગમતું હોય છે.

એક દિવસની વાત છે. મને ખૂબ કંટાળો આવતો હતો. એટલે હું ગયો મારી સુવાની ઓરડીમાં અને ખોલી એની બારીઓ પેલા પર્વતોને બોલાવવા. પણ આ શું? જોઉં છું તો ત્યાં પર્વતો ન હતા. મને આશ્ચર્ય થયું; કોણ લઈ ગયું હશે પર્વતોને? મેં મારી / ખો મસળીને ફરી એક વાર એ દિશામાં જોયું. જોઉં છું તો પર્વતોની જગ્યાએ બે-ચાર નદીઓ વહેતી હતી. મને થયુંઃ લાવ આ નદીઓને બોલાવવા દે. એટલે મેં એ નદીઓને બોલાવી. પછી મેં એ નદીઓને કહ્યુંઃ ચાલો, પત્તાં રમીએ. પણ, એમને પત્તાં રમતાં આવડતું ન હતું. એમણે કહ્યું કે જો અમે પત્તાં ચીપીએ તો તારાં પત્તાં ભીનાં થઈ જશે. પછી મેં કહ્યુંઃ તો ચાલો કેરમ રમીએ. નદીઓ સમંત થઈ. પણ, એમાંથી એક પણ નદી કેરમ બરાબર

રમી ન શકી. કેમ કે સતત વહેતા રહેવાને કારણે એમને ખુરશીમાં બેસવાનું ફાવતું ન હતું. એટલું જ નહીં, એ નદીઓ એક કુકરીને મારીને પછી તરત જ વહેવા માંડતી. એને કારણે એમણે પહેલાં કઈ કુકરીને માર્યું છે એ વાત ભૂલી જતી. દરેક વખતે મારે એમને કહેવું પડતું કે એમની કુકરી કાળી છે. એટલે હું તો થોડીક વારમાં જ કંટાળી ગયો. પછી મેં એ નદીઓને કહ્યું: ચાલો તો કાન પકડીને ઊઠબેસ કરો. પણ નદીઓ તો એકબીજાની સામે જોતી રહી. એમને કાન પણ ન હતા અને સતત વહેતા રહેવાના કારણે એ ઊઠબેસ પણ કરી શકે એમ ન હતી. આખરે કંટાળીને મેં એમને મારી પથારીમાં મૂકી દીધી તો એ ત્યાં ખળખળ વહેવા લાગી. પછી હું એમને કાંઠે જરા આડો પડ્યો.

ત્યાં જ એકાએક બારણું ખખડ્યું. નદીઓને મારી પથારીમાં વહેતી રહેવા દઈને મેં બારણું ખોલ્યું: જોઉં છું તો મારી સામે એક યુવતિ ઊભી હતી. એના ખભા પર મારા પર્વતો હતા. એ બોલી: માફ કરજો, આ પર્વતો તમે લઈ લો અને મને મારી નદીઓ પાછી આપો. આ પર્વતોને અડકો-દડકો રમતાં આવડતું નથી. એમને તો પાલવો પા જ ખૂબ ગમે છે.

મેં કંઈ પણ બોલ્યા વિના મારી પથારીમાં વહેતી નદીઓ એને આપી દીધી અને બદલામાં મારા પર્વતો લઈ લીધા.

હવે જ્યારે પણ અમે પણ કંટાળીયે છીએ ત્યારે પેલા પર્વતો કે પેલી નદીઓને અમારી પાસે બોલાવવાને બદલે અમે એમની પાસે જતાં હોઈએ છીએ અને હું પર્વતોને પાવલો પા કરાવતો હોઉં છું અને એ નદીઓ સાથે અડકો દડકો રમતી હોય છે.

□

# ઘરઝુરાપો : ઊથલો પહેલો /૩
## બાબુ સુથાર

પહેલા વરસાદની સોડમ
અને હું
બેઠાં છીએ
એકબીજામાં
આરપાર.

વરસાદના પહેલા છાંટાથી જ
ધૂળ ચાળણી જેવી થઈ ગઈ છે.
પથ્થરોને અળાઈયો ફૂટી નીકળી છે.

હમણાં જ મેઘો ખાંગો થશે,
નળિયે નળિયે નદીઓ છલકાશે,
નેવે નેવે રેંલ્લા દોડશે,
ફળિયે ફળિયે સાત સાત તરીલે બળદ
પાણી તાણશે.
ઘેર ઘેર મોભ ડીલ ભરીને નાશે.
ભીંત પર,
વૃક્ષોનાં થડ પર,
પાળિયે પાળિયે
પાણીના રેલા
ઈશ્વરના પૂર્વજોના
હસ્તાક્ષર બનીને
ઊઘડશે

પછી મેઘો થોભશે,
આકાશ ઊઘડશે,
બાની હથેલી જેવું,

વૃક્ષોનાં થડ,
એમની ડાળીઓ,
એમની પાંખડીઓ,
એમનાં પાંદડાં પર
સૂરજ ગોળમટાં ખાશે,
ઘેરે ઘેર ટોડલે ટોડલે મોર ટહૂકશે,
ફળિયે ફળિયે ઢેલ
નવોઢા બનીને માથે બેડું મૂકી
પાણીએ સંચરશે
વૈતરણી નખ જેવડાં તળાવ બનીને
ઢોળાઈ જશે થોરના લાબોળિયે લાબોળિયે.

જીવ અને શિવને
એક સાથે
આઠમ અને અગિયારસ બેસશે,
મંકોડાઓની પીઠ પર
ચાંદો ઊગશે
અને અળસિયાં
માથે મુગટ
ડીલે જરકશી જામા પહેરીને
બહાર નીકળશે.

આજે ન થવાનું થશે.

આજે પહેલા વરસાદની સોડમ
અને હું
બેઠાં છીએ
એકબીજામાં
આરપાર.

□

## લાઈબ્રેરી

### અજય સરવૈયા

લાઈબ્રેરીમાં
તમે જો ખોવાઈ જાઓ
તો જ્યાં હો ત્યાં જ ઊભા રહેવું.
સહેજ આસપાસના રેક તપાસવા.
(આ ઘટના જનરલી રેકની આસપાસ જ બનતી હોય છે.)
આમ તો કોઈને પૂછવાની કે
બોલાવવાની જરૂર નથી હોતી.
સાંજે લાઈટો બંધ કરતી વખતે
કોઈ તમારા નામની બૂમ નહીં પાડે.
દરવાજા બંધ કરતી વખતે પણ નહીં.
લાઈબ્રેરીમાં ખોવાવું ને
પુસ્તકમાં ખોવાવું એમાં તાત્ત્વિક ભેદ છે
એવું કેટલાક માને છે.
તમે પુસ્તકમાં ખોવાયા હો તો
જેમના તેમ પાછા નથી ફરતા.
ખોવાવું એ એટલી વ્યગ્ર કરનારી બાબત નથી
જેટલી કે જેમના તેમ પાછા નહીં ફરી શકવું.
બીજી કઈ રીતે કહું?
એટલે કે પાછા ફરનારા ખોવાયેલા જ હોય છે.

□

## ગતિ-સ્થિતિ
**મૂકેશ વૈદ્ય**

ક્ષિતિજ સુધી લંબાયેલા મારા બન્નેય હાથ
સરક્યે જતું સંતરું પકડવા
વલખી રહ્યા છે.
જ્યાં કશે, જે કંઈ જરી, જેવો મળે તેવો જ
મારે આ પૃથ્વીનો ગર ચાખવો છે.

નાની ટચુકડી આંગળીમાં રસછલકતું
મબલખ પડેલા સંતરાના ઢગ જેવું
બાળપણ
ઊંઘમાં ટપક્યા કરે છે.
હાથ વલખ્યા કરે છે.
પૃથ્વી સરક્યા કરે છે.
હાથ લંબાવતો, કેડે મરડાતો
તણાઈને તૂટતો
તૂટી તૂટીને તણાતો
ઝીંકાઉ છું ક્ષિતિજ સુધી.

દૂર
ક્ષિતિજ સુધી
લંબાયેલા મારા બન્નેય હાથ પાછા ફરે છે
ખુરશીના હાથા બની બેસી રહે છે.

□

## માચુ પિચુનાં ખંડેરોમાં

### યજ્ઞેશ દવે

એ ગહન ગંભીર ઉપત્યકાઓમાં
જ્યાં વાદળો સરકે છે પાછલા પ્રહરના સ્વપ્નની જેમ,
જ્યાં એ વાદળોની ધૂસર જવનિકા પાછળ
પૂરો થયો છે એક કરુણ ખેલ
ઉપર ઓગણપચાસ મરુતો
જ્યાં ઝાંયઝાંય કરતા ફૂંકાય છે ઝંઝાના વેગથી
ને
જ્યાં નીચે કશુંક રહ્યું છે
સ્થિર નિષ્કંપ
કેડીઓ ને રસ્તાઓ
જ્યાં ઝરણાં બનીને દોડતાં ખોવાઈ જાય છે
ઘનપલ્લવ વનરાજીતી ગંભીર છાતીમાં
જ્યાં ઉર્વર ઉદ્‌ભિજ સૃષ્ટિ હળવા હળવા હાથથી
રૂઝવે છે ઘવાયેલા પથ્થરોના ઘાવ.
જ્યાં મૃત્યુ કોઈ એકાકી ધનિક પ્રૌઢાની જેમ
રહ્યું છે તેનો અસબાબ સાચવતું
એ માચુ પિચુના ખંડેરોમાં આમ કોણ બેઠું છે
પોતાના જ બે હાથ વચ્ચે માથું ટેકવી
આટલું બધું એકાકી?
કોનો પડછાયો ભળી જાય છે
હરતી ફરતી ભૂતાવળોની સાથે?
કોણ ચડે છે ને ઊતરે છે આ સોપાનશ્રેણીઓ પર?
અલપઝલપ આંખો દેખાડી કોણ છુપાઈ જાય છે
આ શિલાઓ પાછળ?
કોણ આ કર્ણમૂળ સુધી ઝૂકીને
આછા નિઃશ્વાસ સાથે કહી જાય છે કશુંક
સાવ જનાન્તિક?
ક્યાં ગયા એ શ્રમિકોની સુડોળ કાયા પર ચળકતા સૂર્યો?

ક્યાં ગઈ એ રક્તવર્ણી ચળકતી પીઠો?
એ બલીષ્ઠ સ્નાયુઓની સુરેખ ચાપો?
એ કુંતલકેશરાજિમાં ભૂલી પડેલી બે સફેદ કોડી જેવી આંખો?

ધરબાયેલા કંકાલો
ધૂળ ખંખેરી ઊભા થાય ભૂમિમાંથી.
ચાંદની રાતે
નરકંકાલો સાથે નારીકંકાલોની ક્રીડા
અફળાતા અસ્થિઓના બોદા અવાજો, ભયાવહ ચિત્કારો
એક જડબાના પોલાણમાં ફસડાઈ પડેલી બીજા જડબાની ડાબલી.
ક્યાં ગયાં એ કામુક સ્તનો?
એક સ્તનની પરિક્રમા કરતાં કરતાં જ
થાકીને સૂઈ ગયેલી આંગળીઓ
અગ્નિના બાણ જેવા હોઠો
જંઘાના મૂળમાં બાઝેલાં પ્રસ્વેદનાં મોતીઓ,
સુવર્ણનાં કંકણથી ય ઉજ્જ્વળ એ કમનીય હાથ,
કાનની બુટમાં રતાશ બની ફરકી ગયેલો એ કંપ.
નરમ માંસની ઉષ્ણ ઘ્રાણ,
એકમેકની કામનાએ વણેલું એ નગ્નતાનું વસ્ત્ર
એક અસ્થિના પોલાણમાંથી
હૂહૂકાર કરી વિસ્તરતું જાય છે કશુંક
જ્યાં મરે છે બધું જ આ પૃથ્વી પરનું
જ્યાં કોટાનકોટિ નિહારિકાઓ,
લક્ષલક્ષ નક્ષત્રો, તારાઓ મરે છે કોઈ જ અવાજ વગર.
જ્યાં મરે છે કાળ ધીમેધીમે
કોહવાતાં જતાં પાંદડાંની જેમ.
ઇન્કાના પથ્થરજડ્યા સર્પિલ રસ્તાઓ પરથી પડછાયો સંકોરી
કોઈ ઊતરી ગયું છે હળવે પગલે
એન્ડીઝની પેલી તરફ
પાસિફિકની પેલે પાર
એક સમયે પૃથ્વીનાં હૂંફાળા ગર્ભાશય સમા આ ટીટીકાકા
સરોવરમાં

કારખાનાનાં ઓકેલાં પાણીથી
રૂંધાઈ ગયો છે નીલ માછલીનો નરમ ગર્ભ.
પૂર્ણિમાની રાત્રે જળમાં રમવા ઊતરી આવેલ
આખા આકાશને વેતરતી ચાલે છે
સહેલાણી લૉન્ચોની ભખભખતી ચીસ.
કોઈ કાળે પૃથ્વીની નાભિસમ કુઝકો નગરીમાં
ઇન્ડિયનોની રક્તિમ નાભિ નીચે ધીમે ધીમે
ભળતું જાય છે રાખોડી લોહી.
શસ્ય ક્ષેત્રોનાં ધનધાન્યમાં
હવે નથી રહ્યો કોઈ દેવોનો કે રાજાનો ય ભાગ
બધો ભાગ–
બધો ભાગ હવે મરણના મુખમાં.
સોનેરી કણસલાંઓની, ભરી ભરી ઊંબીઓની
પવન સાથે કાલીઘેલી વાતો હવે ભૂમિમાં.
સમર્થ નૃપતિઓ ય ચાલ્યા ગયા છે.
પૃથ્વીની હૂંફાળી શય્યા સેવવા.
ને,
એક જ લાકડીએ હાંકી કઢાયેલ દેવો છે
સાવ નિર્વાસિત – ચૂપ.
મધ્યાહ્નના નિશ્ચેષ્ટ પ્રહરમાં
મૃતનગર પર સૂર્ય પ્રજ્વળે છે
પ્રખર ક્રૂર બાજની જેમ
એક સાદ પાડું ને
હજાર હજાર પડઘાઓ ગબડી પડે ખીણમાં
લથડતા સમયને જ્યાં પસાર થતાં
પરસેવો વળે છે એ ખંડેરોમાંથી એક ટૂરિસ્ટ
દોડી જાય છે સડસડાટ
બધે મીંઢા મૌનનું મરણવર્તી સામ્રાજ્ય.
કાળ જેવું વિકરાળ સ્વરૂપ છે
તે સમય તો
પડ્યો રહ્યો છે શ્લથ, અલસ, નિદ્રાવશ
બે પથ્થરો વચ્ચે પડી રહેલી ગરોળીની મીંચાયેલી આંખમાં.

રઝળતી ખોપરીઓના પાત્રમાં દારૂ પીને છાકટા થાય છે સ્પેનયાર્ડો
સો સો મણ સોનાના ભાર નીચે દબાય છે પેરું.
છેલ્લો ઇન્કા બેસી પડે સૂર્યનો અસ્ત જોઈને

કોણ જાણે ક્યાંથી
આ અળવીતરો પવન આવીને પાનું ફેરવી જાય છે
ને
એન્ડીઝનાં તુષારમંડિત શિખરો પરથી
સાંજના વિલાતા જતા પ્રકાશમાં
ફરી ફરીને પાછો ફરું છું
મારી જ તૂટેલી ખુરશીના ખોળામાં.
સાંજ ઢળી ચૂકી છે
ઝાંખા પ્રકાશમાં રેખા ચિત્ર જેવી
લીમડાની ચમરી હળવા પવનમાં જરાક કંપે છે
સાંધ્ય આકાશમાં આર્દ્રાનો ગુલાબી તારો
મારાં આંસુમાં ચળકે છે.

નોંધ : માચુ પિચુ – દક્ષિણ અમેરિકાના પેરુ દેશમાં આવેલું ઇન્કા સંસ્કૃતિનું મહત્ત્વનું પ્રાચીન સ્થળ.

□

# હરણનો શિકાર
## દિલીપ ઝવેરી

સિંહ— બદામી ટેકરીઓ
ઝરણા-શા વ્હેતા આભકિનારે થંભી
આવ્યો
હવામહીં તરવરતો તડકો
ઠેકઠેકમાં ચરકે લીલાં પાન.

ઝીણા તાણે કરોળિયો શી પીતો સૂરજહૂંફ!
નીકળે હળવે પગલે બ્હાર કાચિંડો લીલો.
અને ઘાસ પે ઝાકળ ઝબક્યું
ધુમ્મસના પંજાની વધતી ભીંસ.
તાર પે બેઠાં કબૂતર ઊડ્યાં,
પૂંઠળ દોડ્યા મોટા પડછાયા
તે ફેલાયા નળિયાં પર
જેની હેઠે દબાયાં મકાન.

ભીંતે કપાયલી બારીથી દદડ્યા અવાજ
કટકા થયા અર્થના શબ્દે શબ્દે
શબ્દમહીંથી
આંખ ચામડી જીભ નાક ને કાન બન્યાં
આ હવામહીં ઓગળતાં જાતાં રૂપ એમનાં.

અને ફરી ઝરણા શું વ્હેતું આભ —
કિનારે તડકો પીને
સિંહ — બદામી ટેકરીઓ.

□

## પાણી વિના
### દિલીપ ઝવેરી

પાણી વિનાના જગતની કલ્પના કરો
મુશ્કેલ છે
પણ આપણા ઓળખીતા કેટલાય ગ્રહો કે ઉપગ્રહો પર પાણી અજાણ છે
કેટલાય જાણીતા શબ્દોને ત્યાં અર્થ નથી

ચંદ્ર પર આંસુનો શો અર્થ?

મંગળ અને નહેર
બુધ અને બરફ
ગુરુ અને નદી
શુક્ર અને ઝાકળ
શનિ અને ઝાંઝવાં
યમ અને કૂવો
વરુણ અને પૂર
રાહુ અને ધુમ્મસ
કેતુ અને વાદળ

તરસ વિનાના દેશમાં આગ લાગે તો બુઝાવવી કેમ?

તરાપા હોડી વહાણ વિના કઠિયારા સુથાર ખલાસી ખારવાનો શો ખપ?
પવાલું લોટો કૂંડી બાલદી હાંડો ટાંકી છોડી કંસારા શું ઘડે?

પાણી નહીં તો માછલી નહીં
માછલી નહીં તો જાળ નહીં
જાળ નહીં તો માછિયા નહીં
માછિયા નહીં મરજીવા નહીં તો મોતી નહીં વીંટી નહીં
તો કોણ અપાવે યાદ?

માછલી નહીં તો બગલા નહીં
બગલા નહીં સારસ નહીં

કોઈ વીંધાય નહીં તો સીતા નહીં
સીતાની કોઈ કવિતા નહીં
કોઈની આંખે આંસુ નહીં

તો તરતાં તરતાં ફૂલો ગાતી ઓફેલિયાની યાદ અપાવું
પહેલાં
કવિતા વિનાની ભાષાની કલ્પના કરો

□

## કાળા પથ્થરોની વચમાંથી
### રામચંદ્ર પટેલ

કાળા પથ્થરોની વચમાંથી પસાર થતા નગરની
એક સડક અચાનક મારા ઘર-આંગણાની રેત
સૂંઘવા માંડી, એ ભાળી હું ભૂલમાં એને બકરી
સમજી લઈ ખેતરનું લીલું ઘાસ નીરતાં એ ખુશ
થઈ નાચવા લાગેલી એમ એમ બધું ઘાસ
નાખી દીધા પછી જતી રહેવાને બદલે ભૂંડણ
થઈ એ ઘરમાં પેસવા ફૂંગરી તરત કમાડ બંધ કરી
દેતાં એનું માથું અંદર ને કાયા બહાર રહી ગઈ
તેથી મેં ન છોડ્યાં કમાડ કે એણે ના પાછું વાળી
લીધું શરીર, આમ હું ભૂખ્યો-તરસ્યો એની
સંભાળ રાખતાં ઘણાં વરસો વીતી ગયા બાદ
મારા બંને હાથની પકડ ઢીલી થતાં જ એકદમ
ઘૂસી આવી એ ભૂખી લીંપણને ચાટવા લાગતાં
એની શ્વાસ-વરાળમાં વાસણ-કપડાં-દાણા-પાણી
બધું ખાખ થવા માંડ્યું ને આખરે એની સાથે
હું જીવ બગાડી પરણી બેઠો ત્યારે એના લબડતા
કાન જેવાં વિમાન ને પૂંછડી સમાં બલૂન ખેતર
ઉપર ઊડવા લાગ્યાં એ નિહાળીને મારું ઘર કોઈ
ડુંગર તળેટી તરફ નાઠું, હું એની પાછળ ક્રૂડયંત્ર
બની રેત ફૂંકતો દોડ્યો તો મને ના વાદળ વાગ્યું
વૃક્ષ વાગ્યું-ફૂલ વાગ્યું બસ ગૅસના રેલા સમ હું
સર્વેને આરોગતો આગળ આગળ વિસ્તરવા લાગું
એ પહેલાં ચોમેર ઇલેક્ટ્રિક જાળ બંધાઈ ગઈ હતી
એમાં મરી ગયેલા પંખી જેવું મારું ઘર ઊંધું
લટકતું જોતાં જ હું પાછો હળુહળુ વાયરો થઈ
એને સ્પર્શવા માંડું ત્યાં કાળા પથ્થરોની
વચમાંથી...

◻

## દુકાળ
**રામચંદ્ર પટેલ**

સામે
સુમસામ ઊભાં બુઢ્ઢાં ઝાડ,
પહાડ, ઉઘાડાં હાડ,
પથર પથરા પડ્યા ખખડિયાં નારિયેળ!
નદી તો,
કોક આદિવાસી કન્યાનું હાડખોખું.
આંખો ફાડીને
ઊભી દિશાઓ;
વેળુ લઈને વાયરો ઊડે...
આભ,
છાબ ભરીભરીને નાખે અંગારા,
બળે પર્ણપીછાં,
વીંઝાય જટાયુ શો સીમવગડો.
અહીં કોઈ!
અગ્નિમુખો
અડખેપડખે ફરે...?
પ્હેરો ભરે...
સૂર્યના હાથમાં આપીને ધારિયું!!

◘

## વૃક્ષ
રમેશ આચાર્ય

વાહનો આવતાં જોઈ
વૃક્ષોએ વનમાં
રસ્તો કરી આપ્યો
પણ હવે એ
આઘાં ખસી શકશે નહિ,
સડકની બંને બાજુએ
ખાઈ ખોદેલી છે.
*
વૃક્ષને છેદો તો
એમાંથી નીકળે વૃક્ષ,
વૃક્ષને કાપો ને
રોપાઈ જાય વૃક્ષ;
વૃક્ષને બાળો ત્યાં
ઊગી જાય વૃક્ષ.
*
વૃક્ષ,
હું અહીં ઊભો છું.
તું કંટાળી ગયું હોય તો
પેલી ખિસકોલીને
મારા શરીર પર
સંતાકૂકડી રમવાનું કહે.
*
હું બેઠો છું
વૃક્ષનું ખોડીબારું પલાણીને,
ને વૃક્ષ તો
ઊંચે વધતું જાય છે.

◻

# એકલવ્ય
## દલપત ચૌહાણ

ઓહ!
તમે મને ઓળખી ચૂક્યા છો.
સારું જ થયું.
ગામ પાડાની પીઠ શો ચળકતો વાન,
મૌક્તિક મણી શાં વિશાળ નેત્ર,
અને – ઐરાવતના ગંડસ્થળ શા સ્કંધ,
ભૂલી જ ન શકો તમે.
પણ...
એક એક પગલામાં વરતાતી સાવધાની;
માટીના પૂતળા પાસેથી નહીં,
સમય પાસેથી શીખ્યો છું,
મારે ક્યાં તમારા સવ્યસાચીની જેમ,
વડવેધ – કે – મત્સ્યની આંખમાં નિશાન લેવાના છે;
સભાગૃહોમાં,
અને ક્યાં પુરવાર કરવી છે વીરતા?
સ્વને રક્ષવા હથિયાર – પુરુષાર્થમાં;
કાંઈ જ તમારું નથી
તમે કેવળ માગનારા ભિખારી.

હું અસ્તિત્વ માટે તૈયાર યોદ્ધો
મારા હાથ તરફ ન જોશો (દ્રોણ)
અંગૂઠો હવે નહીં જ મળે;
હું એકલવ્ય ખરો... પણ...
છેતરનારને કશું જ ન આપું
ચપટી ધૂળ પણ નહીં

◘

## માણસ હોવું
### હરીશ મંગલમ્

पुनाम् पुमांसं परिपातु विश्वतः ।
પણ
અહીં તો મનુએ વાવેલાં
કાંટાળાં જંગલોની અડાબીડતામાં
'અમે' ફસાયાં છીએ તેનું શું?
વળી, એમાં ભૂંડોની ભૂતાવળ ને -
ચારેકોર ભ્રૂં... ભ્રૂં... ભ્રૂં....
બેસુમાર ઘોંઘાટનાં ટોળાં શોધ્યાંય હાથ ના લાધે સતનાં ફોરાં!
વિત્યા યુગો
વીતશે અણદીઠી ભોમ પર અણકથી વેદના
ખૈ ખપીને પડ્યાં છે પૂંઠે જો, સનાતની વૃદ્ધ-છોરાં!!

વળી પાછી
આગળ-પાછળ ડાબે-જમણે કર્મકાંડી ભીંતો
જીવવું હોય તો જીવો
તરવું હોય તો તરો
મરવું હોય તો મરો !
છે ફૂલી-ફાલી અહીંયાં વાણી-વર્તનની ભિન્નભિન્ન રીતો.

મારું તમારું શું ગજું છે, ભલા!
પહોંચી શકે ના જ્યાં, ખુદા – (જો હોય તો!)
એકમેક થવાની આહલેક પોકારું
પળ-બે-પળ, પછી તો જુદા ને જુદા!

જ્યારથી (અ)મને સમજણ ફૂટી
ત્યારથી એ લોકોની પ્રીત રૂઠી!
અંદર-બ્હાર
પાશવતાના પાશવી પ્ર..લં..બ પાશ પછી

પ્રસરી રહ્યો છે સતત આ ખાર,
સમયસરનું ખાતર તોયે બગડી આખી જાતર
(જાણી જોઈને) પૂછું એક સવાલઃ
ના બનો માણસ તો કંઈ નંઈ, દોસ્ત!
'માણસ' હોવાનું તો ધાર!

□

## વાસણ
### રવીન્દ્ર પારેખ

આ તાંબાનો લોટો
અશોક વસંતરાવ કળવીણકરનાં સ્મરણાર્થે ઘરમાં આવેલો
એલ્યુમિનિયમની ડોલ પર
નામ છે બાપુશેઠ ધોંડુશેઠ સોનારનું
નામ કોતરનારે ધોંડુને બદલે ઘોડું કોતરી મારેલું
પણ નામ હતું ને કોતરાઈ ચૂક્યું હતું.
આ કૂકર બાપાની સ્મૃતિમાં વહેંચેલું
નામ કોતરેલું મગનશેઠ ગણપતશેઠ પારેખ
પણ હાથમાંથી બેત્રણ વખત છટકી ગયેલું,
એટલે ‘શેઠ’ છુંદાઈ ગયેલા.
કૂકરથી બહેન રીસાયેલી
નામ આગળ સ્વર્ગસ્થ નો’તું કોતરાવ્યું એટલે
એ કૂકર ન લઈ ગઈ
ઘરમાં જ રહ્યું
પછી તો ઘણું ‘રંધાયું’ એમાં
ને નામ પણ
બાપાના સ્વભાવની જેમ જ
તપતું રહ્યું છે.
કાંસાની થાળી કુસુમકાકી વખતે વહેંચેલી.
એ ય પડી તેવી જ તૂટી ગઈ -
કાકીની જેમ જ!
સસરાની સ્મૃતિમાં ચાંદીની થાળી આપેલી,
શાંતારામ કાવટકરના નામે
સાસુએ એક થાળી વધારે આપેલી દોહિત્રને
ને એમ બે શાંતારામ ઘરે આવેલા
પછી તો સાસુ પણ ગઈ
ઘરમાં ચાંદીના પવાલાનો વધારો થયેલો

સ્વ. દ્વારકાબાઈ શાંતારામ કાવટકર નામ હજી તાજું જ છે.
તે એટલા માટે કે મારી પત્ની એમાં
પાણી નથી પીવા દેતી!
ચાંદી છે, ઘસાય તો ખરી જ ને!
આ પિત્તળનો વાટકો મારા મિત્રએ વહેંચેલો
તેનો દીકરો નદીમાં ડૂબી ગયેલો તેની યાદમાં –
નામ કોતરનારે ચિ. ચિંતનના સ્મરણાર્થે કોતરી મારેલું.
પણ થાય શું? નામ હતું ને ચિરંજીવી કોતરાઈ ચૂક્યું હતું.
એ આપતી વખતે ભાભીનું કાળજું ચિરાયેલું
રોજ એ વાટકો વીંછળાય છે,
પણ પેલાં આંસુ ધોવાતાં નથી
વાસણો એટલાં વપરાયાં છે કે
હવે તો નામો યે માંડ વંચાય છે
એમ લાગે છે જાણે મારું ઘર
ભંગારની દુકાન છે.
મારા ઘરમાં એક્કે વાસણ નામ વગરનું નથી...
જોકે એક વાસણ હજી કંસારાની દુકાનમાં છે,
મારે ત્યાં આવવાની ઉતાવળ કરતું.
ઇચ્છા તો એવી છે કે મારું નામ એના પર
જોઈને જાઉં.
નામ કોતરતા કંસારાનો હાથ દુકાનેથી જ
મારા પર ફરતો હોય તેવા અવાજે હું ચમકું છું.
ને એકાએક વાસણ થવા લાગું છું -

◘

## યાદ
### મનોહર ત્રિવેદી

હંમેશ સવારે
ઝાકળની ઝરમર વરસે
ને તડકાઓ ઊગ્યા કરે છે
ફળિયું હિલોળે ચડે છે
નીડમાંથી નીકળી પક્ષીઓ
પોતાની ચાંચમાં
લીમડાની મંજરીઓ લઈ ઊડે ઊડે
ને કલરવ થઈ
વેરાઈ જાય મારી આસપાસ
મને ગમતીલી તરજમાં
દિવસને ગણગણતો નીકળી પડું છું બહાર
પાછાં વળતાં
ખિડકીમાં પ્રવેશ કરીને જોઉં છું તો
તડકાઓને—
એની પાંદડીઓની આરપાર ટીકી ટીકીને
ન જોઈ શકાય તેવાં ખીચોખીચ
—ભૂખરી સાંજનાં ફૂલ બેઠાં હોય છે
અને
હું એની ગળચટ્ટી ગંધથી અસ્વસ્થ બની
મારા ઘરમાં જ
—કોઈ આઘે આઘેના ગામ જવાને—
અંધારામાં ભટક્યા કરું છું.

□

# મૃત્યુઃ મધરાતે
## અજિત ઠાકોર

એક ડોશી
રાતે અઢીક વાગ્યે
હાથમાં ઝાંખું ફાનસ લઈ
ફળીમાંથી થાય છે પસાર.

એના જીંથરવીંથર (ઊડતા) વાળ સમારવા
એ જે ઘર સામે
મૂકે ફાનસ
સવારે
તે ઘરમાંથી ઓછું થાય એક ‘માણસ’.

સાંભળ્યું છેઃ
એને ઝાંપો ઠેકતી જોતાં
ગામ આખાનાં કૂતરા રડી ઊઠે છે....

હું જાગી ગયો છું.....

મારા પલંગ તળેથી ઊભરાતો
અંધકાર
કદાચ એક ઝાંખા ઝાંખા ફાનસમાં
પલટાઈ રહ્યો છે.....

હું ચાદર ખેંચું છું
ફળીનો વાંસો પોલો જણાય....
સૂસવાતો લાગે...

પાંપણના એક વાળ પર ધ્રૂજતો ઊભો છું
ઘૂઘવે છે ફેનિલ દરિયો
પાંપણો પાછળ
તરે છે દૂ...ર
એક ઝાંખું ઝાંખું ફાનસ....

## લોઢી રાતીચોળ છે

**કાનજી પટેલ**

ખાણ કારખાનાં ડામર સડક રોલર
પડખે ચરીમાં કાળાં દોરડાં ભીડવે
ગળી જાય
બાણું લાખ માળવાના ધણીને
પેટમાં ખટાશ ઊલળે છે
પડખેનો યાત્રી
ત્રાંસી નજરે
લંગોટી પાઘડી એંઠી મૂછ
ટૂંટિયું બાઈ વખરીનાં પોટલાં
કરોળતાં બાળને તાકી
ઊભાં ને ઊભાં ધીકાવે છે

બિરસા,[૧]
જગ દોડ્યો છું
પીંડીઓ તતડે છે
તારો દશમન ગોરો
મારી સામે કાળોગોરો
આ ઘંટુડી ફરતી નથી
કૂકડિયાં ગાણાં ગાઉં છું.
હરો[૨] પીઉં છું
ભંગોરિયા[૩] મેળે મ્હાલું છું
મોશેટી[૪] ના બુંધે જાળાં બાઝ્યાં છે
કથરોટ ખાલી છે
લોઢી રાતીચોળ છે

૧. બિરસા મુંડા – આદિવાસી મહાનાયક ૨. દારૂ ૩. આદિવાસી મેળો, જ્યાંથી યુવકયુવતી પરણવા માટે ભાગી જાય ૪. અનાજની કોઠી

□

# એક ન ઓગળે

## કાનજી પટેલ

માથે મહુડો
ને ટેકરી પરથી પૂર્વજ મારે હાક.
પાંસળાં થાય પાવો
ગલોફાં થથરે
ડુંગર કોબામાં ગાયો આરડે.

વર્ષાથી ઢીમ નાળિયાં
સાથળ સમાણા કળે પગ અમારા
સૂડાનાં પાંદડાં ઊડે આભ
સૂરજ દીવો રાત થાય
કળણથી પગના રોટલા ઓગળે
માટી ભેગી માટી અમે.
માથું રેલાય
અંગોનાં રોડાં ઢોળાય
એક ન ઓગળે આંખની આ કોડી.

◻

## શાહીનું ટીપું
### રમણીક સોમેશ્વર

ટપાક્. શાહીનું ટીપું. તગતગતું નીકળે બહાર. પરથમ તો આળસ મરડી ખાય બગાસું. પછી સૂંઘે પવનને. થોડું અડી લે આકાશને. મૂછમાં હસતું જોઈ લે ઝાડ-પાન-ફૂલને. થોડા ટહુકા વીણી મૂકી દે કાનમાં. પછી ચડી જાય વિચારે. વિચારમાં ને વિચારમાં દદડવા લાગે રેલો, તે રેલો ક્યાં લગ પૂગ્યો તેનું ય ભાન ન રહે. પણ રેલો ઈ તો રેલો. ભીનાશ બધી શોષાઈ જાય રેતીમાં ત્યારે જ એની ખબર પડે. પછી હાળું ટીપું, રેતીના કણ થઈને ઊડે ને ભરાય મારી આંખમાં. આંખ ચોળતો, ઝાંખ વચ્ચે હું લખવા માંડું કવિતા. વાત તો આટલી જ કે શાહીનું ટીપું ટપાક્ દઈને નીકળે બહાર. દરિયો માની પોતાને માળું ઉછાળે મોજાં ક્યારેક, ને ક્યારેક સૂરજનું સંતરું લઈને રમતે ચડે સાંજે તે કાળું ટપકું થઈને થીજી જાય પાછું. ઊંઘમાં ને ઊંઘમાં લવારે ચડે તો ગજવે વનનાં વન હૂ ડૂ ડૂ ડૂ પવન થઈને. હેં! ગવન થઈને ઊડવું ગમે પાછું એને. ને ચાળે ચડે તો ‘રાસ રમંતાં મારી નથણી ખોવાણી...’ ના, ના, વાત તો અમથી આટલી જ કે ટપાક્ દઈને ટીપું શાહીનું ધસી આવે બહાર – ટોચે. ટોચે ઝગમગતું ટીપું – આદમનો અવતાર, ઈવનો વિસ્તાર. હાળું જીવ લઈને જન્મ્યું તે ભરી દીધી પરથમી આખીને; અને હવે તાકે આકાશ સામે ટગરટગર. ગ્રહો-નક્ષત્રોને લે ઊંડણમાં ને ખેંચે સમદરને તળિયેથી બધો ભેજ. તેજ-ભેજના તાંતણાં વણી સજાવે સેજ. એ જ... એ જ...
એ જ તો કહેવું છે મારે...
ટીપું શાહીનું ટપાક્...

◻

## રાવણહથ્થો

રમણીક અગ્રાવત

પિયરને પાણીશેરડે ભુલાઈ ગયેલાં પગલાં,
રંગોળી પૂરતાં આડે હાથે મૂકાઈ ગયેલા ઓરતા
સંજવારી કાઢતાં કાઢતાં ક્યાં વાળી મૂકેલી સાંજો
ફળિયું લીંપતાં ગોરમટી માટીમાં આળબેલાં સપનાં
ડેલીમાં ડાબે હાથે કંકુથાપામાં પોતાને મૂકી ચાલી નીકળવું :

ગાઈ દેશે બધું રાવણહથ્થો

પતંગ ઊડાડતાં ક્યાંક અજાણી સીમમાં કરેલું ઉતરાણ
નિશાળના પાછળા વાડામાં શીમળા હેઠ ઊઝરતાં તોફાન
મોંપાટ ભેગાં ધરાર ગોખાઈ ગયેલાં નામ
સપનામાં ક્યારેક રણકી જતી મંદિરની ઘંટડીઓ
મોબનવડની વડવાઈએ દિવસો બાંધી આમ ચાલી નીકળવું :

ગાઈ દેશે બધું રાવણહથ્થો

વ્યવહારોના જંગી ચકરડે અમથી પીલાણે ચઢેલી ઇચ્છાઓ
રોજમેળના જમા-ઉધારની બહાર રહી જતા હિસાબો
ગળા સુધી મૂંઝવી અમથી ઓલવાઈ જતી વિટંબણાઓ
કોઈક સાંજને ખીલવી જતો વાસંતી હિલ્લોળ
આ આમ ને આ તેમ-ની છાતીમાં છીણી મારીને
કોળતાં ગીતઃ

ગાઈ દેશે બધું રાવણહથ્થો.

◻

## ખારાઘોડા – ૧
## અગરિયા
**નિખિલ ખારોડ**

નથી ઊછળતા તરંગો
નથી ઘૂઘવતા દરિયા અહીં
નથી મુલાયમ રેતી કે
નથી કિનારો.
અસીમ રેતાળ ફલક પર
ફફડી રહ્યાં
કંતાન ઢાંક્યાં
ઝૂંપડાં
છૂટાંછવાયાં.
સોંસરવી ઊતરી ગઈ છે ખારાશ
ને થઈ જમા
જમીનના પેટાળમાં.
ઊંડે ઊંડે ખોદીને
ઉલેચે પાણી બધાં.
બહાર કાઢીને
કેટલુંક પીવે
કેટલુંક પાથરે
ને તડકે તપે
કાળામસ દેહો
ત્યારે બાઝે
ક્ષારની પોપટી
ચામડી પર, જમીન પર.

□

## ખારાઘોડા – ૨
## ઉડાન
**નિખિલ ખારોડ**

ઊછળતાં ઝડપભેર
ઊમટી આવે તરંગો ક્યારેક
પણ પહોંચે ન પહોંચે ઉંબરા સુધી
ત્યાં ફસડાઈ પડે
ને અફળાતાં પાછાં ફરે પાણી
ફીણ ઢાંક્યાં ક્ષારનું લીંપણ પાથરતાં.
ઊંડેથી ધસારો થાય ત્યાં તો,
ને અમળાતી વળ ખાતી
ઉડાને ચડે
ખારા રણની રેતીમય દુનિયા.
કોઈની પાંપણે ખડકાય
તો બાઝે થર પર થર કોઈને માથે.
રેતી મઢી કોઈની ચામડી ચળકે.
ભૂખરી કથ્થાઈ હવા શ્વસતી
ખખડેલી છાતીઓના પોલાણોમાં
રેતકણો પડઘાય
ને ખેંચાતાં ઊંચકાતાં શરીર
ઉડાન થઈ વહી જાય.

□

## ખારાઘોડા – ૩

નિખિલ ખારોડ

કહે છે સહુ જન
કે અગરિયાની  વાતમાં
કંઈ નથી.
અગરિયાની વાત તો
જરીક અમથી.
ઊઘડી આંખ તો
મીઠાકણી પર અફળાઈને
ભટકાયો તપતપતો સૂરજ
ને આંખનાં પાણી
સ્ફટિક થઈને પાંપણે બાઝ્યાં.
પા પા પગલી માંડી
તો મળી મીઠે લદાયેલી
રણભૂમિ.
ને ચોંટી ચામડી પર
મીઠાની પોપડી.
પગલે પગલે
દબાતી રણભૂમિ પર
કેડીઓ થઈ.
ને કેડીઓના ગૂંચવાડામાં
અટવાયા અગરિયા.
ઝઝૂમે ખૂબ ગોતવા છેડા.
પણ ક્ષારની પોપડીઓ સાથે
સજ્જડ ચોંટેલાં શરીર
જ્યારે
રણભૂમિની કેડીઓ પર
ભુલભુલામણીમાં
ભમવાં લાગ્યાં
ત્યારે
બનવાં લાગ્યાં હાડ સઘળાં
ક્ષારના નળા.
ને તહીંથી શરૂ થઈ
વાત જરીક અમથી
અગરિયાની
આમ તો કંઈ નથી.
□

## વાઘ – વિશે

રાજેન્દ્ર પટેલ

આજ કે કાલ તો
આવશે આ વાઘ.
આ વાઘ-શોધ બની જશે કદાચ
નૃસિંહનો જાણે અવતાર.
જે ભૂલી ગયો શ્વાસનો વાસ
એ બનશે રાખ.
ફરી પાછો ફરશે
વાઘ-શોધ કરતો કરતો
બનીને અજાણ્યાં અસવારનો વાહક.
જે ચાહે એક શોધને
એ બને છે સાચેસાચો વાઘ.
કોઈ
વાઘ નામનાં છૂંદણાં છૂંદાવે જે
વાઘ નામનાં નાળિયેર ફોડે એ
વાઘ નામના નિતનિત જાપ જપે છે.
તોય આવશે નહીં આ વાઘ.
હા, મળશે એ અડધી રાતે, વન વચ્ચે.
જે સતત શોધે
અંદર અને બહાર એક અને માત્ર એક વાઘ.
જે ખોદે પોતાને
જે ખોલે પોતાને
જે ઊંચકે છે પોતાને
એની રાહ જોતો-જોતો ઊભો એક વાઘ.
દરેકમાં ભળવા તૈયાર
એક-એક વસ્તુમાં ઓગળી જવા એ માગે છે.
જે રહે ભળ્યાં વગર
એ સર્જે ભૂ-કંપ.
□

## સગપણ ક્યાં છે?
**પ્રબોધ જોશી**

અમે મોર હોઈએ તો –
અમારાં ખરેલાં આંસુ વીણજો

વાદળ સમા તરતા પ્રસંગોને
અમે બોલાવશું –
તમે વરસજો.

આવતા ભવે
આ અધૂરી મૂકેલી કવિતાની
છેલ્લી પંક્તિ થઈ
તમે આવી ચડજો.

□

# સાણસી

બકુલ ટેલર

રસોડામાં રસોઈ પકાવનાર હોય યા ન હોય
હોય છે હંમેશ આ સાણસી
ગઈ કાલે હતી ત્યાં જ યા જરાક આમતેમ
એણે ક્યાંય જવું હોતું નથી
ધાતુમાંથી આકારોમાં ઢળી રહી હતી ત્યારથી તેનું વ્રત છે
ઉચ્ચાલનના નિયમોમાં રહેવું, નિયત થયેલું કામ કરવું
બીજી કોઈ બબાલ નહીં, ટંટો-ફિસાદ નહીં
તેને કોઈ આળસ નહીં, ઉતાવળ નહીં
રાત યા દિવસના, ઋતુચક્રના ભેદ નહીં
વાવાઝોડા, ધરતીકંપ જેવી આફતોમાંય સ્થિતપ્રજ્ઞ
ઉચ્ચાલનના નિયમોમાં રહેવું, નિયત થયેલું કામ કરવું

ચાની તપેલી તમને દઝાડે, તેને નહીં.
સિફતથી તે જકડે ને કપમાં ચા ઢળે ત્યાં સુધી જકડે
તે ક્યારેય ચાની ચૂસકી ન માગે
મઝાનું રસાદાર શાક હોય કે હોય રવાદાર મીઠાઈ
ન તેને કોઈ સ્વાદ, ન તેને કોઈ રાગ
જગતમાં જેને જે ખાવું હોય તે ભલે ખાય
ધાતુ તરીકે તેણે હજારો વર્ષ માટીનો સ્વાદ સેવ્યો છે
ખાણિયાઓએ તેને ઢૂંઢી કાઢ્યું ત્યારે માણસોને જાણ્યા
ને બસ હવે માણસ વચ્ચે તેનું આયુષ્ય વીતી રહ્યું છે
હવે તે માણસને જ જાણે છે, માટીના ભેદ ભૂલી ગઈ છે
અલબત્ત, તેને સ્ત્રીઓના હાથમાં ગોઠવાવું ગમે છે
પુરુષોના હાથમાં તે ઘણી વાર છટકી ગઈ છે
ઘણા માને છે કે આ સ્ત્રીઓએ વંઠાડી છે એને
હશે, કદાચ થોડું એવું હશે, પણ આમ નહીં
સ્ત્રીઓના હાથોએ તેનામાં લીસ્સાપણું આપ્યું છે
નળ નીચે તેને પાણીમાં ધુએ ત્યારે ખુશ

ને ક્યારેક બે-ચાર દિવસ ન ધોવાય તો...
– તો સમજે કે બાઈમાણસને બહુ કામો હોય છે
– સમજે કે સ્ત્રીને ને સાણસીને મિજાજી થવું ઠીક નહીં
સાંધા ઢીલા થાય તો પણ પકડ ન છોડવી

સાણસી એવું પણ સમજે કે
ચમચા, તવેથા, ભાતિયાં, રવઈ ભલે ઘણાં હોય
બધા વચ્ચે તે તો એક, એકમાત્ર
રસોઈ થઈ રહે તેની રાહ જુએ ઉતાવળ વિના
બાકી શાંત, જન્મારો અહીં જ વીતવાનો છે એવા ભાવથી
શાણી ને સમજદાર ગૃહિણીઓ તેને સાચવે છે
કામ પૂરું થાય પછી બાજુ પર મૂકે છે
સાણસી કાગાનીંદરમાં પોઢી જાય છે
-કાંઈ કશું પકાવો તો કહેજો કહી આંખ આડી કરે છે.
◻

## રાત્રિ

### સંજુ વાળા

સહેજ સંકોરી વાટ
દૃષ્ટિભેદમાં ડોકાતી
સીમાઓનો પાર પમાય
તે પહેલાં
માળિયામાંથી ઊતરી આવ્યા
આછા અણસાર
　　　　　　અરધાં રે ઊઘડતાં રાતાં અજવાળાં
　　　　　　અરધે ઊગ્યા
　　　　　　થરથરતા ઓછાયા અનઆધાર
ડુબાડે
ભયભીત કરી મૂકતાં
પ્રગાઢ કાળાં ભુખાળવાં પાણી
　　　　　　આઠ કૂવા ’ને નવ પાવઠાં રે
　　　　　　એવું કહેવાથી ઉલેચાતાં નથી.
　　　　　　સિંચણિયાં આંબતાં નથી, ગાગર ભરાતી નથી.
　　　　　　અભરે ભર્યાં છે,
　　　　　　માટલાંમાં, બેડાંમાં, વાવમાં, તળાવમાં
　　　　　　છતાં
　　　　　　કાળઝાળ તરસ છિપાવતાં નથી.
　　　　　　એવાં.
ફેલાતા હાથ
અને તૂટતા શ્વાસ
ખરખર ખરતા જોયા.
　　　　　　ગરકાવ ઓરડો ઊંઘ પાંદડીઓમાં
　　　　　　તરડાય, ફૂટે
　　　　　　પાતળી પળમાં પરોવાયેલ
　　　　　　ચૈતન્ય
　　　　　　કણસે

દ્વારદ્વારે પાંખ ફફડાવતી સંવેદ્યતા લોચો
લોથપોથ
ખુરશીમાં ફસડાઈ પડેલો દિવસ, હાંફે
લોહીમાં દોડતો આખ્ખો ઉનાળો
પીગળે, પિગાળે ધીમે
ધીમે
શાંત
નળમાંથી ટપકે પડઘમ તાલે
સળમાં સપડાયેલ આંગળીઓ
શોધે, કશુંક ન ખોવાયેલ
બારીનાં બરડ મિજાગરે પવન સિસકારે
અસંખ્ય અશ્વોની હણહણાટી તળે
કચડાઈ
ભુક્કો પરીઓનાં આર્દ્રગીત
ટેબલ પર ભજવાય ઑથેલો...
વચ્ચે,
છાતીમાં તીણાં શૂળ જાગતાં,
તંદ્રાધીન કાળખંડ પડખું બદલે
રાત્રિ વહે
ખળખળાટ વહે...

◘

# એક કવિતા પૂરી કરું છું કે

સંસ્કૃતિરાણી દેસાઈ

હું જેવી એક કિવતા પૂરી કરું છું કે
તે આખો આકાર લઈ ઊભી થઈ જાય
કાગળ ઉપરથી.

સ્વપ્નપરીની વાત કરું છું તો
તેનું આકર્ષક રૂપ લઈ
મોહક અદાથી ચાલવા માડે છે મારી સામે
આંખોથી ઇશારા કરતી.

મશ્કરા શબ્દોની વાત કરું છું તો
પાંચ સાતની ટોળી ઊભી થઈ
મારી સામે મશ્કરી અને ટીખળ કરવા માંડે છે
ને પછી બધા જ નીકળી પડે છે વિશાળ દુનિયામાં.

એક દિવસ મેં રાક્ષસની વાત કરી કવિતામાં
ને તે ધીમે ધીમે આકાર લેવા માંડ્યો.
એટલો બધો ભયાનક ચીતર્યો હતો કે
મને થયું જેવી હું તેને પૂર્ણ કરીશ કે
કૂદી પડશે મારા ઉપર જ.
હવે હું ગભરાઈશ, શું રસ્તો છે એનાથી બચવાનો?
ને મેં છેલ્લી પંક્તિ લખી જ નહીં,
પૂરી જ ન કરી કવિતા.
રાક્ષસ બિચારો હજી ઊભો છે
કાગળ સાથે પગ જકડાયેલો
છેલ્લી પંક્તિની રાહ જોતો.

□

## મેશ

ઉષા ઉપાધ્યાય

હું જન્મી
ત્યારે છઠ્ઠીના દિવસે
નાનીમાએ ત્રાંબાની તરભાણી
દીવા પર ધરી
હોંશે હોંશે કાજળ પાડીને
મારી આંખમાં આંજ્યું હતું.
હજુ ગયા વરસે જ
મારી દીકરીને ત્યાં દીકરી જન્મી
ત્યારે મેં પણ
છઠ્ઠીના દિવસે
હોંશભેર કાજળ પાડી
મારી દોહિત્રીની
સ્વપ્નભરી આંખોમાં આંજ્યું હતું.
આજે,
આ ઢળતી સાંજે
આગજનીમાં બળીને
કાળામેશ થઈ ગયેલાં
મારાં શહેરનાં
મકાનોને જોતાં થાય છે.
કોની છઠ્ઠી માટે
પડાઈ હશે
આટલી બધી મેશ?

◘

## ગોઝારી વાવ
મનીષા જોશી

હાં, હાં, એ માણસ જીવે છે હજી, એના ઘરમાં, સુખેથી
પણ મરી ગયો છે એ મારા માટે.
અને એટલે જ હું રોજ એના નવા નવા
મૃત્યુની કલ્પના કરું છું.
રસ્તા પર ચાલતા ટ્રકનાં પૈંડાં એના પર ફરી વળે છે.
અને હું બાજુમાં શાંત રાહદારીની જેમ પસાર થતી હોઉં છું.
તો ક્યારેક એની લાશ રેલવેના પાટા વચ્ચે મળી આવે છે.
અને હું એના મૃતદેહ પરથી પસાર થતી ટ્રેનમાં
મુસાફરી કરતી હોઉં છું.
ક્યારેક હું મારી સાડીના પાલવને ગાંઠ મારતી હોઉં છું
અને એના ગળામાં ફાંસો હોય છે.
હું મંદિરમાં દીવા પ્રગટાવતી હોઉં છું
અને એનું આખું શરીર સળગતું હોય છે.
ક્યારેક એ કોઈ ગોઝારી વાવના તળિયે પડ્યો હોય છે
અને હું એ વાવમાંથી પાણી ભરતી હોઉં છું.
રોજ રાત્રે યમરાજ આવે છે.
પેલા કાળમુખા પાડા પર બેસીને.
કરગરે છે, એને લઈ જવા માટે.
પણ હું એને રજા નથી આપતી.

□

# સોયદોરો

## પારુલ કંદર્પ દેસાઈ

સોય છે તો દોરો છે
અને
દોરો છે તો સોય છે
એવું નહીં.
બંને એક જ છે, અભિન્ન
સોયદોરો.
○

સોયથી
હંમેશા દોરવાતો ચાલે છે
દોરો
ક્યારેય
સોય પાછળ હોય
અને દોરો આગળ
એવું બનતું નથી.
○

સોય હોય છે. નાજુક નમણી ચળકતી
પણ નક્કર
દોરો પણ હોય છે નાજુક, નમણો
ને વળી રંગબેરંગી
પણ નક્કર નહીં કાચો
ક્યારે તૂટી જાય ખબર જ ન પડે
○

આમ તો સોય
સાવ મામૂલી, તુચ્છ,
એની કાંઈ કિંમત નહીં

પણ એકવાર
સોયમાં દોરો પરોવાઈ જાય
પછી
સર્જાય છે ચમત્કાર
વેરવિખેર કાપડના તાકાઓ
ફેરવાઈ જાય છે વસ્ત્રમાં
ઢાંકે છે એ સમગ્રને, સમસ્તને
૦

સોય શીખવે છે
સંધાવા માટે વીંધાવું પડે છે આરપાર
દોરો શીખવે છે :
સાંધવા માટે
પરોવાવું પડે છે આરપાર
૦

સોય દોરા વિના વીંધી શકે
પણ સાંધી ન શકે.
દોરો સોય વિના બાંધી શકે
પણ સાંધી ન શકે
૦

સોય આમંત્રે છે દોરાને
પોતામાં પરોવાઈ જવા માટે
પછી એ કાળો હોય કે ધોળો
લાલ, લીલો કે આસમાની
કે પછી પીળો, ગુલાબી, નારંગી...
એ કોઈને ય ના પાડતી નથી.
જો કે
એક સોયમાં
પરોવાઈ શકે છે
એક જ દોરો

એકથી વધારે ક્યારેય નહીં
○

દોરો છો મારી પાસે
દોરાઓના ગુચ્છેગુચ્છ છે
પણ
સોય ક્યાં?
○

જો તું પરોવાઈ ન શકે
મારી અંદર દોરાની જેમ
તો હું
કેવી રીતે સાંધીશ
આ ફાટી ગયેલા આભને?

□

# આ હવા

પ્રવીણ ગઢવી

આ-
હવા
આ-
જંગલ ઝાડી, સાગની કલગી,
કાંટાળી ડાળી,
વાંસ ઝૂંડની જાળી
વનવાસીના વૃદ્ધ ચ્હેરાની કરચલી.
આ-
મહુડાની છાક,
દીપડાની છલાંગ
ધુમ્મસની ધાબળી ઓઢી
ઘોરતા પ્હાડ.
આ-
તાતાતીર થકી વિંધાયેલી હાંહડી.
આ-
તડકાની તાડી
ઘટઘટ પીતાં ખાખર પાન
આ-
ખાપરીનું કોપરિયું જળ
આહ્…
વાહ્…
આ-હવા!

◻

## બનારસ

### જગદીપ સ્માર્ત

લાંબા, સીધા, લંબચોરસ
ગંગાઘાટના પીળા પથ્થરના વળાંકો
સાથળ જેવા લીસ્સા ને ઠંડા બની
હજારો પગલાંઓને ભરખી ગયા છે.
અંધારી ભેજલ લાંબી સાંકડી ગલીઓના ઠંડા ભૂખરા રંગ પર
તરે છે દેવસ્થાનોના નિરમાળની રાત્રિગંધ અને સિંદૂર,
જિજીવિષા સાથે ભટકતાં ભગવાં વસ્ત્રોને હવે
મુમુક્ષુભવનના થાંભલાની કાથાની દોરી પર ફાવી ગયું છે.
આખલાઓની કાળી ઊંચી પહોળી માંસલ ખૂંધ
સાંકડા વળાંકે, ઊભાં ઊભાં લે છે
બપોરની ઊંઘ.
સંધ્યા કરી
નદીપારથી આવેલો રામનગરી પવન
ગેરૂ રંગના શિખરોને સોનેરી બાથ ભીડે છે.
આંખમાં સુરમો આંજી, ભાંગ ગટગટાવી
લાલ રંગના ચોકડીવાળા ગમછા
ડાલમંડીની ઠુમરીના બહેલાવમાં ફરફરે.
શેરીના છેવાડે પડતી બારીઓના સળિયામાંથી
તબલાંની થાપ અને પીલુના આલાપ સાથે ધસી આવે
રાત્રિનો પ્રથમપ્રહર.
પૂર્વજોને અજવાળું મોકલવા પ્રગટાવેલો દીવો
ગંગાનો અર્ધ ચંદ્રાકાર વળાંક વટાવી
તરતો તરતો પેલે પાર પહોંચી ગયો.
કાશીએ પહોંચતાં પહોંચતાં થાય બાર વરસ.
કરવત ફેરવવા આવેલો કસાઈ
કબીર બની ભાગી ગયો.
નદીમાંથી બહાર આવેલા હાથ
ફરી એક વાર અર્ઘ્ય માટે ડૂબી ગયા
◻

## ઝાડ
### રાજેશ પંડ્યા

મારી બરાબર સામે
એક ઝાડ છે.
ગુલામમોહમ્મદ શેખના ચિત્રમાં હોય છે તેવું.
જેના પાંદડેપાંદડે પોપટ બેઠા છે.
પોપટ આંબાની ડાળ
પોપટ સરોવરની પાળ – એ વાર્તામાંથી
ઊડીને આવી ગયા હશે અહીં.
શેખ ઝાડ ચીતરતા હશે ત્યારે
આશરો શોધી લીધો એણે, આ ચિત્રમાં.
પછી તો આંબા વઢાઈ ગયા
સરોવર સૂકાઈ ગયા એટલે પોપટ બધા
પાંખો ફફડાવતા ઊડી ગયા
એક પછી એક
પોપટ ઊડતા જાય
એમ પાન ખરતાં જાય
એક પછી એક.
થોડીવારમાં તો પાંદડાંનો ઢગલો થઈ ગયો. કેનવાસ બ્હાર.
કોઈ સાંજે હવા વહે છે આ સૂક્કાં પાંદડાં સોંસરવી
ત્યારે અછાંદસ કાવ્યના લય જેવો ધ્વનિ સંભળાય છે ક્યારેક ક્યારેક.
બાકી આંખના પલકારા વચ્ચે ઊભું રહે છે આ ઝાડ
અડીખમ. સ્તબ્ધ, સ્થિર.
અતુલ ડોડિયાના ચિત્રમાં હોય છે તેવું.
નર્યું રેખાઓનું માળખું છે એ.
ઉમાશંકરના કાવ્યમાંથી મૂળિયાં ફેલાવતું આવી ગયું છે છેક અહીં.
હવે, તારાઓથી ખીચોખીચ આકાશ એની સામેય જોતું નથી.
તોય કવિ સિતાંશુ એને જોઈને કહે છે
આ ઝાડ છે.

◻

## બધું જ, બધા માટે

રાજેશ પંડ્યા

તમે મચ્છી ખાઓ કે ભાત
ચાહે માંસ ખાઓ
ચાહે ધાન્ય
જમીન પર કૂદકે કૂદકે દોડતી
મરઘીની ટાંગ ખાઓ
કે પછી જમીનથી ઊંચે ઝળુંબતાં
લેલૂંબ ફળ
ઈંડાં ખાઓ કે બટાકા
બધું પચી જાય
તમને એવી મજબૂત હોજરી મળી છે.

તમે દિવસે ઊંઘો કે રાતે
ચાહે સપનાં જુઓ
ચાહે ટી.વી.
દીવાલ પર ગોળ ગોળ સરકતી
ગરોળીની જાંઘ જુઓ
કે પછી મલઈકાની છાતી
બધું ગમી જાય
એવી આંખ મળી છે તમને.

તમે ઓજાર રાખો કે હથિયાર
ચાહે રંધો હથોડો ખુરપી રાખો
ચાહે એ.કે.૪૭
ટેબલ પર કમ્પ્યુટર રાખો
અને કબાટમાં પુસ્તક
સતત છાતી સાથે જડી રાખો મોબાઈલ
પાસે ઊભેલા માણસની વાત સાંભળવા
કાનમાં ઈયરફોન રાખો

બધું રાખી શકાય
એવી સગવડ મળી છે.

તમે ઊભા રહો કે ચાલો
રસ્તો મળી ગયો છે
એમ માની ચાલ્યા કરો
કે રસ્તો જડતો નથી
એમ માની ઊભા રહો
આજુબાજુ વૃક્ષો ઊભા છે
એમ તમે પણ ઊભા રહો.
જરા ખસીને, રસ્તાની ધારે
જેથી ચાલનારાં વાહનોને મુશ્કેલી ન પડે
આટલું તો તમે કરી શકો
એવી સમજણ જરૂર મળી છે તમને.

તમે મૂંગા રહો કે બોલો
બધું સરખું છે
તમે હા પાડો કે ના
કોણ પૂછે છે?

◘

# ખીંટીઓ
## મહેન્દ્ર જોષી

મારા બાપ-દાદા-પરદાદાના ઘરની ભીંતો
ઘૂસી જાય છે ટાણે-કટાણે
મારા 1-BHK ફ્લેટમાં.
ભીંતો ફાડીને પીપળો ઊગે એ તો સમજાય
આ તો ઊગી નીકળે છે ખીંટીઓ
ન્હોર જેવી,
ખીંટીઓ, બસ ખીંટીઓ, ખીચોખીચ ખીંટીઓ.
જેને હું પાંખાળો ઘોડો કરી ઊડતો હતો
એ નેતરની લાકડીઓ
આજે મને બોચીથી પકડે છે : 'સાલ્લા'.
માથે પહેરી દાદા-વડદાદાની નકલ કરતો હતો એક વેળા
એ પીળી પડતર પાઘડીઓના છેડાઓ
ફુત્કારે છે મને વારે તહેવારે.
ઊંધી છત્રીએ વરસાદ ઝીલતો
એ છત્રીઓનાં અસંખ્ય કાણાઓમાંથી મને જોતી આંખો
દીવાસળી ચાંપે છે મને.
મારી કાગળની હોડીઓને
મૂછે તાવ દેતા ફોટાઓના હાથ
તમાચાઓ મારે છે મારા નમૂછા મોઢા પર
કટાયેલી તલવારો, બખ્તરો, બાર બોરની બંદૂકો
કાયર કાયર કહી થૂંકે છે
મારા જન્માક્ષરો પર;
ફાનસમાંથી ઘૂરકે છે પડછાયાઓ
હપ્તેથી લીધેલા ટી.વી. પર.

મોતી ગૂંથ્યા જર્જરિત વીંઝણાઓ
જંગે ચઢે છે પંખાની હવા સાથે
લટકે છે કટાયેલી ચાવીઓના કંઈક ઝૂડાઓ

આજે એ અસમર્થ છે
મારા મનના પટારાઓ ખોલવા...

બીજું તો ઠીક,
માની કંઠીઓ
મોટીમાની ગૌમુખીઓ,
વડ દાદીની ચાંદીની ગાયો
મોં ફેરવી લે છે આજે મારાથી.
મેં સાત પેઢીઓનાં વહાણ ડૂબાડ્યાં છે
મારા 1 BHK ફ્લેટના દરિયામાં
ગામનું બાપ-દાદા પરદાદાનું ખોરડું ખોઈને
જનોઈ ખભેથી ઉતારી
આબરૂનાં ચીંથરાંઓ લટકાવી દીધાં છે
બાપ-દાદા-પરદાદાની ખીંટીઓ પર
ફસાઈ ગયાં છે પેઢીઓનાં વહાણ
મારી આંગળીએ ઉછરતી પેઢી કાલે મને પૂછશે
'આ બાર્બી અને આ ટેડી બેઅર ક્યાં લટકાવીએ અમે?'

□

# જંગલની રાત
## વસંત જોશી

**૧**

ક્યાંકથી આવી લગોલગ બેસી જાય
લથબથ, નિતરતી
જંગલની રાત
ધીરે ધીરે
કોરી કટ કરી
વેરવિખેર કરી નાખે
પછી
સંકેલીને ગોપવી દે
ક્યારેક ઝબકારો
ક્યારેક ઝબુક ઝબુક
આગિયાની પાંખ પરથી
ચૂપચાપ સરકે
અડાબીડ અંધારાના રસ્તે
અલોપ
જંગલની રાત

**૨**

મહુડાનાં ફૂલ
એક પછી એક ગરે
હવામાં ઊડે
જંગલ આખું સૂંઘે
આદિવાસી કન્યાનાં કરંડિયામાં
મઘમઘતા મહુડાં
પાવરીના માદક સૂરમાં
કામણ રેલાવે
પાવરીના સૂરે નાચતી કન્યા
મઘમઘ મહુડો

મહુડાની મદભરી મહેકમાં
ઘેરાતી સાંજે
તંદ્રામાં સરી પડે
આંખમાં તગતગતું
ફૂલ

□

## સરહદ

**જયેન્દ્ર શેખડીવાળા**

અચાનક નદીની સરહદ શરૂ થાય છે, પવની ગતિ અને
ભીનાશ ગાઢ બને છે, કશુંક ગમતીલું ઘેરી વળે છે,
અને, તારા વિચારોની સરહદ શરૂ થાય છે, નદી ક્યારેક
હોય છે તારી આંખોમાં, ક્યારેક નદીની આંખમાં જોઉં છું
તને, અને, અચાનક આંસુની સરહદ શરૂ થાય છે,
ધબકાર સાંભળી શકાય તેટલી શાંતિ, અને, પથ્થરો
હવામાં તરવા લાગે તેટલી હળવાશ ગાઢ બને છે,
કશીક સમયહીન સુવાસ ઘેરી વળે છે, અને, કવિતાની
સરહદ શરૂ થાય છે.

□

# આભડછેટ એટલે શું?

નીલેશ કાથડ

મેં મોરને પૂછ્યું : આભડછેટ એટલે શું?
તો મોર તો થનગન થનગન કરી નાચવા લાગ્યો
ને મારે ગાલે મજાની કિસ કરી ટહુકા કરવા લાગ્યો!

મેં વૃક્ષને પૂછ્યું : આભડછેટ એટલે શું?
તો એણે તો ડાળીઓ નમાવી મને કાખમાં જ બેસાડી દીધો!

મેં ફૂલને પૂછ્યું : આભડછેટ એટલે શું?
તો એ તો બધી સોડમ વિખેરતું મારા નાક સાથે ગેલ
કરવા લાગ્યું!

મેં નદીને પૂછ્યું : આભડછેટ એટલે શું?
તો એ તો મારા પગને સ્પર્શીને છેક
મારા હૃદય સુધી મને ભીનો કરી ગઈ!

મેં પથ્થરદિલ પહાડને પૂછ્યું : આભડછેટ એટલે શું?
એ તો પીગળીને રેલો થઈ વહેવા લાગ્યો મારી પૂંઠે પૂંઠે,
મને અડવા-આભડવા જ તો!

મેં માણસને પૂછ્યું : આભડછેટ એટલે શું?
મારી સામે જોયું,
દૂર ખસ્યો ને
ચાલવા લાગ્યો.

□

## નિર્વાહ

**હર્ષદ દવે**

દુનિયાનું ગાડું અવળું ચાલે છે
છતાં સમજો ને કે સીધું જ ચાલતું દેખાય છે
આ પ્લેટફોર્મ નંબર એક પર
હમણાં મત્સ્યગંધા એક્ષ્પ્રેસ આવશે
અને
પાછળની બાજુએથી માછણ
કછોટો વાળી મહાપ્રયત્ને
માછલી ભરેલો સૂંડલો લઈને
જનરલ કોચમાં ચઢશે
સૂંડલો હાથવગો રાખી
બેસી જશે એક બાજુ

માછણનું નામ દમયંતી હોય તો પણ
તેને કોઈ દમયંતી સાથે સંબંધ નથી
આ ટ્રેન તો તેના માટે રૂટિન છે
તેના મનમાં મત્સ્યગંધાનો અર્થ
સવારે નવ વાગે આવતી ટ્રેન.

ટ્રેન સ્પીડમાં ચાલવા માંડશે
ફેરિયા આવશે
વડાપાંઉ ખરીદીને ખાઈ લેશે.
માછલીઓની ગંધ વચ્ચે
ઉજાગરાથી થાકેલી આંખો ઘેરાઈ જશે
આગળના સ્ટેશન સુધી.
ફરીથી સૂંડલામાં ખાલીપો લઈ
પરત ફરશે એ જ પ્લેટફોર્મ પર

માછણમાં રહેલી મત્સ્યકન્યા તો-
વર્ષો પહેલાં મરી પરવારી છે

ટ્રેનના પાટાઓ પર.

## કીલકમ્ કંડિકા
**યોગેશ વૈદ્ય**

### ૧. ખીલી : ડબ્બામાં ભરેલી

કોઈએ ડબ્બામાં ભરીને
અમને ખખડાવી
ત્યારે જ તો થઈ અમને પહેલી પ્રતીતિ
અમારામાં ઉછરતા મંજુલ ધ્વનિની.
જાણે
કુંવારકાઓની બંગડીઓ રણકતી ન હોય!
અસંખ્ય શક્યતાઓમાં પડઘાતો ઉન્મેષ
સૂરજ થઈ ઉગતો સવારે
નવા નક્કોર અમારા દિવસો
અને સાવ કોરી ધાકોર અમારી કાયા.

સાચ્ચું કહું?
આ પોલાદ ના હોત
તો ક્યાંક અમે થઈ ગઈ હોત
કળીઓ નરગીસની!

### ૨. ખીલી ભીંતમાં ખોડાતી

મને બહુ જ બીક લાગે
હથોડીની.

એક એક પ્રહારે
માથાથી અણી સુધી વ્યાપતો
મરણતોલ સબાકો.
એવી તે અસહ્ય પીડા
કે બેવડ વળી જવાય!
(માણસજાતથી તો એની કલ્પના પણ ન થાય)

ભીંત, મારી બેન!
માફ કરજે મને
હકીકતમાં
માણસની ઉપયોગ-નીતિએ
કર્યો છે આ અનર્થ.
તારું માનવું છે કે
મારે અણી જ ના હોત
તો સારું થાત
પણ જરા તું એ વિચાર કે
મને અણી ના હોત
તો હું ખીલી,
ખીલી પણ શાની કહેવાત?

### ૩. ખીલી : ફર્નિચરમાં ધરબાયેલ

ગણીને ત્રણ ફટકા પડેલાં
મારા માથે
અને આખીને આખી સમાઈ ગઈ'તી તારામાં
તારો જ એક ભાગ થઈને રહી
જોડીને રાખ્યા તારા સાંધાઓ
સાચવ્યો તારા ઘાટને
તારા પ્રત્યેક હલનચલનની તાણને ખમી
મારાં માંસમાં, મજ્જામાં

આજે વર્ષો વીતી ગયાં છે
ક્યારેય નથી કર્યો કચવાટ
કે નથી થવા દીધો કચુડાટ.
બસ એક વ્યવસ્થા
જેને સાચવી છે આપણે
બસ એક સમજૂતી છે આ
આપણી વચ્ચેની.

જોકે
મને એ વાતની પણ છે પાક્કી સમજ
કે તું કદીયે નહીં કરે
મારો સંપૂર્ણ સ્વીકાર.

### ૪. એક ખીલીનું નિર્વાણ

બેવડી વળીને પડી છું
વાડાના ખૂણામાં
બાજુમાં ભીંતે ચડેલી જુઈ
સુકાયેલાં પાંદડાં ખેરવે મારા પર
થોડે દૂર પડ્યો છે કાટમાળ

તોર ઓસરી ગયો છે
આરપાર નીકળ્યાનો
અને ઊતરી ગયો છે થાક
ટટ્ટાર ખોડાઈને રહી તેનો.
જમ્બુરિયાએ ખેંચી
ત્યારે ચડી'તી કાળી તમ્મર
ઊતરી ગઈ છે તે તમ્મર પણ

મને ટાંગેલો ફોટો
તરડાઈને તૂટી ગયો છે ક્યારનો
બસ, મને બાઝ્યાં છે ક્યાંક ક્યાંક ટપકાં
બોરસલ્લીની સુગંધના.

ટાઢ તડકે ઓગળી રહી છું ધીમે
ઘેરો થતો જાય છે મારા કાટનો સિંદુરી રંગ
ભીનું ભીનું ઓસ ઝમી રહ્યું છે
અને
ઝીણું ઝીણું ઘેન ચડી રહ્યું છે મને.
◘

# એક કલાકારનું વ્યાકુળરૂપક
## (ચિત્રકાર જગદીપ સ્માર્ત માટે)
પીયૂષ ઠક્કર

૧
એ એકલો હોય છે ત્યારે
એની આંગળીઓ ફંફોસ્યા કરે વિસ્તૃત આકારો
ને મંડળીમાં હોય છે ત્યારે
એની આંખો ખોળ્યા કરે પોતાને

એ જે ઝડપથી આકારોને કૅન્વાસ પર ઉકેલે છે
એથીય વધારે ઝડપથી એ જ બધામાંથી અળગો થઈને
અધઊઘડ્યા આકારોને વલખતા મૂકીને
ચાલી નીકળે છે એક બીજા કૅન્વાસ તરફ

નિર્દય જણાતો એ ચિત્રકાર
એની એકલતામાં ફરીને, ફરી ફરીને
એક આકારોની સ્મૃતિમાં વ્યાકુળ બનતો
મમતથી, થાક્યા વિના, ફરીને ફંફોસ્યા કરે
એકલતાનો એ અમર્યાદ રાખોડિયો અવકાશ

૨
ક્યાંકથી કાગડો બોલે
એ નજરે પડે એ પહેલાં
એના પગ તળેના મહોરાની નિશ્ચલ વ્યાકુળતા ડારે
પાસેના નટમાં હકીકત અને નાટક વચ્ચેની અસમંજસ હોય
તો ત્યાં પેલી તરફ કોક ગણિકાની સાથળ પરથી
ઊતરતો સર્પ ફરીને બીજી સાથળ પર વીંટળાતો જણાય
સામે ઊભેલો પુરુષ ઉત્કટ આંખે એને જુએ
ભયના થડકારથી એના શ્વાસ છાતીમાં ધુમાય
ઉપર સાવ નિર્જીવ, નીરસ સૂત્રધાર
ઘસાઈ ગયેલી સૂર્ય-ચંદ્રની મહોરોને

બન્ને હાથમાં લટકાવીને અન્યમનસ્ક ખોડાયો હોય
એમાં જ ક્યાંકથી પોતાને સંકોરી ચાલતો પિપૂડીઓ વેચનારો
પિપૂડી વગાડતો જાય
ને આપણે કશું જ સાંભળી શકીએ નહીં.
આપણને થાય, થાય કે
કદાચને કશુંક કોક બોલે કે કૈંક હરફ કાને પડે
કશોક ક્યાંકથી પવન ફૂંકાય ને
આ ભૂલાં પડેલાં હતપ્રભ પાત્રો
ફરીને ચાલતાં થાય
ફરીને કોક નાટક નવું જ આરંભાય

-પણ, આમાં, આપણને આવું આવું તો કૈંકે થાય
ને બીજે બીજું કશું જ ના થાય.

૩

એણે કફની કોટે કવચની જેમ અપનાવી છે
ને ફ્રેંચ દાઢી કતરાવી છે
માથે શ્વેત-શ્યામ જુલફાંમાં એનાં હળવી કંઈક ખુમારી છે
આંખે ચઢાવેલાં ચશ્માંમાંથી ડોકાતી
બ્હાવરી નજરોને હજીય એણે બચાવી છે

આજ જુઓ તો પળમાં બાદશાહખાનનો તુમાર બતાવે
ને આમ જુઓ તો સાવ ગભરુ ભૂલો પડેલો
– એક ભલો માણસ બનીને આપણને પિગળાવે

ચિંતિત પિતા, પ્રેમાળ પતિ ને વાત્સલ્યભર્યો એ શિક્ષક
મિત્રોનાય પડછાયા સાચવે, પખાળે, ને છૂપા સંકેતોમાં
-સ્વપ્નોની આપ-લે કરે
ને આમ જુઓ તો સાવ એકલો, પોતાને જ મનાવે, આજીજી કરે
ફરીને એક નવું જ ચિત્ર આરંભે
કાગડો બેસે ને મહોરાનું મોઢું વકાસે....

-એ ચિત્રકાર રહ્યોને!

◘

## વગડો

**રાજેશ વણકર**

ઝાડની ક્યાં વાત કરો છો
આખો વગડો જ અમારો છે
એ લૂગડાં અમારાં
એને ઓઢી પાથરી પહેરી જીવીએ
એને ખાઈ પી ન્હાઇ ધોઈ જીવીએ
ને એટલે જ
એકાદ વેંત દાતણ તોડવું હોય ને
તોય માફી માગીએ છીએ બે હાથથી એ ઝાડની
ભોંય પર પેશાબ કરવો હોય તોય
એનો મંતર બોલીએ કે
મા માફ કરજે
કારણ એ જીવાડે છે ને જીવીએ છીએ
કદી ભૂખ્યા સૂવા દીધા નથી આ વગડે
કદી તરસ્યા રાખ્યા નથી આ નદીએ આ તળાવે
હા
પેલા પેન્ટમાં બુશટ ખોસીને ધસ્યા આવે છે ને ગાડીઓમાં
એ ભૂખે મારવાના છે
એ તરસ્યા રાખવાના છે
એ છોરાં ને ઢોરાં મેલાવવાના છે
એમ લાગે
અલ્યો તમે ફક્ત આ વગડાઉ માણસને બસ માણસ કહી દો ને
એટલે આખુંય પર્યાવરણ પર્યાવરણ
કારણ વગડો જ તો અમે છીએ
અમારાથી જ આ હર્યોભર્યો
ને ગાતો નાચતો લહેરાતો.
આ વગડો અમારો બાપ છે
એના ખોળે અમે ઉછર્યા છીએ
એનાં ડુંગરે ડુંગરે અમારા ઉઘાડા પગનાં છાલાંનાં નિશાન છે

ને એની વેલીઓએ વ્હાલથી ભુસ્યાનો અનુભવ છે
એમાં નાચ્યાં છીએ મનમૂકીને
જાણે વગડો ખભે બેસાડી નચાડે એમ
મ્હાલ્યા છીએ મેળા
ને ઉજવ્યા છે પીઠોરા
એનાં ઝરણાંએ હેતનાં અમરત પાયાં છે
અમારાં ઢોર બકરાંને એ નધણીયાતાં રેવા દેતો નથી
એના ગુંજતા કલશોરમાં અમે ઝબોળી છે જાતને
ટહુકે ટહુકે પોષ્યા છે શ્વાસને
પછી બધોય ભાર ધોઈ નાખ્યો છે એના હેલકારે હેલકારે
એણે કદી ભૂખ્યા રાખ્યા નથી અમને
અમારી શોષ પાડતી તરસને બુઝાવી છે આવતામાં
ગીતો આપ્યા છે ગાવા
કથાઓ આપી છે કહેવા
આકાશ આપ્યું છે હોંકારો પાડવા
ને ધરતી આપી છે નિરાંતે સાવ ખુલ્લાપણું જાળવવા
એ દર વખતે સાવ નવો થઈને
અમને પાળે પોષે છે યુગોથી
આ વગડો અમારો બાપ છે ખરો બાપ
એનાથી વિખુટા પાડવાનું પાપ ન કરતા કોઈ
નહિતર, એણે જ આપ્યાં છે કામઠાં, ભાથા ને ભાલા
વગડે અમને જીવવા નિરાંત આપી છે
તો ઝઝૂમવા હિંમત પણ આપી છે
પેલા જુગજૂના અડીખમ ડુંગર જેવી.
આખરે તો એ બાપ છે ને અમારો.

□

# કવિતા : બ્રેસ્ટ કેન્સરની

એષા દાદાવાળા

હવે મને
ગુલાબને સ્પર્શવાનું ગમતું નથી...
સ્પર્શું છું તો એની પાંદડીઓ કાંટાની જેમ ભોંકાય છે હથેળી પર
પછી હથેળી પર લોહી જામી ગયું હોય એવું
લાગ્યા કરે છે સતત...

બાલ્કનીના કૂંડામાં ઊગેલાં ગુલાબને જોઈને
ઘણીવાર ઝનૂન સવાર થઈ જાય મનમાં...
પછી જોરથી શ્વાસ ચાલવા માંડે
અને હું
કૂંડામાં ઊગેલાં બધાં જ ગુલાબને એક સામટાં તોડી નાખું
અંદરના રૂમમાં દોડી જઈ અરીસા સામે ઊભી રહું
શ્વાસ ચઢી જાય
પણ
જોરથી ચાલતા શ્વાસનો પડઘો પાડવાનું છાતી ભૂલી ગઈ હોય
એમ
સાવ સીધું સપાટ
એનાં જેવું જ
પ્રતિબિંબ
અરીસો પાડે
અને
હું હાથમાં પકડેલાં બધાં ગુલાબને મુઠ્ઠીમાં ભીંસી નાખું..!!

□

# ત્રિશંકુ

પ્રતિષ્ઠા પંડ્યા

શરીરને પોતાની ઇચ્છાઓ છે
પોતાનું મન છે
પોતાનું તદ્દન અલાયદું એક અસ્તિત્વ છે
શરીરની પોતાની,
મારાથી જુદી.
એક દુનિયા છે.

કોણ કહે છે એ મારા કહ્યામાં છે?

એકમેકને ઊલટી દિશામાં ખેંચતાં
પૂંઠથી જોડાયેલાં
જન્મજાત જોડકાં,
એકમેકની પ્રતિકૃતિ સમાં અમે
પ્રકૃતિમાં સાવ અળગાં –

એ જિદ્દી, સ્વચ્છંદ, ઉછાંછળું
ને હું સમજું, કહ્યાગરી, ઠરેલ.
હું એની આંખોમાં આંખ મેળવવા મથું
કે વાત કરી શકું
હું વાતોમાં એને વાળવા મથું
કે રસ્તો કરી શકું
હું રસ્તે એના હાથ ઝાલી દોરવા મથું
કે આગળ વધી શકું.
હું શરીરને છોડી જો આગળ વધવા મથું
તો કદાચ જીવી જાણી શકું

હું ત્રિશંકુ
અધવચ ઊંધી ના લટકું
જો શરીરનો, સ્વર્ગનો મોહ તજી શકું.

# સાડી

## દક્ષા પટેલ

લગ્નના આણામાં હોંશથી લીધેલી
મનગમતી સાડી
ઊભા ઊભા બે-ત્રણ પ્રસંગે જ પહેરેલી.
વર્ષો વીતતાં ગયાં
કબાટમાં પડી પડી એ સાડી જૂની થતી ગઈ,
પછી ઘરમાં પહેરવા કાઢી.
કાયાની સાથે એય જાણે ઘસાતી ચાલી.
સમય જતાં એમાંથી થેલીઓ બનાવી
પાલવમાંથી ચંપલના ઘોડાનો પડદો બનાવ્યો
અને બચેલી સાડીમાંથી ગાભા અને મસોતાં બનાવ્યાં
ગાભાથી ફર્નિચર અને ફરસ
ઘસાઈ ઘસાઈને ઊજળાં થતાં ગયાં
પણ સાથે સાથે જાત ઝાંખી થતી ચાલી.
રસોડામાં વપરાઈ વપરાઈને
મસોતાનાં ચીંથરાં થતાં ગયાં
પણ સાડીની મૂળ ભાત ભૂંસાઈ નહીં.
એ ગમતી સાડીનાં
ગાભા-મસોતાંય ચોખ્ખાં ધોઈ
તાર પર સુકાતાં.
એક વાર ચકરાવો લેતો નાનકડો દરજીડો આવ્યો.
સુકાતાં મસોતાંને
ચાંચ મારી મારીને, કાંતી કાંતીને
દોરાનો મુલાયમ ગોટો બનાવ્યો
અને પાસેના ઝાડ પર માળો ગૂંથ્યો.
થોડા દિવસોમાં એમાંથી
બચ્ચાં બહાર નીકળ્યાં.
અને પેલી સાડી જાણે ફરી જીવતી થઈ ગઈ.

□

# એક કાવ્ય

જયેશ ભોગાયતા

ઓછાયા બધા સંતાડી દઉં રેતીમાં
ભીનાં પગલાંની છાપ ઉડાવી દઉં હવામાં
નિતાંત છેડા વગરના પટ પર
આ કોણ ઊભું છે મારે માટે હવે?
સાવ જ ભૂલો પડી જાઉં એમ
આવ્યા કરે છે રસ્તાઓ એકસામટા
સર્પાકારે તો ક્યારેક વર્તુળાકારે
ઘેરાતા જાય છે આસપાસ
હવે બસ બે આંખો જ સુરક્ષિત છે
ગાત્રો ભળી ગયાં છે માટીમાં.
શ્વેત આકારમાં દેખાતો પવન
ભરી દઉં શ્વાસમાં
સાંકળ બધી ઓગાળી દઉં
રહે શેષ નિઃશબ્દતા
યાત્રા માટેનાં સાધનો બધાં વહાવી દઉં પ્રવાહમાં
હું થાઉં સાવ અજાણ્યો
ન મળે રસ્તો કે ન મળે સંકેત
બસ પ્રવાહ સંગાથે અમૂર્તમાં ઓગળી જાઉં.

◻

# મારી કામના
## હર્ષદ ત્રિવેદી

પથ્થર એ મારી કામના ક્યારેય હતી નહીં
પથ્થર એ મારી કામના છે.
કેમકે –
તમે આધિપત્યના જોરે
બધું જ બંધ કરી દીધું છે.
આપણાં લોહીમાં
એકલો અંગારવાયુ જ આવનજાવન કરે છે.
અંદરની હવા
બહાર નહીં જાય તોય જગતને નુકસાન નથી.
મને ચિંતા છે
બહારની હવા અંદર નથી આવતી એની
મને જોઈએ ખુલ્લું આકાશ.
મને જોઈએ ધોમધખતો તાપ.
મને જોઈએ વરસતો વરસાદ.
સુસવાટે વાતો પવન જોઈએ મને.
મારી તૈયારી ઘરમાં દફન થવાની નથી.
આ કાચઘરને –
અંદરથી તોડે એવો પથ્થર શોધું છું.
પથ્થર એ મારી કામના છે.
પથ્થર એ મારી કામના ક્યારેય હજો નહીં!

□

## ઉત્તરાયણ

### પન્ના ત્રિવેદી

ઉત્તરાયણની પૂર્વ સંધ્યાએ
પતંગના ભાગ પાડતી માએ
ગુલ્લા, સિતારાવાળી રંગબેરંગી પતંગોનો
ઢગલો કરતાં કહેલું :
‘લે, આ તારો ભાગ!’

આજે સમજાય છે મા
તેં
સદીઓ જૂના બંધિયાર રસોડામાં
એક કિશોરીના હાથમાંથી
ચીકીનો ગૉળ લઈ લઈ
જીવન આખુંય ભરી દીધું ગૉળની મીઠાશથી

આજે સમજાય છે મા
ત્યારે
તેં
પતંગ નહોતી આપી કેવળ
આપ્યું આખુંય આકાશ
ને દોરી? દોરી જ ક્યાં હતી?
એ તો હતી પાંખ!

◘

## મા

**કિરીટ દૂધાત**

મા
પ્રેમિકા જેટલી સુંદર નથી હોતી
અને
થોડી વૃદ્ધ પણ હોય છે.

આપણામાં જ્યારે
સમજણ આવી જાય છે ત્યારે
કહીએ છીએ
‘મા, તને કંઈ સમજણ નથી પડતી.’

પછી
મા કશું બોલતી નથી.
ચૂપચાપ ઘરના એક ખૂણામાં બેસીને
પોતાના વાથી પીડાતા
પગને પંપાળ્યા કરે છે.

પછી એક દિવસ
મા મરી જાય છે
અને આપણે
બે હાથ જોડીને કહી પણ શકતા નથી.
માફ કરી દેજે
મા.

સ્ત્રીઓનાં
બે સ્તનો વચ્ચેથી પસાર થતા
રાજમાર્ગ પર
દોડી દોડીને એક વાર
હાંફી જઈએ ત્યારે ઇચ્છા થાય છે

માના
વૃદ્ધ પડછાયામાં બેસીને આરામ કરવાની
ત્યારે ખ્યાલ આવે છે
મા તો મરી ગઈ છે
મા
જે પ્રેમિકા જેટલી સુંદર નહોતી.

□

## એક કાવ્ય
### સુસ્મિતા જોશી

તું આપ -
તારા સ્વપ્નની સિદ્ધ કરેલી
                અનન્ય કોઈ ક્ષણ.
સમુદ્રકિનારે છીપલાં વીણતાં વીણતાં
રેતીમાં અંકાયેલી પગલાંની છાપ.
ઘનઘોર વનમાં મૂકેલા
                એકાકી નિઃશ્વાસની ઉષ્ણતા.
તંદ્રાનાં કોતરોની
હિમશીલા શી ટાઢક.
વ્યક્ત
અવ્યક્ત
દત્ત
સંગૃહિત
બધું આપ.
મારું વિત્ત ખોઈ બેઠેલી
હું
જ્યારે ભેંકાર પથરાટોમાં
તારા માટે
જલતરંગની કંપનશીલ સૂરાવલિઓ
આકારિત કરવાનો પ્રારંભ કરું
તે ક્ષણે આપ.
કદાચ સઘળું અર્જિત કરી
તારું જ ગીત હું ગાઈ શકું.
મારી પાસે
હવે
મારું કોઈ ગીત
મારો કોઈ સ્વર
શેષ રહ્યાં નથી.

# ભૂરા પટ્ટાવાળું મારું ઘર
## ઇન્દુ જોશી

આકાશના વાદળી રંગથી
સહેજ આછા રંગવાળું
અને તેમાં બહુ ગાઢ નહિ
એવા ભૂરા રંગના પટ્ટાવાળું ઘર
મારું છે.
દૂર દૂર સુધી અમારી સોસાયટીમાં
કોઈનાય ઘરનો એવો રંગ નથી.
એકવાર
કોઈક કામવાળી જેવી લાગતી સ્ત્રીનો
મૉબાઇલ રણક્યો
મારા ઘર પાસેથી પસાર થતા –
તો તે કહે ફોન પર
કે પેલા ભૂરા પટ્ટાવાળું ઘર છે ને
તેની સામે ઊભી છું.
અમારા એમણે સાંભળ્યું
તો એયને હસું હસું થતા
આવ્યા અંદર
ને મને કહે કે
લોકો આપણા ઘરની
ઓળખાણ આપે છે,
તો મારુંય મોઢું
હસું હસું.
ને અગાસી પર બેસું
લગભગ પાંચેક વાગે સાંજે
ને કવિતા લખતી હોઉં
તો બીજે માળે આવેલી અગાસી પર
હોલાં ડોક હલાવતાં
પાળી પર ઠેકતા હોય ને

આજુબાજુથીયે
બીજા એક-બે જાતના પક્ષીઓના અવાજ
આવતા હોય ત્યારે
મને લાગે છે કે
હું થોડીક તો ઊંચાઈ પર છું જ.

□

## પંખી

**સિલાસ પટેલિયા**

દૂરાતિદૂર એ પંખી ઊડી આવી બેઠું
મારા ખભા પર, શાંત-મૌન!

છતાં એની આંખોમાંથી દૂરના દરિયાનાં મોજાં
ઘૂઘવતાં, એની કથા કહેતાં મારા ખભે
અથડાતાં'તાં...

એની બિડાયેલી પાંખોમાં ધોધમાર વરસાદ
કાળઝાળ તલવારધાર ઉનાળો ને હિમછાયો
શિયાળો –
મને એની યાત્રા કહેતા હતા

કોઈ ઋષિની વાણી જાણે વહેતી હતી
ને એમાં હું નિમગ્ન!
થોડી વાર આમ બેસી
એ ઊડી ગયું
છતાંય એ મારા ખભા પર જ છે!

## બાપુજી
### ઇલિયાસ શેખ

સીધી લીટીનું એકધારું
સમતોલ જીવીને,
બાપુજી હવે વૃદ્ધ થયા છે.

આરામ ખુરશીમાં બેઠા-બેઠા જ
એ પગ લંબાવી શકે અતળ પાતાળમાં,
'ને હાથ ફેલાવી શકે અનંત આકાશમાં,
એટલાં સમૃદ્ધ થયા છે.

હમણાં જ કપાવેલા
રેશમી - સફેદ વાળ,
ચમકી ઉઠ્યા છે સવારનાં તડકામાં.

કાળજીપૂર્વક
માવજત પામેલ બાલ-દાઢીમાં,
બાપુજીનો ચહેરો ખીલી ઉઠે છે,
તાજી મહેંદીના રંગ સમો.

રાતી - તપખીરી
ઇસ્લામી દાઢીને પસવારતાં બાપુજી,
હવે મથતા નથી,
ગીતા-કુરાન પરનાં ભાષ્યોને ઉકેલવા.

આઠ-આઠ દાયકાઓથી પ્રત્યેક શ્વાસે,
લીધા - છોડ્યા કરી છે,
લોબાન - ગુગળની જુગલગંધને.

ફેફસાં
છલોછલ ભરીને,
હોજરી
ખાલીખમ્મ કરીને,
બાપુજી પ્રબુદ્ધ થયા છે.

બાપુજીની ઘેરી
લીલી ઝાંયવાળી આંખ,
તાક્યા કરે છે ટગર-ટગર
અમારાં અજાણ્યા ચહેરાઓ.

ગંગાજળથી વજૂ કરીને,
બાપુજી પરિશુદ્ધ થયા છે.

બાંગ : મુલ્લાની હો કે કૂકડાની,
નાદ : ઝાલરનો હો કે નોબતનો,
બાપુજીને કોઈ ફરક પડતો નથી.

એમની ચેતનાનો ચેતસ
ઓળંગી ગયો છે હવે,
મંદિરની ધજાઓ, મસ્જીદનાં મિનારાઓ.

વિસ્મરણ.

યોગ છે કે રોગ?
શાપ છે કે વરદાન?
એ જે હોય તે.

વિના ગૃહત્યાગ કે પરાક્રમ,
વિના ભ્રમણ કે અતિક્રમણ,
સહજ આદરે
મહાભિનિષ્ક્રમણ.

એક ઇંચ પણ ખસ્યા વગર,
બાપુજી બુદ્ધ થયા છે.

સીધી લીટીનું એકધારું
સમતોલ જીવીને,
બાપુજી હવે વૃદ્ધ થયા છે.

□

## અંધારું શાહીનું

### વજેસિંહ પારગી

બેસી રહ્યો
રાતભર
પકડીને પેન
પણ
ન ચાંદ ઊગ્યો
કે
ન તારા ઊતર્યા
કાગળ પર

જોવું હતું
ચાંદરણું
શબદનું
પણ
જોવું પડ્યું
અંધારું
શાહીનું

# કોરો કાગળ

## લતા હિરાણી

સાવ કોરો કાગળ જોઈએ મારે
ને એમાં મારું સ્થાન
ને મારી દિશા
હું જ નક્કી કરું.
લીટીઓ દોરી આપે કોઈ
મારા રસ્તાની
એ વાત મને મૂળે જ અસ્વીકાર્ય
મારા શબ્દોને
કોઈ કહે એમ ખસવાનું
એટલું જ ચડવાનું કે ઉતરવાનું
મને મંજૂર નથી
એક પણ અક્ષર સીધી લીટી જેવો નથી
એક એક અક્ષર નોખો
એક એક માનવી અનોખો
પર્વત, શિખર, નદી, ઝરણાં, તરણાં
ઈશ્વરે એને ક્યાંય લીટીઓથી બાંધ્યા નથી
હું એટલે
મારામાં વહેતું ઝરણું
મારામાં ઉગતું તરણું
ને એમાંથી પ્રગટતા શબ્દો...

◻

## સિયાસત

### રાધિકા પટેલ

મારો પ્રેમી મને રાજા જેવો લાગે છે.
હું એને ધર્યા કરું છું
કીમતી રત્નો જેવી મારી કવિતાઓ;
ખાણમાં ઊતરવાના અનુભવ વિશે હું એને કહેતી નથી.
મારું દીધેલું ફૂલ સૂંઘતી વખતે એ
મને વાગેલા કાંટા વિશે વિચાર કરતો હશે કે કેમ?
શબરી જેવો આત્મવિશ્વાસ મને નથી;
મને ભાવતાં ફળ એને ના ભાવે તો એ ફેંકી પણ દે.
એ તો રાજા..!
મને ખબર નથી – હું જ્યાં રહું છું એ
દીવાનેઆમ છે કે દીવાનેખાસ?
રાજાએ જીતેલી રાણીઓ વિશે
મને કોઈ જ માહિતી નથી.
મેં મહાવતની જેમ મારા રાજા માટે
દુનિયાનો શ્રેષ્ઠ હાથી તૈયાર કર્યો છે.
મારો રાજા એ હાથી ઉપર સવાર થઈ લડવા જશે તો જીતી જ જશે.
એમાં મને કોઈ શંકા નથી!
તેમ છતાં, ભય તો લાગે છે :
જીત પછી એ જ્યારે પાછો આવશે ત્યારે
પોતાની સાથે લઈને આવશે–
જીતેલા નગરની રાજકુમારીઓ
અને બેસાડશે મારી સજાવેલી અંબાડી પર..!
વળી, આ નગરમાં ન્યાય જેવું કશું હોતું નથી–
એ હું જાણું છું.
□

# ॥ સંપાદકોનો પરિચય ॥

**૧. મણિલાલ હ. પટેલ :** ૯/૧૧/૧૯૪૯

ગોલાના પાલ્લા, લુણાવાડા, જિ. મહીસાગર, બા વગરના કુટુંબમાં. અભાવોની વચ્ચે વતનમાં ને મધવાસમાં શિક્ષણ લીધું. મોડાસા કૉલેજમાં આચાર્યશ્રી ધીરુભાઈનાં પ્રેમ-કાળજી તથા માર્ગદર્શનમાં તૈયાર થયા– ઘડાયા. 'ગુજરાતી કવિતામાં પ્રેમ નિરૂપણ' શોધ-નિબંધ પ્રકાશિત કર્યો. ૧૯૭૩થી ૧૯૮૭ ઈડર કૉલેજમાં અને ૧૯૮૭થી ૨૦૧૨ સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કરાવ્યું. અનેક છાત્રો તૈયાર કર્યા. ઉત્તમ અધ્યાપક તથા લોકપ્રિય વક્તા તથા સર્જક-વિવેચક તરીકે એમને બધા ઓળખે છે. આ સંદર્ભે એમને ૨૦૧૯નો ગુજરાત સાહિત્ય ગૌરવ પુરસ્કાર અપાયો છે.

કવિતા-વાર્તા-નવલ-નિબંધ-વિવેચનનાં ૭૫થી વધુ પુસ્તકો અને ૩૫ જેટલા સંપાદનો આપ્યાં છે. એમનાં સુખ્યાત પુસ્તકો છે : 'માટી અને મેઘ', 'રાતવાસો', 'ભૂંસાતાં ગ્રામચિત્રો', 'માટીવટો', 'ધૂળમાં ઉડતો મેવાડ', 'અંધારું', 'લલિતા', 'અંજળ', 'તરસી માટી', 'તરસ્યા મલકનો મેઘ', 'સર્જક રાવજી', 'કથા અને કલા', 'કર્તા અને કૃતિ', 'તોરણમાળ', 'ગામવટો', 'સાતમી ઋતુ.'

એમને ૩૦થી વધુ પારિતોષિક મળ્યાં છે. બે વાર તેઓ રાજ્ય સરકાર દ્વારા સન્માનિત થયા છે. નર્મદ ચંદ્રક, ધનજી કાનજી સુવર્ણચંદ્રક, સુરેશ જોષી નિબંધ પારિતોષિક, જોસેફ મેકવાન સાહિત્ય પુરસ્કાર, ઉમાશંકર જોશી વાર્તા પુરસ્કાર, ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક : પરિષદનાં ૭, અકાદમીનાં ૫ પારિતોષિક! દેશ-વિદેશમાં કાવ્યપઠન ઉપરાંત સેંકડો વ્યાખ્યાનો આપ્યાં છે. અનેક સંપાદનોમાં એમના લેખો તથા એમની રચનાઓ સ્થાન પામ્યાં છે.

**૨. ગિરીશ ડી. ચૌધરી :**

ગુજરાતીના વ્યાખ્યાતા છે. તેઓએ ગુજરાતી ટૂંકી વાર્તા વિશે સંશોધન કરીને પીએચ.ડી.ની પદવી મેળવેલી છે. એમને આદિવાસી સાહિત્યમાં રસ છે ને એમણે એ દિશામાં સંશોધન-સંપાદન-લેખન કરેલું છે. હાલ તેઓ પેટલાદની શ્રી આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક તરીકે સેવારત છે.